Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાનશ્રીકુંદકુંદકહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૧૭૪

ૐ

परमात्मने नमः

## સમન્તભદ્રાચાર્યદેવ પ્રણીત

# સ્તોત્ર-ત્રયી

૧. સ્વયંભૂ સ્તોત્ર—
૨. દેવાગમ–સ્તોત્ર અપરનામ આપ્તમીમાંસા
૩. વીરજિનગુણ કથા—અપરનામ યુક્ત્યનુશાસન

અનુવાદક
બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ

કિંમત રૂા. ૩–૦૦

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ–૩૬૪ ૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ પ્રત ૨૦૦૦
વીર સં. ૨૦૪૫ ઈ. સ. ૧૯૮૯

अध्यात्मयुग प्रवर्तक
पूज्य गुरुदेवश्री कानजीस्वामी
# जन्म-शताब्दी-महोत्सव
अन्तर्गत
श्री दि० जैन स्वाध्यायमन्दिर ट्रस्ट, (सोनगढ)
की ओरसे प्रकाशित

મુદ્રક
જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય સોનગઢ–364 250

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been donated in memory of their mother Laxmiben Premchand Shah by Rajesh & Jyoti Shah who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Stotratraiee is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 27 September 2007 | First electronic version |



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

# પ્રકાશકીય

ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે; અને તે વિપરીતાભિનિવેષ રહિત ભૂતાર્થ સ્વભાવના ગ્રહણપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન થતાં થાય છે. સમ્યક્ત્વ થતાં 'હું સિદ્ધ સમાન શુદ્ધ છું' એવું દૃઢ શ્રદ્ધાન થાય છે, તે સાથે, પોતાની વર્તમાન દશા તો અપૂર્ણ–અશુદ્ધતામય છે, એવું જ્ઞાન હોવાથી, સમ્યગ્દષ્ટિને સહેજે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિની સાહૃદય ભાવના હોય છે. અવિરતિ ધર્માત્મા તો શું? મુનિરાજને પણ આવો ભાવ આવે છે. આમ 'સમ્યગ્દર્શન' અને 'સમકિતીના સહજ પરિણમન વિષે આ યુગમાં જે કાંઈ સ્પષ્ટતા થયેલ દેખાય છે, તે સર્વ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનિત પ્રતાપે જ છે. વળી આજે પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રદર્શિત જે સ્વાનુભવપ્રધાન અધ્યાત્મમાર્ગ વૃદ્ધિંગત સ્થિતિમાં છે તે તેમના પરમભક્ત સ્વાનુભવપરિણત પૂ. બહેનશ્રી ચંપાબેનના સુપ્રતાપે છે.

વળી આવા જ્ઞાની ધર્માત્માઓનું આવું જીવન પ્રાચીન આચાર્યોની રચનાઓ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે. તે પૈકીના દિગ્ગજ–જૈનાચાર્ય શ્રી સમન્તભદ્રાચાર્ય જેવા મહાન આચાર્ય ભગવંત પણ આત્મિક રત્નત્રયરૂપ પ્રગાઢ શુદ્ધતામાં મહાલતા હતા; તે સાથે ભક્તિનો ઉમળકો પણ તેમને એવો જ હતો, જાણે ભગવાનની સ્તુતિ કરવાનું તેમને વ્યસન ન હોય! તેમણે તેમના જીવનકાળમાં ઘણું સ્તુતિ–સાહિત્ય રચ્યું છે. તેમાંથી ત્રણ સ્તોત્રો (૧. સ્વયંભૂસ્તોત્ર, ૨. દેવાગમસ્તોત્ર અપરનામ આપ્તમીમાંસા, ૩. વીર-જિન-ગુણકથા અપરનામ યુક્ત્યનુશાસન) ગુજરાતી અર્થ સહિત પ્રથમ વાર જ 'સમન્તભદ્ર આચાર્યદેવ પ્રણીત સ્તોત્ર–ત્રયી' ના નામે પ્રકાશિત કરતાં અતિ હર્ષ થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી શાંતિવીર દિ. જૈન સંસ્થાન, મહાવીરજી (રાજ.) થી છપાયેલ સ્વયંભૂસ્તોત્રના અન્વયાર્થના આધારે સ્વયંભૂ સ્તોત્ર, શ્રી ગણેશવર્ણી દિ. જૈન સંસ્થાન, બનારસથી છપાયેલ આપ્તમીમાંસાના અર્થના આધારે દેવાગમ સ્તોત્ર, અને વીર-સેવા-મંદિરથી છપાયેલ યુક્ત્યનુશાસનના આધારે શ્રી વીરજિનગુણકથા—આમ આ ત્રણેય સ્તોત્રનો ગુજરાતી અનુવાદ આ પુસ્તકમાં મુદ્રણ કરવામાં આવ્યો છે.

આ અનુવાદ વ્રજલાલ ગિરધરલાલ શાહે તદ્દન નિસ્પૃહભાવે, માત્ર દેવ-ગુરુ-ધર્મની ભક્તિથી પ્રેરાઈને, કરી આપેલ છે, તે બદલ ટ્રસ્ટ તેમનું આભારી છે.

શ્રી કહાન મુદ્રણાલયે આ પુસ્તકનું સુંદર મુદ્રણ કરી આપ્યું છે, તે બદલ ટ્રસ્ટ તેમનું આભારી છે.

અન્તમાં આ 'સ્તોત્ર-ત્રયી'ના સ્વાધ્યાયથી સર્વ જીવો દેવ-ગુરુ-ધર્મની ભક્તિમય આ સ્તોત્રોમાં દર્શાવેલ તત્ત્વસ્વરૂપને સમજી યથાર્થ શ્રદ્ધાને પામો એવી ભાવના.

શ્રુતપંચમી
જે. શુ. ૫, વિ. સં. ૨૦૪૫
તા. ૮-૬-૮૯

પ્રકાશનસમિતિ—
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-364 250

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રસ્તાવના

સ્વામી સમન્તભદ્ર આચાર્યનું સ્થાન દિગંબર જૈન શાસનમાં ખૂબ આગળ પડતું છે. જેમ કુન્દકુન્દાચાર્યદેવે સમયસાર, પંચાસ્તિકાય અને પ્રવચનસારમાં અધ્યાત્મવિદ્યા પ્રગટ કરી છે તેમ સમન્તભદ્રાચાર્યે સ્વયંભૂસ્તોત્ર. આપ્તમીમાંસા અને યુક્ત્યનુશાસનમાં સ્તુતિવિદ્યા, ન્યાય, દર્શન આદિ જૈનધર્મનું હાર્દ પ્રગટ કર્યું છે.

પ્રસ્તુત સ્તોત્ર-ત્રયીના રચયિતા સ્વામી સમંતભદ્રાચાર્ય પોતાના સમયના સર્વોપરિ પ્રતિભાશાળી વિદ્વાન હતા. તેઓ કવિ, ગમક, વાદી અને વાગ્મિ હતા. આદ્ય સ્તુતિકાર અને દાર્શનિક અગ્રણી હતા. તેમના રચેલા સ્તોત્રોમાં ભક્તિરસ ઠાંસો ઠાંસ ભર્યો છે તોપણ તેનું લક્ષ્ય ભોગોપભોગની પ્રાપ્તિનું નથી તેથી જ આ સ્તોત્રના અધ્યયનથી આંતરિક શુદ્ધિ વધે છે.

સ્વામી સમન્તભદ્રની પ્રશંસા તેમના અનુગામી પૂજ્યપાદ આચાર્ય, વિદ્યાનંદી સ્વામી, અકલંકદેવ, ભગવદ્ જિનસેનાચાર્ય, વાદિભરાજ વગેરે અનેક આચાર્યોએ ખૂબ પ્રસન્નતા અને ગુણજ્ઞતાથી કરી છે. વિક્રમની બીજી કે ત્રીજી શતાબ્દિમાં તેઓ આ ભારતભૂમિને શોભાવતા હતા.

આ સંકલનમાં તેઓશ્રીના ત્રણ સ્તોત્રોના મૂળ શ્લોક, હિન્દી પદ્યાનુવાદ (જે સ્તોત્રનું ઉપલબ્ધ બન્યું તે) અને ગુજરાતી અનુવાદ આપવામાં આવ્યા છે. બૃહત્ સ્વયંભૂ સ્તોત્ર અથવા ચતુર્વિંશતિ જિનસ્તોત્રમાં ઋષભાદિ ચોવીશ ભગવાનની સ્તુતિ છે. આ સ્તોત્રોમાં કેવળ ભક્તિગાન નથી પરંતુ તેમાં ચારે અનુયોગોનો સાર સમાવિષ્ટ છે. તેમાં તીર્થંકરોના જીવનની ઘટનાઓનું વર્ણન પણ છે અને કેટલાકમાં જૈનધર્મના સિદ્ધાંત અને દર્શનનું વિવેચન પણ છે.

આપ્તમીમાંસામાં આપ્તનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તેની પરીક્ષા કરવામાં આવી છે. આચાર્ય સમન્તભદ્ર સ્વામીએ આ કૃતિનું નામ 'આપ્તમીમાંસા' બતાવ્યું છે. અકલંકદેવ સ્વામીએ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એને 'સર્વજ્ઞ–વિશેષ–પરીક્ષા' એવું નામ આપ્યું છે. એનું બીજું નામ 'દેવાગમ-સ્તોત્ર' પણ છે. ભક્તામર, કલ્યાણમંદિર, એકીભાવ આદિ સ્તોત્ર આદ્ય પદોથી પ્રારંભ થવાને કારણે તે નામોથી પ્રસિદ્ધ છે તેવી જ રીતે 'દેવાગમ' આ પદથી પ્રારંભ થવાથી આ કૃતિ દેવાગમ નામથી પ્રસિદ્ધિ છે. આપ્તમીમાંસા દશ પરિચ્છેદોમાં વિભક્ત છે અને તે વિષય વિભાજનની દૃષ્ટિથી છે. આ રચના પદ્યમાં દાર્શનિક શૈલીમાં કરવામાં આવી છે. એ સમયમાં દાર્શનિક રચનાઓ પદ્યમાં ઇષ્ટદેવની સ્તુતિરૂપે કરવામાં આવતી.

યુક્ત્યનુશાસનનું બીજું નામ વીરજિનસ્તોત્ર છે. સમન્તભદ્ર સ્વામીએ અખિલ તત્ત્વની સમીક્ષા કરીને શ્રી વીરજિનેન્દ્રના નિર્મળ ગુણોના સ્તોત્રરૂપે આ 'યુક્ત્યનુશાસન' ની રચના કરી છે. આચાર્યદેવે વીરશાસનને 'સર્વોદયતીર્થ' નું પદ આપ્યું છે. આ શાસન પ્રત્યે દ્વેષ રાખનાર મનુષ્ય પણ જો સમાધાનની દૃષ્ટિથી તેનું અવલોકન અને પરીક્ષણ કરે તો અવશ્ય તેનું માન ખંડિત થઈ જાય છે અને તે અભદ્ર–મિથ્યાદૃષ્ટિ હોવા છતાં સમન્તભદ્ર–બધી રીતે ભદ્રરૂપ –સમ્યગ્દૃષ્ટિ બની જાય છે એવી ખૂબીથી આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

આ ત્રણે સ્તોત્રોના ગુજરાતી અનુવાદમાં 'શ્રી બૃહત્સ્વયંભૂ સ્તોત્ર'ના હિન્દી ભાવાર્થ લેખક પં. શ્રેયાંસકુમારજી જૈન, પં. પન્નાલાલજી સાહિત્યાચાર્ય, સાગર, પ્રોફેસર ઉદયચંદ્ર જૈન, બનારસ, (આપ્તમીમાંસા ઉપર તત્ત્વદીપિકાના લેખક), યુક્ત્યનુશાસનના હિન્દીમાં અનુવાદક અને પરિચાયક જુગલકિશોર મુખ્તાર 'યુગવીર' નો આધાર અને સહાય લેવામાં આવ્યા છે. તે સૌનો આભાર માનવામાં આવે છે.

આ સ્તોત્રોની સ્વાધ્યાય કરીને આપણી આંતરિક શુદ્ધિ કરીએ એ ભાવના છે.

—*—

— અનુવાદક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અનુક્રમણિકા

| | પૃષ્ઠ |
|---|---|
| ૧. સ્વયંભૂ-સ્તોત્ર | ૧ |
| ૨. દેવાગમ-સ્તોત્ર અપરનામ આપ્તમીમાંસા | ૭૦ |
| ૩. વીરજિનગુણકથા અપરનામ યુક્ત્યનુશાસન | ૯૯ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

श्री परमात्मने नमः ।

## શ્રી સમંતભદ્રાચાર્ય વિરચિત

# સ્વયંભૂ-સ્તોત્ર

## ૧. શ્રી આદિનાથ-સ્તુતિ

( વંશસ્થ )

**स्वयम्भुवा भूतहितेन भूतले, समञ्जस-ज्ञान-विभूति चक्षुषा ।**
**विराजितं येन विधुन्वता तमः, क्षपाकरेणेव गुणोत्करैः करैः ॥१॥**

( હિન્દી પદ્યાનુવાદ : ગીતા છંદ )

જો હુએ હૈં અરહંત આદી, સ્વયં બોધ સમ્હારકે,
પરમ નિર્મલ જ્ઞાનચક્ષુ, પ્રકાશ ભવતમ હારકે;
નિજ પૂર્ણ ગુણમય વચન કરસે, જગ અજ્ઞાન મિટા દિયા,
સો ચંદ્ર સમ ભવિ જીવ હિતકર, જગતમાંહિ પ્રકાશિયા. ૧.

અર્થ:—જે સ્વયંભૂ હતા—બીજાના ઉપદેશ વિના મોક્ષમાર્ગને જાણીને તથા તેનું પાલન કરીને અનન્તચતુષ્ટયસ્વરૂપ થયા હતા, પ્રાણીઓનું હિત કરનાર હતા, સમ્યગ્જ્ઞાનની વિભૂતિરૂપ નેત્રના ધારક હતા અને ગુણોના સમૂહથી યુક્ત વચનો દ્વારા ( પ્રાણીઓના ) અજ્ઞાનાંધકારનો નાશ કરતા, પૃથ્વીતલ પર ( રાત્રિના ) અંધકારને દૂર કરતા ચંદ્રની જેમ શોભતા હતા. ૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रजापतिर्यः प्रथमं जिजीविषूः, शशास कृष्यादिषु कर्मसु प्रजाः ।
प्रबुद्धतत्त्वः पुनरद्भुतोदयो, ममत्वतो निर्विविदे विदांवरः ॥२॥

સો પ્રજાપતિ સો પ્રથમ જિસને, પ્રજાકો ઉપદેશિયા,
અસિ કૃષિ આદી કર્મસે, જીવન ઉપાય બતા દિયા;
ફિર તત્ત્વજ્ઞાની પરમવિદ, અદ્ભુત ઉદય ધર્તારને;
સંસાર ભોગ મમત્વ ટાલા, સાધુ સંયમ ધારને. ૨.

અર્થ:—જે પ્રથમ પ્રજાપતિ હતા, જેમણે કર્મભૂમિના પ્રારંભમાં જીવવાની ઇચ્છા રાખનાર લોકોને કૃષિ આદિ (કૃષિ, અસિ, મસિ, વિદ્યા, શિલ્પ, વાણિજ્ય) છ કર્મોનું શિક્ષણ આપ્યું હતું, પછી હેય-ઉપાદેય તત્ત્વને સારી રીતે જાણીને, આશ્ચર્યકારક આત્મોન્નતિ કરીને, તત્ત્વજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ઋષભનાથ મમત્વભાવથી—પ્રજા, કુટુંબીજનો, શરીર અને ભોગોની આસક્તિથી વિરક્ત થઈ ગયા. ૨.

विहाय यः सागर-वारि-वाससं, वधूमिवेमां वसुधा-वधूं सतीम् ।
मुमुक्षुरिक्ष्वाकु-कुलादिरात्मवान्, प्रभुः प्रवव्राज सहिष्णुरच्युतः ॥३॥

ઇન્દ્રિયજયી, ઇક્ષ્વાકુવંશી મોક્ષકી ઇચ્છા કરે,
સો સહનશીલ સુગાઢ વ્રતમેં સાધુ સંયમકો ધરે;
નિજ ભૂમિ મહિલા ત્યાગ દી જો થી સતી નારી સમા,
યહ સિંધુ જલ હૈ વસ્ત્ર જિસકા ઔર છોડી સબ રમા. ૩.

અર્થ:- જે મોક્ષના અભિલાષી હતા, જિતેન્દ્રિય હતા, સામર્થ્યવાન અથવા સ્વતંત્ર હતા, ઉપસર્ગ—પરિષહોને સહન કરવામાં સમર્થ હતા, લીધેલા વ્રત—નિયમોમાં અચલ રહેનાર હતા અને જે ઇક્ષ્વાંકુલના આદિ પુરુષ હતા, તેમણે પતિવ્રતા સ્ત્રીની જેમ સમુદ્રના જળરૂપી વસ્ત્રને ધારણ કરનારી—સમુદ્રપર્યંત ફેલાયેલી પૃથ્વી રૂપી સ્ત્રીનો ત્યાગ કરીને દીક્ષા ધારણ કરી હતી. ૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**स्वदोषमूलं स्वसमाधितेजसा, निनाय यो निर्दयभस्मसात्क्रियाम् ।**
**जगाद तत्त्वं जगतेऽर्थिनेऽञ्जसा, बभूव च ब्रह्मपदाऽमृतेश्वरः ॥४॥**

**નિજ ધ્યાન અગ્નિ પ્રભાવસે રાગાદિ મૂલક કર્મકો,**
**કરુણા વિગર હૈં ભસ્મ કીને ચાર ઘાતી કર્મકો;**
**અરહંત હો જગપ્રાણિ હિત સત્ તત્ત્વકા વર્ણન કિયા,**
**ફિર સિદ્ધ હો નિજ બ્રહ્મપદ અમૃતમઈ સુખ નિત પિયા. ૪.**

**અર્થ :-** જેમણે પોતાના કામ ક્રોધાદિ સમસ્ત દોષોના મૂળ કારણ—ચાર ઘાતિયા કર્મોને પોતાના શુકલધ્યાન રૂપી અગ્નિ દ્વારા નિર્દયતા પૂર્વક ભસ્મીભૂત કર્યા હતા તથા જેમણે આત્મકલ્યાણના અભિલાષી પ્રાણીઓને જીવાદિ તત્ત્વોનું વાસ્તવિક સ્વરૂપ બતાવ્યું અને અંતે જે મોક્ષસ્થાનના અવિનાશી—અનંત સ્વામી બન્યા. ૪.

**स विश्वचक्षुर्वृषभोऽर्चितः सतां, समग्रविद्यात्मवपुर्निरञ्जनः ।**
**पुनातु चेतो मम नाभिनन्दनो, जिनोऽजितक्षुल्लकवादिशासनः ॥५॥**

**જો નાભિનન્દન વૃષભ જિન સબ કર્મમલસે રહિત હૈં,**
**જો જ્ઞાન તન ધારી પ્રપૂજિત સાધુજન કર સહિત હૈં;**
**જો વિશ્વલોચન લઘુ મતોંકો જીતતે નિજ જ્ઞાનસે,**
**સો આદિનાથ પવિત્ર કીજે આત્મ મમ અઘ ખાનસે. ૫.**

**અર્થ :-** જે કેવળજ્ઞાન રૂપી ચક્ષુના ધારક છે, જે ઇન્દ્ર ગણધરાદિ સત્પુરુષો દ્વારા પૂજિત છે, જે ધર્મથી સુશોભિત છે, કેવળજ્ઞાન રૂપ પૂર્ણ વિદ્યા જ જેમના આત્માનું શરીર છે, કર્મ-મળથી સર્વથા રહિત પવિત્ર છે, જે ચૌદમા કુલકર નાભિરાજાના પુત્ર છે, કર્મરૂપી શત્રુઓને જિતનાર છે, જેમનું શાસન સર્વથા એકાન્ત પક્ષનું પ્રતિપાદન કરનાર અલ્પજ્ઞાની વાદીઓ દ્વારા અજેય છે તે વૃષભનાથ ભગવાન મારા ચિત્તને પવિત્ર કરો—રાગાદિ વિકારી ભાવોથી રહિત કરી નિર્મળ બનાવો. ૫.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૨. શ્રી અજિતનાથ–સ્તુતિ

(ઉપજાતિ છંદ)

**यस्य प्रभावात् त्रिदिवच्युतस्य, क्रीडास्वपि क्षीवमुखारविन्दः।**
**अजेय शक्तिर्भुवि बन्धुवर्ग, श्वकार नामाऽजित इत्यवन्ध्यम् ॥१–६॥**

(માલિની છંદ)

દિવસે પ્રભુ આકર જન્મ જબ માત લીના,
ઘરકે સબ બંધુ મુખ કમલ હર્ષ કીના;
ક્રીડા કરતે ભી જિન વિજય પૂર્ણ પાઈ,
અજિત નામ રકખા જો પ્રગટ અર્થદાઈ. ૧–૬.

અર્થ:—જે સ્વર્ગમાંથી અવતીર્ણ થયા હતા, જેમના પ્રભાવથી તેમના કુટુંબીજનોના મુખ તેમની બાલક્રીડાઓમાં પણ હર્ષોન્મત્ત થઈ જતાં હતાં, જેમના પ્રભાવથી તે બંધુવર્ગ પૃથ્વી ઉપર અજેય શક્તિનો ધારક બની જતો હતો અને તેથી તેમણે તેમનું ‘અજિત’ એવું સાર્થક નામ પાડયું હતું. ૬.

**अद्यापि यस्याजितशासनस्य, सतां प्रणेतुः प्रतिमङ्गलार्थम् ।**
**प्रगृह्यते नाम परं पवित्रं, स्वसिद्धिकामेन जनेन लोके ॥२–७॥**

અબ ભી જગ લેતે નામ ભગવત્ અજિતકા.
સત્ શિવમગદાતા વર અજિત તીર્થંકરકા;
મંગલ કર્તા હૈ પરમશુચિ નામ જિનકા,
નિજ કારજકા ભી લેત નિત નામ ઉનકા. ૨–૭.

અર્થ:—જેમનું શાસન સર્વથા એકાંતવાદીઓ દ્વારા અજેય હતું અને જેઓ સત્પુરુષોના પ્રધાન નાયક હતા, તે શ્રી અજિતનાથ ભગવાનનું અત્યંત પવિત્ર નામ આજે પણ (અસંખ્યાત કાળ વીતી જવા છતાં પણ) આ લોકમાં પોતાના મનોરથોની સિદ્ધિ માટે જનસમૂહ દ્વારા પ્રત્યેક મંગલ માટે આદરપૂર્વક લેવામાં આવે છે. ૨–૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यः प्रादुरासीत्प्रभुशक्तिभूम्ना, भव्याशयालीनकलङ्कशान्त्यै ।
महामुनिर्मुक्तघनोपदेहो, यथारविन्दाभ्युदयाय भास्वान् ॥३-८॥

જિમ સૂર્ય પ્રકાશે, મેઘદલકો હટાકર,
કમલવન પ્રફુલ્લેં, સબ ઉદાસી ઘટાકર;
તિમ મુનિવર પ્રગટે, દિવ્ય વાણી છટાકર,
ભવિગણ આશયગત, મલ કલંકં મિટાકર. ૩-૮.

અર્થ :- જ્ઞાનાવરણાદિ કર્મોના આવરણથી રહિત જે મહામુનિ (અજિતનાથ ભગવાન) જગતનો ઉપકાર કરવામાં સમર્થ દિવ્ય-વાણીના માહાત્મ્યથી ભવ્યજનોના હૃદયમાં સંલગ્ન અજ્ઞાનાદિ દોષ અથવા તેના કારણભૂત જ્ઞાનાવરણાદિ કર્મકલંકના નાશ માટે પ્રગટ થયા હતા કે જેમ વાદળોના આવરણ રહિત સૂર્ય કમળોના વિકાસ માટે પ્રગટ થાય છે. ૩-૮.

येन प्रणीतं पृथुधर्मतीर्थं, ज्येष्ठं जनाः प्राप्य जयन्ति दुःखम् ।
गाङ्गं ह्रदं चन्दनपङ्कशीतं, गजप्रवेका इव घर्मतप्ताः ॥४-९॥

જિસને પ્રગટાયા, ધર્મ ભવ પાર કર્તા,
ઉત્તમ અતિ ઊંચા, જાન જન દુઃખ હરતા;
ચંદન સમ શીતલ, ગંગ હૃદમેં નહાતે,
બહુ ધામ સતાએ, હસ્તિવર શાંતિ પાતે. ૪-૯.

અર્થ :- જેમણે મહાન અને શ્રેષ્ઠ ધર્મનું પ્રતિપાદન કર્યું. તે ધર્મતીર્થનો આશ્રય લઈને ભવ્ય જીવો સંસાર પરિભ્રમણના દુઃખથી મુક્ત થઈ જાય છે જેવી રીતે ગ્રીષ્મ ઋતુની તીવ્ર ગરમીના દુઃખથી પીડિત મોટા મોટા હાથીઓ ચંદનના લેપ સમાન શીતલ ગંગા નદીના અગાધ જંગલમાં પ્રવેશીને સૂર્યના તાપથી ઉત્પન્ન દુઃખને જીતી લે છે. ૪-૯.

स ब्रह्मनिष्ठः सममित्रशत्रुर्विद्याविनिर्वान्तकषायदोषः ।
लब्धात्मलक्ष्मीरजितोऽजितात्मा, जिन-श्रियं मे भगवान् विधत्ताम् ।५-१०

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિજ બ્રહ્મ રમાની, મિત્ર શત્રૂ સમાની,
લે જ્ઞાન કૃપાની, રોષાદિ દોષ હાની;
લહિ આતમ લક્ષ્મી, નિજવશી જિતકર્મા,
ભગવન્ અજિતેશ, દીજિએ શ્રી સ્વશર્મા. ૫-૧૦.

અર્થ :- જે શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત છે, જેમને મિત્ર અને શત્રુ સમાન છે, જેમણે સમ્યગ્જ્ઞાન દ્વારા ક્રોધાદિ કષાયો તથા સર્વદોષોનો નાશ કર્યો છે, જેમણે અનંત જ્ઞાનાદિરૂપ આત્મ-લક્ષ્મી પ્રાપ્ત કરી લીધી છે, જેમણે પોતાના ઉપર વિજય મેળવ્યો છે એવા તે અજિતનાથ ભગવાન મને અનંત જ્ઞાનાદિ સ્વરૂપ વિભૂતિ આપો. ૫-૧૦.

## ૩. શ્રી સંભવજિન-સ્તુતિ

( ઇન્દ્રવજ્રા છંદ )

त्वं शम्भवः संभवतर्षरोगैः संतप्यमानस्य जनस्य लोके ।
आसीरिहाकस्मिक एव वैद्यो, वैद्यो यथानाथरुजां प्रशान्त्यै ।।१–११।।

( ભુજંગપ્રયાત છંદ )

તુહી સૌખ્યકારી, જગતમેં નરોંકો,
કુતૃષ્ણા મહાવ્યાધિ, પીડિત જનોંકો;
અચાનક પરમ વૈદ્ય હૈ, રોગહારા,
યથા વૈદ્યને દીનકા રોગ ટારા. ૧-૧૧.

અર્થ:—હે ભગવાન્! આપનાથી ભવ્ય જીવોને સુખ પ્રાપ્ત થાય છે તેથી આપ 'શંભવ' એવું સાર્થક નામ ધારણ કરો છો, આપ આ સંસારમાં સંસારસંબંધી ભોગ તૃષ્ણારૂપ રોગોથી સંતપ્ત જનોને માટે ફળની અપેક્ષા રહિત વૈદ્ય જ છો જેમ અશરણ મનુષ્યોના રોગોની શાંતિ માટે કોઈ ધનાદિની ઇચ્છારહિત ચતુર વૈદ્ય આવી મળે છે. ૧-૧૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अनित्यमत्राणमहंक्रियाभिः प्रसक्तमिथ्याऽध्यवसायदोषम् ।
इदं जगज्जन्मजरान्तकार्तं, निरञ्जनां शांतिमजीगमस्त्वम् ॥२–१२॥

દશા જગ અનિત્યં, શરણ હૈ ન કોઈ
અહં મમમઈ દોષ, મિથ્યાત્વ વોઈ,
જરા જન્મ મરણં, સદા દુઃખ કરે હૈ,
તુહી ટાલ કર્મં, પરમ શાંતિ દે હૈ. ૨–૧૨.

અર્થ :—આ દેખાતું જગત્ અનિત્ય છે, અશરણ છે, અહંકાર અને મમકાર બુદ્ધિની ક્રિયાઓથી સંલગ્ન મિથ્યા અભિપ્રાયના દોષથી દૂષિત છે તથા જન્મ-જરા-મૃત્યુથી પીડિત છે, એવા આ જગતને હે સંભવનાથ ભગવાન ! આપે કર્મકલંકરહિત મુક્તિરૂપ શાંતિની પ્રાપ્તિ કરાવી છે. ૨–૧૨.

शतहृदोन्मेष–चलं हि सौख्यं, तृष्णामयाप्यायनमात्रहेतुः ।
तृष्णाभिवृद्धिश्च तपत्यजस्रं तापस्तदायासयतीत्यवादीः ॥३–१३॥

ખવિજલી સમ ચંચલં, સુખવિષયકા,
કરે વૃદ્ધિ તૃષ્ણામઈ, રોગ જિયકા;
સદા દાહ ચિત્તમેં, કુતૃષ્ણા બઢાવે,
જગત દુઃખ ભોગે, પ્રભુ હમ બતાવે. ૩–૧૩.

અર્થ :—નિશ્ચયથી ઇન્દ્રિયજન્ય સુખ વીજળીના ચમકારા જેવું ચંચળ છે, તૃષ્ણારૂપી રોગની પુષ્ટિમાત્રનું જ કારણ છે અને તૃષ્ણાની અભિવૃદ્ધિ નિરંતર સંતાપ ઉત્પન્ન કરે છે તથા તે તાપ આ જગતને અનેક ક્લેશોની પરંપરાથી પીડ્યા કરે છે એમ આપે કહ્યું હતું. ૩–૧૩.

बन्धश्च मोक्षश्च तयोश्च हेतू, बद्धश्च मुक्तश्च फलं च मुक्तेः ।
स्याद्वादिनो नाथ तवैव युक्तं, नैकान्तदृष्टेस्त्वमतोऽसि शास्ता ॥४–१४॥

જુ હૈ મોક્ષ બન્ધં, વ હૈ હેતુ ઉનકા,
બંધા અર ખુલા જિય, ફલં જો છુટનકા;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભૂ સ્યાદ્વાદી, તુમ્હીં ઠીક કહતે,
ન એકાંત મતકે, કભી પાર લહતે. ૪-૧૪.

અર્થ :- હે સ્વામી ! બંધ, મોક્ષ, બંધ અને મોક્ષના હેતુ, કર્મોથી બંધાયેલો અને છૂટનારો જીવ તથા મુક્તિનું ફળ.... આ બધું અનેકાન્તમતથી નિરૂપણ કરનાર આપના મતમાં જ યથાર્થ હોય છે, એકાન્ત દૃષ્ટિ રાખનારાઓના મતમાં નહિ તેથી આપ જ તત્ત્વના યથાર્થ ઉપદેષ્ટા છો. ૪-૧૪.

शक्रोऽप्यशक्तस्तवपुण्यकीर्तेः, स्तुत्यां प्रवृत्तः किमु मादृशोऽज्ञः ।
तथापि भक्त्या स्तुत-पाद-पद्मो, ममार्य देया शिवतातिमुच्चैः ।५-१५।

જહાં ઇન્દ્ર ભી હારતા, ગુણ કથનમેં,
કહાં શક્તિ મેરી તુઝી થુતિ કરનમેં;
તદપિ ભક્તિવશ પુણ્ય યશગાન કરતા,
પ્રભુ દીજિયે નિત શિવાનન્દ પરતા. ૫-૧૫.

અર્થ :- હે આર્ય ! (સંભવનાથ જિનેન્દ્ર !) પવિત્ર યશ, પવિત્ર વાણી અને પુણ્યવર્ધક સ્તુતિ યુક્ત આપની સ્તુતિમાં પ્રવૃત્ત થયેલ અવધિજ્ઞાની અને સમસ્ત શ્રુતના ધારક ઇન્દ્ર પણ જ્યાં અસમર્થ બને છે તો મારા જેવો અજ્ઞાની પુરુષ કેવી રીતે સમર્થ થઈ શકે ? આમ હોવા છતાં પણ તીવ્ર અનુરાગથી આપના ચરણ-કમળની મેં સ્તુતિ કરી છે તેથી મને ઉત્કૃષ્ટ યથાર્થ સુખની પરંપરાનું પ્રદાન કરો. ૫-૧૫.

## (૪) શ્રી અભિનન્દનજિન-સ્તુતિ

( વંશસ્થ છંદ )

गुणाभिनन्दादभिनन्दनो भवान्, दयावधूं क्षान्तिसखीमशिश्रियत् ।
समाधितन्त्रस्तदुपोपपत्तये, द्वयेन नैर्ग्रन्थ्यगुणेन चायुजत् ॥१-१६॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( સ્ત્રિગ્વિની છંદ )

આત્મ ગુણ વૃદ્ધિતે, નાથ અભિનન્દના,
ધર અહિંસા વધૂ, ક્ષાંતિ સેવિત ઘના;
આત્મમય ધ્યાનકી, સિદ્ધિકે કારણે,
હોય નિર્ગ્રંથ પર, હોય વિધિ ટારણે. ૧૬.

અર્થ :—હે ભગવાન ! અનંત જ્ઞાનાદિ અંતરંગ અને સકલ લક્ષ્મી આદિ બહિરંગ ગુણોની વૃદ્ધિ થવાથી 'અભિનંદન' એ સાર્થક નામ ધારણ કરનાર આપે ક્ષમારૂપસખી સહિત દયારૂપ સ્ત્રીનો આશ્રય લીધો હતો તથા ધર્મધ્યાન અને શુકલધ્યાન રૂપ સમાધિને પ્રધાન લક્ષ્ય બનાવીને તેની સિદ્ધિ માટે આપ અંતરંગ અને બહિરંગ બન્ને પ્રકારના પરિગ્રહ રહિતપણા રૂપ ગુણથી યુક્ત થયા હતા. ૧૬

अचेतने तत्कृतबन्धजेऽपि च, ममेदमित्याभिनिवेशिकग्रहात् ।
प्रभङ्गुरे स्थावरनिश्चयेन च, क्षतं जगत्तत्वमजिग्रहद्भवान् ।।१७।।

તન અચેતન યહી, ઔર તિસ યોગતે,
પ્રાપ્ત સમ્બન્ધમેં, આપપન માનતે;
જો ક્ષણિક વસ્તુ હૈ, થિરપના દેખતે,
નાશ જગ દેખ પ્રભુ, તત્ત્વ ઉપદેશતે. ૧૭.

અર્થ :—અચેતન શરીરમાં અને તે અચેતન શરીરના સંબંધથી ઉત્પન્ન થનારા સુખદુઃખાદિ તથા સ્ત્રી પુત્રાદિમાં 'આ મારા છે, હું એનો સ્વામી છું' એવા પ્રકારનો મિથ્યા અભિપ્રાય સ્વીકારવાથી અને ક્ષણભંગુર પદાર્થોમાં નિત્યપણાના નિશ્ચયથી નષ્ટ થયેલા જગતને આપે જીવાદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ કરાવ્યું છે. ૧૭.

क्षुधादि-दुःख-प्रतिकारतः स्थितिर्न चेन्द्रियार्थप्रभवाल्पसौख्यतः ।
ततो गुणो नास्ति च देहदेहिनो रितीदमित्थं भगवान् व्यजिज्ञपत् ।।१८।।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ક્ષુત્ ત્રષા રોગ પ્રતિકાર બહુ ઠાનતે,
અક્ષ-સુખ ભોગ કર તૃપ્તિ નહિં માનતે;
થિર નહીં જીવ તન હિત ન હો દૌડના,
યહ જગતરૂપ ભગવાન વિજ્ઞાપના. ૧૮.

અર્થ :—ક્ષુધા તૃષા આદિ દુઃખો મટાડવા માટે ભોજન પાનાદિનું સેવન કરવાથી અને સ્પર્શનાદિ ઇન્દ્રિયોના વિષયોથી ઉત્પન્ન અલ્પ સુખથી શરીર અને આત્માની સ્થિતિ સદા રહેતી નથી તેથી તેમનાથી શરીર કે આત્માનો કોઈ ઉપકાર થતો નથી આ પ્રમાણે આ જગતને ભગવાન્ અભિનંદન જિનેન્દ્રે આ પરમાર્થ તત્ત્વ બતાવ્યું છે. ૧૮.

जनोऽतिलोलोऽप्यनुबन्धदोषतो, भयादकार्येष्विह न प्रवर्तते ।
इहाप्यमुत्राप्यनुबन्धदोषवित्, कथं सुखे संसजतीति चाब्रवीत् ।।१९।।

લોલુપી ભોગ જન, નહિં અનીત કરે,
દોષકો દેખ જગ, ભય સદા ઉર ધરે;
હૈ વિષય મગ્નતા, દોઉ ભવ હાનિકર,
સુજ્ઞ ક્યોં લીન હો, આપ મત જાનકર. ૧૯.

અર્થ :—મનુષ્ય અત્યંત આસક્ત હોય તોપણ આસક્તિ રૂપ દોષથી રાજા આદિના ભયના કારણે આ સંસારમાં પરસ્ત્રી સેવન આદિ દુષ્કૃયોમાં પ્રવૃત્ત થતો નથી, છતાં આ લોક અને પરલોક બન્નેમાં આસક્તિના પરિણામોને જાણનાર મનુષ્ય વિષય સુખમાં કેમ આસક્ત થાય છે એ આશ્ચર્યની વાત છે એ વાત આપે હે અભિનંદન જિનેન્દ્ર ! જગતના જીવોને બતાવી છે. ૧૯.

स चानुबन्धोऽस्य जनस्य तापकृत्, तृषोऽभिवृद्धिः सुखतो न च स्थितिः ।
इति प्रभो लोकहितं यतो मतं, ततो भवानेव गतिः सतां मतः ।।२०।।

હૈ વિષય લીનતા, પ્રાણિકો તાપકાર,
હૈ તૃષા વૃદ્ધિકર, હો ન સુખસે વસર;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હે પ્રભો ! લોકહિત, આપ મત માનકે,
સાધુજન શર્ણલે, આપ ગુરુ માનકે. ૨૦

અર્થ :—તે આસક્તિ અને આસક્તિથી ઉત્પન્ન થતી તૃષ્ણાની વૃદ્ધિ–બન્નેય આ લોલુપી પ્રાણી માટે સંતાપ ઉત્પન્ન કરનાર છે. ઇન્દ્રિય વિષયજન્ય થોડાક સુખથી આ જીવની સ્થિતિ સુખમય બનતી નથી અર્થાત્ અલ્પ સુખથી જીવ સંતુષ્ટ થતો નથી. આ પ્રમાણે આપનો મત–આપનું શાસન લોકોનું કલ્યાણ કરનાર હોવાથી આપ જ વિવેકી સત્પુરુષોનું શરણ છો એમ માનવામાં આવ્યું છે. ૨૦.

## ૫. શ્રી સુમતિ જિનસ્તુતિ

(ઉપજાતિ છંદ)

अन्वर्थसंज्ञः सुमतिर्मुनिस्त्वं, स्वयं मतं येन सुयुक्तिनीतम् ।
यतश्च शेषेषु मतेषु नास्ति, सर्वक्रियाकारकतत्त्वसिद्धिः ॥२१॥

(ત્રોટક છંદ)

મુનિ નાથ સુમતિ સત્ નામ ધરે,
સત્ યુક્તિમઈ મત તુમ ઉચરે;
તુમ ભિન્ન મતોમેં નાહિં બને,
સબ કારજ કારક તત્ત્વ ઘને. ૨૧

અર્થ :—હે ભગવન્ ! આપ પ્રત્યક્ષ જ્ઞાની છો તથા સુમતિ એવા સાર્થક નામ યુક્ત છો–ઉત્તમ બુદ્ધિ સહિત હોવાના કારણે આપનું 'સુમતિ' નામ સાર્થક છે. આપે ઉત્તમ યુક્તિઓથી યુક્ત તત્ત્વનો સ્વયં સ્વીકાર કર્યો છે અને આપના મતથી ભિન્ન મતોમાં સંપૂર્ણ ક્રિયાઓ અને કર્તા આદિ કારકોના સ્વરૂપની સિદ્ધિ બનતી નથી. ૨૧.

अनेकमेकं च तदेव तत्त्वं, भेदाऽन्वयज्ञानमिदं हि सत्यम् ।
मृषोपचारोऽन्यतरस्य लोपे, तच्छेषलोपोऽपि ततोऽनुपाख्यम् ॥२२॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હે તત્ત્વ અનેક વ એક વહી,
તત્ત્વ ભેદ અભેદ હિ જ્ઞાન સહી;
ઉપચાર કહો તો સત્ય નહીં,
ઇક હો અન ના વક્તવ્ય નહીં. ૨૨.

અર્થ:—તે જ તત્ત્વ અનેક તથા એકરૂપ છે ( પર્યાયદૃષ્ટિથી અનેક રૂપ છે તે જ દ્રવ્યની દૃષ્ટિથી એક રૂપ છે ), નિશ્ચયથી વસ્તુને ભેદ—અભેદ રૂપે ગ્રહણ કરનારું જ્ઞાન જ સત્ય છે. આમાંથી કોઈ એકને ઉપચારરૂપ કલ્પિત માનવું મિથ્યા છે કેમ કે બેમાંથી એકનો લોપ થવાથી તેનાથી ભિન્ન અન્ય ધર્મનો પણ અભાવ થાય છે તેથી બન્નેનો અભાવ થવાથી તત્ત્વનું કથન બની શકતું નથી. ૨૨.

सतः कथंचित्तदसत्त्वशक्तिः, खे नास्ति पुष्पं तरुषु प्रसिद्धम् ।
सर्वस्वभावच्युतमप्रमाणं, स्ववाग्विरुद्धं तव दृष्टितोऽन्यत् ॥२३॥

હે સત્ત્વ અસત્ત્વ સહિત કોઈ નય,
તરુ પુષ્પ રહે ન હિ વ્યોમ કલપ;
તબ દર્શન ભિન્ન પ્રમાણ નહીં,
સ્વ સ્વરૂપ નહીં કથમાન નહીં. ૨૩.

અર્થ:—જે સત્ છે ( સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ ) તેને કથંચિત્ અસત્ શક્તિ પણ હોય છે. ( પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ )–વસ્તુ તત્ત્વ કથંચિત્ સતરૂપ અને કથંચિત્ અસતરૂપ છે, જેમ ફૂલ વૃક્ષો ઉપર પ્રસિદ્ધ છે અને આકાશમાં નથી. જો વસ્તુતત્ત્વને સત્ અને અસત્ બન્ને પ્રકારના સ્વભાવવાળું માનવામાં ન આવે તો તે અપ્રમાણ થઈ જશે. તેથી હે સુમતિનાથ ભગવાન ! આપની અનેકાન્તાત્મક દૃષ્ટિથી બાહ્ય જે અન્ય મતો છે તે સ્વવચન વિરુદ્ધ છે. ૨૩.

न सर्वथा नित्यमुदेत्यपैति, न च क्रियाकारकमत्र युक्तम् ।
नैवासतो जन्म सतो न नाशो, दीपस्तमः पुद्गलभावतोऽस्ति ॥२४॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જો નિત હી હોતા નાશ ઉદય,
નહિં, હો ન ક્રિયા કારક ન સધય;
સત્ નાશ ન હો નહિં જન્મ અસત્,
જ્યુ પ્રકાશ ગએ પુદ્‌ગલ તમ સત્. ૨૪.

અર્થ :—સર્વ પ્રકારે નિત્ય વસ્તુ ઉત્પન્ન થતી નથી, નષ્ટ પણ થતી નથી અને આવી માન્યતામાં ક્રિયા કારકના ભાવનો પણ મેળ બેસતો નથી કારણ કે અસત્—અવિદ્યમાન પદાર્થનો જન્મ થતો નથી અને સત્—વિદ્યમાન પદાર્થનો નાશ થતો નથી. જો એમ કહેવામાં આવે કે જલતો દીપક ઓલવી નાખવામાં આવે તો બાકી શું રહે? અહીં તો સત્‌નો નાશ માનવો જ પડશે. તેનો ઉત્તર એ છે કે દીપક અંધકારરૂપ પુદ્‌ગલ દ્રવ્યરૂપે વિદ્યમાન રહે છે. ૨૪

विधिर्निषेधश्च कथंचिदिष्टौ, विवक्षया मुख्यगुणव्यवस्था ।
इति प्रणीतिः सुमतेस्तवेयं, मतिप्रवेकः स्तुवतोऽस्तु नाथ ॥२५॥

વિધિ વા નિષેધ સાપેક્ષ સહી,
ગુણ મુખ્ય કથન સ્યાદ્વાદ યહી;
ઇમ તત્ત્વ પ્રદર્શી આપ સુમતિ,
થુતિ નાથ કરૂં હો શ્રેષ્ઠ સુમતિ. ૨૫.

અર્થ :—વિધિ અને નિષેધ (સત્-અસત્, નિત્ય-અનિત્ય વગેરે) બન્નેય કોઈ અપેક્ષાથી ઇષ્ટ છે. વક્તાની ઇચ્છાથી તેમાં મુખ્ય અને ગૌણની વ્યવસ્થા હોય છે. આ રીતે આવી તત્ત્વનિરૂપણની પદ્ધતિ હે સુમતિનાથ સ્વામી! આપની જ છે. હે સ્વામી! આપની સ્તુતિ કરતાં મારી મતિનો ઉત્કર્ષ થાવ. ૨૫.

## (૬) શ્રી પદ્મપ્રભ–જિન સ્તુતિ

(ઉપજાતિ છંદ)

पद्मप्रभः पद्मपलाशलेश्यः, पद्मालयालिङ्गितचारुमूर्तिः ।
बभौ भवान् भव्यपयोरुहाणां, पद्माकराणामिव पद्मबन्धुः ॥२६॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( મુક્તાદામ છંદ )

પદ્મપ્રભ પદ્મ સમાન શરીર,
શુચિ લેશ્યાધર રૂપ ગંભીર;
પરમ શ્રી શોભિત મૂર્તિ પ્રકાશ,
કમલ સૂરજવત્ ભવ્ય વિકાશ. ૨૬.

અર્થ:—જેમના શરીરનો વર્ણ કમળના પત્ર સમાન લાલ રંગનો હતો અને જેમની આત્મસ્વરૂપ મૂર્તિ અનંતજ્ઞાનાદિરૂપ અંતરલક્ષ્મીથી અને જેમની સમસ્ત ઉત્તમ લક્ષણોવાળી શરીરરૂપ મૂર્તિ પરસેવા રહિત આદિરૂપ બાહ્ય લક્ષ્મીથી આલિંગિત હતી એવા પદ્મપ્રભ જિનેન્દ્ર હતા. હે જિનેન્દ્ર! આપ ભવ્ય જીવરૂપ કમળોના હિતોપદેશરૂપ વિકાસ માટે કમળોના વિકાસ માટે સૂર્યની જેમ સુશોભિત થયા હતા. ૨૬.

बभार पद्मां च सरस्वतीं च, भवान् पुरस्तात्प्रतिमुक्तिलक्ष्म्याः ।
सरस्वतीमेव समग्रशोभां, सर्वज्ञलक्ष्मीज्वलितां विमुक्तः ॥२७॥

ધરત જ્ઞાનાદિરિદ્ધિ અવિકાર,
પરમ ધ્વની ચારુ સમવસૃત સાર;
રહે અરહંત પરમ હિતકાર,
ધરી બોધશ્રી મુક્તિ મંઝાર. ૨૭.

અર્થ:—અરિહંત અવસ્થા પહેલાં આપે લક્ષ્મી અને સરસ્વતી બન્નેની પ્રાપ્તિ કરી હતી અને પછી અરિહંત અવસ્થાની પ્રાપ્તિ થતાં આપે પૂર્ણ શોભાવાળી સરસ્વતી ને જ ( દિવ્યવાણી ને જ ) ધારણ કરી હતી કે જે સર્વજ્ઞ-લક્ષ્મીથી સદા પ્રદીપ્ત હતી. ૨૭.

शरीररश्मिप्रसरः प्रभोस्ते, बालार्करश्मिच्छविरालिलेप ।
नरामराकीर्णसभां प्रभावच्छैलस्य पद्माभमणेः स्वसानुम् ॥२८॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ તન રશ્મિસમૂહ પ્રસાર,
બાલ સૂર્યસમ છબિ ધરતાર;
નર સુર પૂર્ણ સભામેં વ્યાપા,
જિમ ગિરિ પદ્મરાગ મણિ તાપા. ૨૮.

અર્થ:—આપ પ્રભુના શરીરના કિરણોના સમૂહે પ્રાતઃકાળના સૂર્યના કિરણોની કાન્તિ પેઠે, મનુષ્ય અને દેવોથી વ્યાપ્ત સમવસરણ સભાને એવી રીતે વ્યાપ્ત કરી લીધી હતી જેમ પદ્મરાગમણિ-પર્વતની પ્રભા પોતાના પાર્શ્વભાગને વ્યાપ્ત કરી લે છે. ૨૮.

नभस्तलं पल्लवयन्निव त्वं, सहस्रपत्राम्बुजगर्भचारैः ।
पादाम्बुजैः पातितमारदर्पो, भूमौ प्रजानां विजहर्ष भूत्यै ॥२९॥

સહસપત્ર કમલોં પર વિહરે,
નભમેં માનો પલ્લવ પ્રસરે;
કામદેવ જેતા જિનરાજા,
કરત પ્રજાકા આતમ કાજ. ૨૯.

અર્થ:—હે જિનેન્દ્ર! કામદેવના ગર્વને નષ્ટ કરનાર આપે સહસ્રદલ કમલોની મધ્યમાં ચાલનાર આપના ચરણકમળો દ્વારા આકાશના પ્રદેશોને કમળપત્રોની શોભા સમાન કરતા થકા પૃથ્વી ઉપર સ્થિત પ્રજાજનોના કલ્યાણ માટે વિહાર કર્યો હતો. ૨૯.

गुणाम्बुधेर्विप्रुषमप्यजस्रं, नाखण्डलः स्तोतुमलं तवर्षेः ।
प्रागेव मादृक्किमुतातिभक्तिर्मां बालमालापयतीदमित्थम् ॥३०॥

તુમ ઋષિ ગુણસાગર ગુણલવ ભી
કથન ન સમરથ ઇન્દ્ર કભી ભી;
હું બાલક કૈસે ગુણ ગાઊં,
ગાઢ ભક્તિસે કુછ કહ જાઊં. ૩૦.

અર્થ:—હે ભગવન્! સમસ્ત ઋદ્ધિઓના નિધાનસ્વરૂપ આપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણરૂપ સાગરના એક અંશમાત્રની પણ નિરંતર સ્તુતિ કરવા માટે જ્યાં ઇન્દ્ર પહેલાં પણ સમર્થ થઈ શકયા નથી ત્યાં મારા જેવો અસમર્થ મનુષ્ય કેવી રીતે સમર્થ થઈ શકે? પરંતુ આપના પ્રત્યે મારી આ તીવ્ર ભક્તિ જ અજ્ઞાની એવા મને આ પ્રમાણે આ સ્તવન કરાવી રહી છે. ૩૦.

## ૭. શ્રી સુપાર્શ્વ જિન-સ્તુતિ

(ઉપજાતિ છંદ)

स्वास्थ्यं यदात्यन्तिकमेष पुंसां, स्वार्थो न भोगः परिभङ्गरात्मा ।
तृषोऽनुषङ्गान्न च तापशान्तिरितीदमाख्यद्भगवान्सुपार्श्वः ॥३१॥

(ચૌપાઈ છંદ)

જય સુપાર્શ્વ ભગવન્ હિત ભાષા,
ક્ષણિક ભોગકી તજ અભિલાષા;
તપ્ત શાંત નહિ તૃષ્ણા બધતી,
સ્વસ્થ રહે નિત મનસા સધતી. ૩૧.

અર્થ:—જે અવિનાશી સ્વરૂપ લીનતા છે એ જ જીવાત્માઓનું સાચું પ્રયોજન છે, ક્ષણભંગુર ભોગ નિજી પ્રયોજન નથી. ઉત્તરોત્તર ભોગાકાંક્ષાની વૃદ્ધિથી તાપની શાન્તિ થતી નથી આ પ્રમાણે આ સ્વાર્થનું સાચું સ્વરૂપ સુપાર્શ્વનાથ ભગવાને બતાવ્યું છે. ૩૧

अजङ्गमं जङ्गमनेययन्त्रं, यथा तथा जीवधृतं शरीरम् ।
बीभत्सु पूति क्षयि तापकं च, स्नेहो वृथात्रेति हितं त्वमाख्यः ॥३२॥

જિમ જડ યંત્ર પુરુષસે ચલતા,
તિમ યહ દેહ જીવધૃત પલતા;
અશુચિ દુઃખદ દુર્ગન્ધ કુરૂપી,
યામેં રાગ કહા દુઃખરૂપી. ૩૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—જેમ ગતિશીલ મનુષ્ય દ્વારા ચલાવવામાં આવતું યંત્ર સ્વયં ગતિ રહિત હોય છે તેવી જ રીતે જીવ દ્વારા ધારણ કરવામાં આવેલું શરીર સ્વયં ગતિ રહિત–જડ છે. ઉપરાંત આ શરીર ઘૃણા-સ્પદ, દુર્ગંધવાળું વિનશ્વર અને સંતાપ ઉત્પન્ન કરનાર છે. તેથી આ શરીરમાં અનુરાગ કરવો નકામો છે એવું હિતકારક વચન હે સુપાર્શ્વ જિન! આપે કહ્યું છે. ૩૨.

**अलङ्घ्यशक्तिर्भवितव्यतेयं, हेतुद्वयाविष्कृतकार्यलिङ्गा ।**
**अनीश्वरो जन्तुरहंक्रियार्तः संहत्य कार्येष्विति साध्ववादीः ॥३३॥**

યહ ભવિતવ્ય અટલ બલધારી,
હોય અશક્ત અહં મતિકારી;
દો કારણ વિન કાર્ય ન રાચા,
કેવલ યત્ન વિફલ મત સાચા. ૩૩.

અર્થ:—શુભ-અશુભ કર્મ અથવા બાહ્ય અને અભ્યંતર બન્ને કારણોથી ઉત્પન્ન થનાર કાર્ય જ જેનું લિંગ–ચિહ્ન છે એવી આ ભવિતવ્યતા કોઈ પણ રીતે ટાળી શકાતી નથી. ભવિતવ્યતાની અપેક્ષા ન રાખનાર અહંકાર પીડિત સંસારી પ્રાણી અનેક સહકારી કારણો મેળવવા છતાં પણ સુખ-દુઃખાદિ કાર્યોમાં અસમર્થ છે. હે સુપાર્શ્વ જિનેન્દ્ર! આપે આ યોગ્ય જ કહ્યું છે. ૩૩.

**बिभेति मृत्योर्न ततोऽस्ति मोक्षो नित्यं शिवं वाञ्छति नास्य लाभः ।**
**तथापि बालो भयकामवश्यो, वृथा स्वयं तप्यत इत्यवादीः ॥३४॥**

ડરત મૃત્યુસે તદપિ ટલત ના,
નિત હિત ચાહે તદપિ લભત ના;
તદપિ મૂઢ ભયવશ હો કામી,
વૃથા જલત હિય હો ન અકામી. ૩૪.

અર્થ:—આ જીવ મરણથી ડરે છે પરંતુ તેનાથી છૂટતો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, તે સદા કલ્યાણ અથવા મોક્ષની ઇચ્છા કરે છે પરંતુ તેની પ્રાપ્તિ થતી નથી. છતાં પણ ભય અને કામને વશીભૂત થયેલ અજ્ઞાની પ્રાણી સ્વયં વ્યર્થ દુઃખી થયા કરે છે, હે ભગવન્! આપે આવો ઉપદેશ આપ્યો છે. ૩૪.

सर्वस्य तत्त्वस्य भवान् प्रमाता, मातेव बालस्य हितानुशास्ता।
गुणावलोकस्य जनस्य नेता, मयाऽपि भक्त्या परिणूयतेऽद्य ॥३५॥

સર્વ તત્ત્વકે આપ હિ જ્ઞાતા,
માત બાલવત્ શિક્ષા દાતા;
ભવ્ય સાધુજનકે હો નેતા,
મૈં ભી, ભક્તિ સહિત થુતિ દેતા. ૩૫.

**અર્થ** :—આપ સમસ્ત જીવાદિ પદાર્થોના સંશયાદિ રહિત જ્ઞાતા છો, સંતાનને માતાની પેઠે અજ્ઞાનીજનોને હિતનો ઉપદેશ આપનાર છો અને સમ્યગ્દર્શનાદિ ગુણોનું અન્વેષણ કરનાર ભવ્યોના સન્માર્ગદર્શક છો તેથી આજે હે સુપાર્શ્વનાથ જિનેન્દ્ર! હું મન, વચન, કાયથી આપની સ્તુતિ કરું છું. ૩૫.

## ૮. શ્રી ચન્દ્રપ્રભ જિન સ્તુતિ

(ઉપજાતિ છંદ)

चन्द्रप्रभं चन्द्रमरीचिगौरं, चन्द्रं द्वितीयं जगतीव कान्तम्।
वन्देऽभिवन्द्यं महतामृषीन्द्रं, जिनं जितस्वान्तकषायबन्धम् ॥३६॥

(ભુજંગ પ્રયાત છંદ)

પ્રભુ ચન્દ્રસમ શુકલ વર વર્ણધારી,
જગત નિત પ્રકાશાત પરમ જ્ઞાનચારી;
જિનં જિત કષાયં મહત્ પૂજ્ય મુનિપતિ,
નમૂં ચન્દ્રપ્રભ તૂ દ્વિતિય ચંદ્ર જિનપતિ. ૩૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—હું, ચન્દ્રમાના કિરણો જેવા ગૌર વર્ણવાળા, સંસારમાં બીજા ચન્દ્ર સમાન સુંદર, ઇન્દ્ર આદિ મહાન જનોથી વંદ્ય, ગણધરાદિ ઋષિઓના સ્વામી, કર્મરૂપ શત્રુઓને જીતનાર અને પોતાના વિકારી ભાવસ્વરૂપ કષાયના બંધનને જીતનાર, ચન્દ્ર સમાન કાન્તિના ધારક ચન્દ્રપ્રભ નામક તીર્થંકરને વંદન કરું છું. ૩૬.

**यस्याङ्ग–लक्ष्मी–परिवेश–भिन्नं, तमस्तमोरेरिव रश्मिभिन्नम् ।**
**ननाश बाह्यं बहुमानसं च, ध्यानप्रदीपातिशयेन भिन्नम् ॥३७॥**

હરૈં ભાનુકિરણેં યથા તમ જગતકા,
તથા અંગ ભામંડલં તમ જગતકા;
શુક્લધ્યાન દીપક જગાયા પ્રભૂને,
હરા તમ કુબોધં સ્વયં જ્ઞાનભૂને. ૩૭.

અર્થ:—જેમના શરીરના દિવ્ય પ્રભામંડલદ્વારા વિદારિત બધો બાહ્ય અંધકાર અને શુક્લધ્યાનરૂપી દીપકના અતિશયથી વિદારિત બધો અંતઃકરણનો અજ્ઞાન અંધકાર સૂર્યના કિરણોથી વિદારિત અંધકાર સમાન નષ્ટ થયો હતો. ૩૭.

**स्वपक्ष–सौस्थित्य–मदाऽवलिप्ता, वाक्सिंहनादैर्विमदा बभूवुः ।**
**प्रवादिनो यस्य मदार्द्रगण्डा, गजा यथा केशरिणो निनादैः ॥३८॥**

સ્વમત શ્રેષ્ઠતાકા ધરૈં મદ પ્રવાદી,
સુનૈં જિનવચનકો તજેં મદ કુવાદી;
યથા મસ્ત હાથી સુનૈં સિંહગર્જન,
તજૈં મદ તથા મોહકા હો વિસર્જન. ૩૮.

અર્થ :—જેમ સિંહની ગર્જનાઓથી, મદથી ભીંજાયેલા ગંડસ્થળોવાળા હાથી મદરહિત થઈ જાય છે તેવી જ રીતે જેમનાં વચનરૂપી ( દિવ્યધ્વનિરૂપ ) સિંહનાદો સાંભળીને પોતાના મત–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પક્ષની સુસ્થિતિ–શ્રેષ્ઠતાનો ઘમંડ રાખનારા અન્ય મતવાળો મદરહિત થઈ ગયા હતા. ૩૮.

**यः सर्वलोके परमेष्ठितायाः, पदं बभूवाऽद्भुतकर्मतेजाः ।**
**अनन्तधामाऽक्षर–विश्वचक्षुः, समन्तदुःखक्षयशासनश्च ॥३९॥**

તુહી તીન ભૂમેં પરમપદ પ્રભૂ હૈ,
કરે કાર્ય અદ્‌ભુત પરમ તેજ તૂ હૈ;
જગત નેત્રધારી અનંતં પ્રકાશી,
રહે નિત સકલ દુઃખકા તૂ વિનાશી. ૩૯.

**અર્થ** :—જે સમસ્ત સંસારમાં પરમ આપ્તપણાનું સ્થાન હતા, તીવ્ર તપશ્ચરણરૂપ કાર્યથી જેમનું તેજ અચિન્ત્ય હતું અથવા સમસ્ત પ્રાણીઓને પ્રતિબોધિત કરવાના કાર્યમાં જેમનું કેવળજ્ઞાનરૂપ તેજ આશ્ચર્યકારક હતું, અનંતકેવળજ્ઞાન જ લોકાલોકને પ્રકાશિત કરનાર જેમના અવિનાશી ચક્ષુ હતા અને જેમનું શાસન ચારગતિના દુઃખોનો ક્ષય કરનાર હતું. ૩૯.

**स चन्द्रमा भव्यकुमुद्वतीनां, विपन्नदोषाऽभ्र–कलङ्क–लेपः ।**
**व्याकोश–वाङ्न्याय–मयूख–मालः, पूयात् पवित्रो भगवान्मनो मे ।४०।**

તુહી ચન્દ્રમા ભવિ કુમુદકા વિકાશી,
કિયા નાશ સબ દોષ મલ મેઘરાશી;
પ્રગટ સત્ વચનકી કિરણમાલ વ્યાપી,
કરો મુઝ પવિત્રં તુહી શુચિ પ્રતાપી. ૪૦.

**અર્થ** :—જે ભવ્યજીવરૂપ કુમુદિનીને વિકસિત કરવા માટે ચન્દ્રમા સમાન છે, જેમના રાગાદિ દોષરૂપ મેઘકલંકનું આવરણ દૂર થઈ ગયું છે, જે અત્યંત સ્પષ્ટ વચનોના ન્યાયરૂપ કિરણોના સમૂહ સહિત છે, તથા કર્મમળથી રહિત હોવાના કારણે જે અત્યંત વિશુદ્ધ છે તે ચન્દ્રપ્રભુ ભગવાન મારું મન પવિત્ર કરો. ૪૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૯. શ્રી પુષ્પદંત ( સુવિધિનાથ ) જિન સ્તુતિ

( ઉપજાતિ છંદ )

एकान्तदृष्टिप्रतिषेधि तत्त्वं, प्रमाणसिद्धं तदतत्स्वभावम् ।
त्वया प्रणीतं सुविधे ! स्वधाम्ना, नैतत्समालीढपदं त्वदन्यैः ॥४१॥

( પદ્ધરી છંદ )

હે સુવિધિ ! આપને કહા તત્ત્વ,
જો દિવ્યજ્ઞાનસે તત્ અતત્ત્વ;
એકાંત હરણ સુપ્રમાણસિદ્ધ,
નહિં જાન સકેં તુમસે વિરુદ્ધ. ૪૧.

અર્થ:-હે સુવિધિનાથ ભગવાન ! આપના દ્વારા પોતાના જ્ઞાનરૂપ તેજથી પ્રતિપાદિત જીવાદિ પદાર્થ એકાન્તદર્શનનો નિષેધ કરે છે, પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ છે, તત્ અને અતત્ સ્વભાવવાળા છે અર્થાત્ વિધિ નિષેધ રૂપ છે. હે ભગવન્ ! આ તત્ત્વ આપના સિવાય બીજાઓ દ્વારા પ્રતિપ્રાદિત થઈ શક્યું નથી. ૪૧.

तदेव च स्यान्न तदेव च स्यात् तथा प्रतीतेस्तव तत्कथंचित् ।
नात्यन्तमन्यत्वमनन्यता च, विधेर्निषेधस्य च शून्यदोषात् ॥४२॥

હૈ અસ્તિ કથંચિત્ ઔર નાસ્તિ,
ભગવન્ તુઝ મતમેં યહ તથાસ્તિ;
સત્ અસત્મઈ ભેદ રુ અભેદ,
હૈ વસ્તુ બીચ નહિં શૂન્ય વેદ. ૪૨.

અર્થ :-આપે કહેલું તે તત્ત્વ કથંચિત્ તત્ રૂપ છે અને કથંચિત્ તત્રૂપ નથી કેમ કે ભાવ-અભાવ રૂપ વસ્તુની પ્રતીતિ થાય છે. વિધિ અને નિષેધમાં સર્વથા ભિન્નતા કે અભિન્નતા નથી કારણ કે સર્વથા ભિન્નતા કે અભિન્નતા માનવાથી વસ્તુતત્ત્વના લોપનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. ૪૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नित्यं तदेवेदमिति प्रतीतेर्न नित्यमन्यत्प्रतिपत्तिसिद्धेः ।
न तद्विरुद्धं बहिरन्तरङ्गनिमित्त–नैमित्तिक–योगतस्ते ॥४३॥

'યહ હૈ વહ હી' હૈ નિત્ય સિદ્ધ,
'યહ અન્ય ભયા' યોં ક્ષણિક સિદ્ધ,
નહિ હૈ વિરુદ્ધ દોનોં સ્વભાવ,
અંતર બાહર સાધન પ્રભાવ. ૪૩.

અર્થ:– હે ભગવન્! 'આ તે જ છે' એવી પ્રતીતિ થાય છે તેથી વસ્તુ નિત્ય છે અને 'આ તે નથી, અન્ય થઈ' એવી પ્રતીતિ થતી હોવાથી તે જ વસ્તુ અનિત્ય છે. આપના મતમાં બહિરંગ અને અંતરંગ કારણ–કાર્યના યોગથી તે નિત્ય–અનિત્યાત્મક તત્ત્વ વિરુદ્ધ પણ નથી. ૪૩.

अनेकमेकं च पदस्य वाच्यं, वृक्षा इति प्रत्ययवत्प्रकृत्या ।
आकांक्षिणः स्यादिति वै निपातो, गुणाऽनपेक्षे नियमेऽपवादः ॥४४॥

પદ એકાનેક સ્વવાચ્ય તાસ,
જિમ વૃક્ષ સ્વતઃ કરતે વિકાસ;
યહ શબ્દ સ્યાત્ ગુણ મુખ્યકાર,
નિયમિત નહિં હોવે બાધ્યકાર, ૪૪.

અર્થ:—શબ્દનું વાચ્ય સ્વભાવથી જ 'વૃક્ષ' એ જ્ઞાનની જેમ અનેક અને એક બન્ને રૂપ હોય છે. વિરોધી ધર્મનું પ્રતિપાદન કરવાની ઇચ્છા રાખનાર પુરુષને કથંચિત્ અર્થને પ્રતિપાદક 'સ્યાત્'—આ શબ્દ ગૌણ અર્થની અપેક્ષા ન રાખનાર–સર્વથા એકાન્ત રૂપ કથનમાં નિશ્ચયથી બાધક છે. ૪૪.

गुणप्रधानार्थमिदं हि वाक्यं, जिनस्य ते त्वद्द्विषतामपथ्यम् ।
ततोऽभिवन्द्यं जगदीश्वराणां, ममाऽपि साधोस्तव पादपद्मम् ॥४५॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ મુખ્ય કથક તમ વાક્ય સાર,
નહિં પચત ઉન્હેં જો દ્વેષ ધાર;
લખિ આપ્ત તુમ્હેં ઇન્દ્રાદિદેવ,
પદકમલનમેં મૈં કરહું સેવ. ૪૫.

અર્થ :—હે ભગવન્! કર્મરૂપ શત્રુઓને જીતનાર આપનું જે આ ગૌણ અને પ્રધાન અર્થયુક્ત વચન છે તે નિશ્ચયથી દ્વેષ રાખનાર સર્વથા એકાન્તવાદીઓને અનિષ્ટ છે, તેથી સમસ્ત કર્મોનો ક્ષય કરવા માટે પ્રયત્નશીલ આપના ચરણકમળ ત્રણે જગતના સ્વામી ઇન્દ્ર ચક્રવર્તી તથા ધરણેન્દ્ર અને મને પણ વંદ્ય છે. ૪૫.

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તુતિ

(વંશસ્થ છંદ)

**न शीतलाश्चन्दन चन्द्र रश्मयो, न गाङ्गमम्भो न च हारयष्टयः।**
**यथा मुनेस्तेऽनघ वाक्यरश्मयः, शमाम्बुगर्भाः शिशिरा विपश्चिताम् ।४६।**

(અગ્નિવની છંદ)

તવ અનઘ વાક્ય કિરણેં, વિશદ જ્ઞાનપતિ,
શાંત-જલ-પૂરિતા, શમકરા સુષ્ટુમતિ;
હૈ તથા શમ ન ચન્દન, કિરણ ચન્દ્રમા,
નાહિં ગંગા જલં, હાર મોતી શમા. ૪૬.

અર્થ :—હે ભગવન્! ચરાચરને પ્રત્યક્ષ જાણનાર આપના શાન્તિરૂપ જળથી મિશ્રિત નિર્દોષ વચનરૂપ કિરણો હેયોપાદેય તત્ત્વને જાણનાર વિદ્વાનો માટે જેટલા શીતળ છે, સંસારતાપનો નાશ કરી શાન્તિ પહોંચાડે છે તેટલા શીતલ ચંદન અને ચન્દ્રના કિરણો નથી, ગંગાનદીનું જળ કે મોતીઓની માળા શીતલ નથી. ૪૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुखाऽभिलाषाऽनलदाहमूर्च्छितं, मनो निजं ज्ञानमयाऽमृताऽम्बुभिः ।
व्यदिध्यपस्त्वं विषदाह–मोहितं, यथाभिषग्मन्त्रगुणैः स्वविग्रहम् ॥૪૭॥

અક્ષ-સુખ ચાહકી આગસે તપ્ત મન,
જ્ઞાન-અમૃત-સુજલ સીંચ કિના શમન;
વૈદ્ય જિમ મંત્ર ગુણસે કરે શાંત તન,
સર્વ વિષકી જલનસે હુઆ બેચતન. ૪૭.

અર્થ :—જેમ વિષરૂપી દાહથી મૂર્ચ્છિત થયેલ પોતાના શરીરને વૈદ્ય મંત્રના ગુણોદ્વારા શાન્ત કરે છે તેવી જ રીતે હે ભગવાન્! આપે વૈષયિક સુખોની અભિલાષા રૂપ અગ્નિના દાહથી મૂર્ચ્છિત થયેલ પોતાના મનને જ્ઞાનામૃત જળદ્વારા શાન્ત કર્યું હતું. ૪૭.

स्वजीविते कामसुखे च तृष्णया, दिवा श्रमार्ता निशि शेरते प्रजाः ।
त्वमार्य नक्तंदिवमप्रमत्तवानजागरेवाऽऽत्मविशुद्धवर्त्मनि ॥૪૮॥

ભોગકી ચાહ અર ચાહ જીવન કરે,
લોક દિન શ્રમ કરે રાત્રિકો સો રહે;
હે પ્રભુ આપ તો રાત્રિ દિન જાગિયા,
મોક્ષકે માર્ગકો હર્ષયુત સાધિયા. ૪૮.

અર્થ :—લૌકિકજનો પોતાના જીવનની અને ઇન્દ્રિયોના સુખ ભોગવવાની તૃષ્ણાથી દિવસે પરિશ્રમ કરવાથી ખેદખિન્ન રહે છે અને રાત્રે સૂઈ જાય છે પરંતુ હે પૂજ્ય શીતલનાથ જિનેન્દ્ર! આપ દિવસ અને રાત પ્રમાદરહિત રહીને આત્માને અત્યંત શુદ્ધ કરનાર સમ્યગ્દર્શનાદિરૂપ માર્ગમાં જાગતા જ રહો છો. ૪૮.

अपत्यवित्तोत्तरलोकतृष्णया, तपस्विनः केचन कर्म कुर्वते ।
भवान्पुनर्जन्म–जरा–जिहासया, त्रयीं प्रवृत्तिं समधीरवारुणत् ॥૪૯॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુત્ર ધન ઔર પરલોકકી ચાહકર,
મૂઢજન તપ કરેં આપકો દાહ કર;
આપને તો જરા જન્મકે નાશ હિત,
સર્વ કિરિયા તજી શાંતિમયભાવ હિત. ૪૯.

અર્થ :—કેટલાય અજ્ઞાની તપસ્વીજનો અથવા વ્રતી પુરુષો, સંતાન, ધન અને પરલોકની તૃષ્ણાથી ધાર્મિક ક્રિયાકાંડરૂપ કર્મ કરે છે પરંતુ આપે સમબુદ્ધિ થઈને જન્મ અને જરાને દૂર કરવાની ઇચ્છાથી મન-વચન-કાયાની પ્રવૃત્તિને રોકી દીધી છે અથવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ભેદરત્નત્રયને દૂર કરી શુદ્ધાત્મસ્વરૂપની લીનતારૂપ અભેદ રત્નત્રય અંગીકાર કર્યા છે. ૪૯.

त्वमुत्तमज्योतिरजः क्व निर्वृतः, क्व ते परे बुद्धिलवोद्धव-क्षताः ।
ततः स्वनिःश्रेयसभावनापरै, र्बुधप्रवेकैर्जिन शीतलेऽयसे ।।५०।।

આપહી શ્રેષ્ઠ જ્ઞાની મહા હો સુખી,
આપસે જો પરે બુદ્ધિ લવ મદ દુઃખી;
યાહિતે મોક્ષકી ભાવના જે કરેં,
સંતજન નાથ શીતલ તુમ્હેં ઉર ધરેં. ૫૦.

અર્થ :—હે શીતલનાથ જિનેન્દ્ર ! કેવળજ્ઞાનરૂપ ઉત્કૃષ્ટ જ્યોતિ સહિત, પુનર્જન્મરહિત અને પરમસુખી આપ ક્યાં ? અને જ્ઞાનના લેશમાત્રથી ઉત્પન્ન ગર્વથી નષ્ટ થયેલ તે હરિ, હર, બ્રહ્મા આદિ અન્ય દેવ ક્યાં ? બન્નેમાં મોટું અંતર છે તેથી આત્મકલ્યાણની ભાવનામાં તત્પર શ્રેષ્ઠ વિદ્વાનો-ગણધરાદિક દ્વારા આપની સ્તુતિ કરવામાં આવી છે. ૫૦.

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તુતિ

(ઉપજાતિ છંદ)

श्रेयान् जिनः श्रेयसि वर्त्मनीमाः, श्रेयः प्रजाः शासदजेयवाक्यः ।
भवांश्चकाशे भुवनत्रयेऽस्मिन्, न्नेको यथा वीतघनो विवस्वान् ।।५१।।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(માલિની છંદ)

જિનવર હિતકારી વાક્ય નિર્બાધધારી,
જગત જન સુહિતકર મોક્ષમારગ પ્રચારી;
જિન મેઘ રહિત હો સૂર્ય એકી પ્રકાશે,
તિમ તુમ યા જગમેં એક અદ્દભુત પ્રકાશે. ૫૧.

અર્થ:—અબાધિત વચનો યુક્ત હે શ્રેયાંસ જિન! આ સંસારી જનોને કલ્યાણકારી મોક્ષમાર્ગમાં હિતનો ઉપદેશ આપતાં આપ આ ત્રણે લોકમાં એકલા જ વાદળોના આવરણ રહિત સૂર્ય સમાન પ્રકાશમાન થયા છો. ૫૧.

विधिर्विषक्तप्रतिषेधरूपः, प्रमाणमत्रान्यतरत्प्रधानम् ।
गुणोऽपरो मुख्यनियामहेतुर्नयः स दृष्टान्तसमर्थनस्ते ॥५२॥

હૈ વિધિષેધ વસ્તૂ ઔર પ્રતિષેધ રૂપં,
જો જાને યુગપત્ હૈ પ્રમાણ સ્વરૂપં;
કોઈ ધર મુખ્યં અન્યકો ગૌણ કરતા,
નય અંશ પ્રકાશી પુષ્ટ દૃષ્ટાંત કરતા. ૫૨.

અર્થ:—હે શ્રેયાંસ જિન! આપના મતમાં કથંચિત્ પર-ચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિત્વરૂપ પણ તાદાત્મ્યસંબંધવાળા સ્વ-ચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિત્વરૂપ પ્રમાણનો વિષય છે. આ વિધિ અને નિષેધમાં એક મુખ્ય છે અને બીજો ગૌણ છે, અહીં મુખ્યના નિયમનો જે હેતુ છે તે નય છે તથા તે નય દૃષ્ટાન્તનું સમર્થન કરે છે. ૫૨.

विवक्षितो मुख्य इतीष्यतेऽन्यो, गुणोऽविवक्षो न निरात्मकस्ते ।
तथाऽरिमित्राऽनुभयादिशक्तिर्द्वयाऽवधेः कार्यकरं हि वस्तु ॥५३॥

વક્તા ઇચ્છાસે મુખ્ય ઇક ધર્મ હોતા,
તબ અન્ય વિવક્ષા વિન ગૌણતા માહિ સોતા;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરિ મિત્ર ઉભયવિન એક જન શક્તિ રખતા,
હૈ તુઝ મત દ્વૈતં કાર્ય તબ અર્થ કરતા. ૫૩.

અર્થ :—હે ભગવાન ! આપના મતમાં વિવક્ષિત પદાર્થ મુખ્ય કહેવાય છે અને બીજો–અવિવક્ષિત પદાર્થ ગૌણ કહેવાય છે. જે પદાર્થ અવિવક્ષિત છે તે અભાવરૂપ નથી. મુખ્ય અને ગૌણની આ વિધિથી પદાર્થ શત્રુ, મિત્ર અને અનુભવ આદિ શક્તિઓથી યુક્ત હોય છે. નિશ્ચયથી સમસ્ત પદાર્થોની ભાવ અભાવ અથવા દ્રવ્ય અને પર્યાયરૂપ મર્યાદા છે અને તે જ મર્યાદાનો આશ્રય લઈને વસ્તુ કાર્યકારી થાય છે. ૫૩.

दृष्टान्तसिद्धावुभयोर्विवादे, साध्यं प्रसिद्ध्येन्न तु तादृगस्ति ।
यत्सर्वथैकान्तनियामदृष्टं, त्वदीयदृष्टिर्विभवत्यशेषे ॥५४॥

જબ હોય વિવાદં સિદ્ધ દૃષ્ટાંત ચલતા,
વહ કરતા સિદ્ધિ જબ અનેકાંત પલતા;
એકાંત મતોંમેં સાધના હોય નાહીં,
તવ મત હૈ સાચા સર્વ સધતા તહાં હી. ૫૪.

અર્થ:—વાદી અને પ્રતિવાદીના વિવાદમાં ઉદાહરણની સિદ્ધિ થતાં સાધ્ય સારી રીતે સિદ્ધ થઈ જાય છે. પરંતુ તેવી દૃષ્ટાંતરૂપ કોઈ વસ્તુ દેખાતી નથી કે જે સર્વથા એકાન્તવાદનું નિયમન કરતી હોય કારણ કે આપના અનેકાન્તમતનો સમસ્ત–સાધ્ય, સાધન અને દૃષ્ટાન્તમાં પ્રભાવ પડેલો છે. ૫૪.

एकान्तदृष्टिप्रतिषेधसिद्धिर्न्यायेषुभिर्मोहरिपुं निरस्य ।
असि स्म कैवल्यविभूतिसम्राट् ततस्त्वमर्हन्नसि मे स्तवार्हः ॥५५॥

એકાંત મતોંકે ચૂર્ણ કરતા તિહારે,
ન્યાયમઈ બાણં મોહરિપુ જિન સંહારે;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તુમ હી તીર્થંકર કેવલ ઐશ્વર્યધારી,
તાતે તેરી હી ભક્તિ, કરની વિચારી. ૫૫.

અર્થ :—હે જિનેન્દ્ર ! એકાન્તદષ્ટિના નિષેધની સિદ્ધિ ન્યાયરૂપ બાણોથી સર્વથા એકાંતવાદિયોનું નિરાકરણ કરી તેમના ઉપર વિજય મેળવ્યો છે અને જે કારણે આપ અજ્ઞાનરૂપી શત્રુ અથવા મોહનીય કર્મસહિત જ્ઞાનાવરણાદિ ઘાતિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાનરૂપ વિભૂતિ અથવા સમવસરણાદિ લક્ષ્મીના સમ્રાટ થયા છો. તેથી હે અર્હન્ ! આપની હું સ્તુતિ કરું છું. ૫૫.

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તુતિ

(ઉપજાતિ છંદ)

शिवासु पूज्योऽभ्युदयक्रियासु, त्वं वासुपूज्यस्त्रिदशेन्द्रपूज्यः ।
मयाऽपि पूज्योऽल्पधिया मुनीन्द्र, दीपार्चिषा किं तपनो न पूज्यः ॥५६ ॥

(નારાચ છંદ)

તુમ્હીં કલ્યાણ પંચમેં પૂજ્યનીક દેવ હો,
શક્ર રાજ પૂજ્યનીક વાસુપૂજ્ય દેવ હો;
મૈં ભી અલ્પધી મુનીન્દ્ર પૂજ આપકી કરૂં,
ભાનુકે પ્રપૂજ કાજ દીપકી શિખા ધરૂં. ૫૬.

અર્થ:—હે મુનીન્દ્ર ! કલ્યાણકારી સ્વર્ગાવતરણ આદિ કલ્યાણકોની ક્રિયાઓમાં પૂજ્ય વાસુપૂજ્ય નામને ધારણ કરનાર આપ ઇન્દ્ર તથા ચક્રવર્તી આદિ દ્વારા પૂજ્ય હોવાથી અલ્પ બુદ્ધિના ધારક એવા મારા દ્વારા પણ પૂજ્ય છો. શું દીપશિખા દ્વારા સૂર્યની પૂજા નથી થતી ? ૫૬.

न पूजयाऽर्थस्त्वयि वीतरागे, न निन्दया नाथ विवान्तवैरे ।
तथापि ते पुण्यगुणस्मृतिर्नः पुनाति चित्तं दुरिताञ्जनेभ्यः ॥५७॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગ હો તુમ્હેં, ન હર્ષ ભક્તિ કર સકે,
વીતદ્વેષ હો તુમ્હીં ન ક્રોધ શત્રુ હો સકે;
સાર ગુણ તથાપિ હમ કહેં મહાન ભાવસે,
હો પવિત્ર ચિત્ત હમ હટે મલીન ભાવસે. ૫૭.

અર્થ:—હે સ્વામી! જો કે આપ વીતરાગ હોવાથી આપના પ્રત્યે પૂજા કરવાનું કાંઈ પ્રયોજન નથી અને આપ વેરરહિત હોવાથી આપની નિન્દાથી પણ કોઈ અર્થ નથી તોપણ આપના પ્રશસ્ત ગુણોનું સ્મરણ અમારા મનને પાપરૂપી દોષથી પવિત્ર કરે છે. ૫૭.

पूज्यं जिनं त्वाऽर्चयतो जनस्य, सावद्यलेशो बहुपुण्यराशौ ।
दोषाय नालं कणिका विषस्य, न दूषिका शीतशिवाम्बुराशौ ॥५८॥

પૂજનીક દેવ આપ પૂજતે સુચાવસે,
બાંધતે મહાન પુણ્ય જન વિશુદ્ધ ભાવસે;
અલ્પ અઘ ન દોષકર યથા ન વિષ કણા કરે,
શીત શુચિ સમુદ્ર નિત્ય શુદ્ધ હી રહા કરે. ૫૮.

અર્થ:—હે ભગવાન! ઇન્દ્ર આદિ દ્વારા પૂજ્ય તથા કર્મરૂપ શત્રુઓને જીતનાર આપની પૂજા કરનાર મનુષ્યને જે સરાગ પરિણતિ અથવા આરંભજનિત થોડુંક પાપ લાગે છે તે પુણ્યની રાશિમાં દોષ ઉત્પન્ન કરવાને સમર્થ નથી કેમ કે વિષની અલ્પ માત્રા શીતળ અને આહ્લાદદાયક જળવાળા સમુદ્રમાં દોષ ઉત્પન્ન કરી શકતી નથી. ૫૮.

यद्वस्तु बाह्यं गुणदोषसूतेर्निमित्तमभ्यन्तरमूल हेतोः ।
अध्यात्मवृत्तस्य तदङ्गभूतमभ्यन्तरं केवलमप्यलं ते ॥५९॥

વસ્તુ બાહ્ય હૈ નિમિત્ત પુણ્ય પાપ ભાવકા,
હૈ સહાય મૂલભૂત અન્તરંગ ભાવકા;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તતા સ્વભાવમેં ઉસે સહાયકાર હૈ,
માત્ર અન્તરંગ હેતુ કર્મ બંધકાર હૈ. ૫૯.

અર્થ:—જે બાહ્ય સામગ્રી પુણ્ય અને પાપની ઉત્પત્તિના બહિરંગ કારણ છે તે આત્મામાં પ્રવર્તતા અંતરંગ–ઉપાદાનરૂપ મૂળ કારણના સહકારીકારણ છે. હે ભગવાન! આપના મતમાં અંતરંગકારણ બાહ્ય વસ્તુથી નિરપેક્ષ ગુણદોષની ઉત્પત્તિમાં સમર્થ છે. જીવોના અંતરંગ પરિણામ જ પુણ્ય તથા પાપબંધના મૂળ કારણ છે, બાહ્ય પદાર્થ શુભ અને અશુભ પરિણામ થવામાં કેવળ સહકારીકારણ છે. ૫૯.

बाह्येतरोपाधिसमग्रतेयं, कार्येषु ते द्रव्यगतः स्वभावः ।
नैवान्यथा मोक्षविधिश्च पुंसां, तेनाभिवन्द्यस्त्वमृषिर्बुधानाम् ॥६०॥

બાહ્ય અંતરંગ હેતુ પૂર્ણતા લહાય હૈ,
કાર્યસિદ્ધ તહાં હોય દ્રવ્યશક્તિ પાય હૈ
ઔર ભાંતિ મોક્ષમાર્ગ હોય ના ભવીનિકો,
આમ હી સુવંદનીક ગુણી ઋષીનિકો. ૬૦.

અર્થ :—હે ભગવાન! ઘટ આદિ કાર્યોમાં આ જે બાહ્ય અને અભ્યંતર કારણોની પૂર્ણતા છે તે આપના મતમાં જીવાદિ દ્રવ્યગત સ્વભાવ છે. અન્ય પ્રકારે ઘટાદિ કાર્ય બની શકતા નથી. એટલું જ નહીં, પણ મોક્ષાભિલાષી પુરુષોના મોક્ષની વિધિ પણ બની શકતી નથી તેથી પરમ ઋષિઓ અને ગણધરાદિ જ્ઞાનીજનો દ્વારા આપ વંદનીય છો. ૬૦.

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તુતિ

(વંશસ્થ છંદ)

य एव नित्यक्षणिकादयो नया, मिथोऽनपेक्षाः स्वपरप्रणाशिनः ।
त एव तत्त्वं विमलस्य ते मुनेः, परस्परेक्षाः स्वपरोपकारिणः ॥६१॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( ભુજંગ પ્રયાત છંદ )

નિત્યત્વ અનિત્યત્વ નયવાદ સારા,
અપેક્ષા વિના આપપાર નાશકારા;
અપેક્ષા સહિત હૈ સ્વપર કાર્યકારી,
વિમલનાથ તુમ તત્ત્વ હી અર્થકારી. ૬૧.

અર્થ :—જે નય-નિત્ય-અનિત્યાદિ, સત્-અસત્ આદિ છે-તે પરસ્પરમાં અપેક્ષા વિના કહેવામાં આવતાં અન્યમતોમાં નિજ અને પરનો નાશ કરે છે તે જ નયો પરસ્પરની અપેક્ષા રાખીને કહેવામાં આવતાં સ્વ-પરનો ઉપકાર કરનાર થઈને સ્વપરને માટે હે પ્રત્યક્ષજ્ઞાની વિમલનાથ જિનેન્દ્ર ! આપના મતમાં વસ્તુસ્વરૂપરૂપ-સુનય બને છે. ૬૧.

यथैकशः कारकमर्थसिद्धये, समीक्ष्य शेषं स्वसहायकारकम् ।
तथैव सामान्य-विशेषमातृका, नयास्तवेष्टा गुणमुख्यकल्पतः ।।६२।।

યથા એક કારણ નહીં કાર્ય કરતા,
સહાયક ઉપાદાનસે કાર્ય સરતા;
તથા નયકથન મુખ્ય ગૌણં કરત હૈં,
વિશેષ વા સામાન્ય સિદ્ધિ કરત હૈ. ૬૨.

અર્થ:—જેમ એક એક ઉપાદાનકારણ અથવા નિમિત્તકારણ અથવા કર્તાદિ કારકોમાંથી કોઈ એક કારણ પોતાની સહાય કરનાર અન્ય કારકની સારી રીતે અપેક્ષા કરીને કાર્યની સિદ્ધિ કરે છે તેવી જ રીતે સામાન્ય અને વિશેષથી ઉત્પન્ન અથવા સામાન્ય અને વિશેષને જાણનાર અને ગૌણ-મુખ્યની કલ્પનાથી આપને અભિપ્રેત થયો કાર્યની સિદ્ધિ કરે છે. ૬૨.

परस्परेक्षान्वयभेदलिङ्गतः प्रसिद्धसामान्यविशेषयोस्तव ।
समग्रतास्ति स्वपरावभासकं यथा प्रमाणं भुवि बुद्धिलक्षणम् ।।६३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હર એક વસ્તુ સામાન્ય ઔર વિશેષં,
અપેક્ષા કૃત ભેદ અભેદં સુલેખં;
યથા જ્ઞાન જગમેં વહી હૈ પ્રમાણં,
લખે એકદમ આપપર તુમ વખાનં. ૬૩.

અર્થ:—હે ભગવાન! જેમ પૃથ્વી ઉપર સ્વ અને પરને પ્રકાશિત કરનાર જ્ઞાનરૂપ લક્ષણથી યુક્ત પ્રમાણ પ્રસિદ્ધ છે તેવી જ રીતે આપના મતમાં પરસ્પર એક બીજાની અપેક્ષા રાખનાર અભેદ અને ભેદના જ્ઞાનથી પ્રસિદ્ધ સામાન્ય અને વિશેષની પૂર્ણતા વિદ્યમાન છે. ૬૩.

विशेष-वाच्यस्य विशेषणं वचो, यतो विशेष्यं विनियम्यते च यत् ।
तयोश्च सामान्यमतिप्रसज्यते, विवक्षितात्स्यादिति तेऽन्यवर्जनम् ।।६४।।

વચન હૈ વિશેષણ ઉસી વાચ્યકા હી,
જિસે વહ નિયમસે કહે અન્ય નાહી;
વિશેષણ વિશેષ્ય ન હો અતિ પ્રસંગં,
જહાં સ્યાત્ પદ હો ન હો અન્ય સંગં. ૬૪.

અર્થ:—હે ભગવાન્! વાચ્યભૂત વિશેષનું તે વચન કે જેનાથી વિશેષ્ય નિયમિત થાય છે તે વિશેષણ કહેવાય છે અને જે નિયમિત થાય છે તે વિશેષ્ય કહેવાય છે. તે વિશેષણ અને વિશેષ્યમાં જો કે સામાન્યનો પ્રસંગ આવે છે પરંતુ આપના મતમાં કથંચિત્ અર્થના વાચક સ્યાત્પદ દ્વારા વિવક્ષિત વિશેષણ-વિશેષ્યથી અવિવક્ષિત વિશેષણ-વિશેષ્યનો પરિહાર થઈ જાય છે. ૬૪.

ભાવાર્થ:—જેના દ્વારા કોઈ પદાર્થની વિશેષતા બતાવવામાં આવે છે તે વિશેષણ કહેવાય છે અને જેની વિશેષતા બતાવવામાં આવે છે તે વિશેષ્ય કહેવાય છે. જેમ કે 'કાળો સાપ' અહીં 'કાળો' પદ દ્વારા 'સાપ'ની વિશેષતા બતાવવામાં આવી છે તેથી 'કાળો' વિશેષણ છે અને 'સાપ'ની વિશેષતા બતાવવામાં આવી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે માટે 'સાપ' વિશેષ્ય છે. આ વિશેષણ અને વિશેષ્ય ક્યાંક સામાન્ય હોય છે અને ક્યાંક વિશેષ. વક્તા જેનું કથન કરવા ઇચ્છે તે 'વિવક્ષિત' કહેવાય અને જેનું કથન કરવા ન ઇચ્છે તે 'અવિવક્ષિત' કહેવાય છે. સ્યાત્ પદના પ્રભાવથી વિવક્ષિતનું ગ્રહણ થાય છે અને અવિવક્ષિતનું નિરાકરણ થાય છે. ૬૪.

**नयास्तव स्यात्पदसत्यलाञ्छिता, रसोपविद्धा इव लोहधातवः ।**
**भवन्त्यभिप्रेतगुणा यतस्ततो, भवन्तमार्याः प्रणता हितैषिणः ॥६५॥**

યથા લોહ રસબદ્ધ હો કાર્યકારી,
તથા સ્યાત્ સુચિહ્નિત સુનય કાર્યકારી;
કહા આપને સત્ય વસ્તુ સ્વરૂપં,
મુમુક્ષુ ભવિક વન્દતે આપ રૂપં. ૬૫.

અર્થઃ—હે ભગવન્! સ્યાત્પદરૂપી સત્યથી ચિહ્નિત આપના નય રસથી અનુલિપ્ત લોહ ધાતુઓની જેમ ઇષ્ટ ગુણોથી યુક્ત પક્ષમાં સુવર્ણ આદિ ઇષ્ટ પદાર્થના ગુણોથી યુક્ત હોય છે તેથી હિતના ઇચ્છક ગણધર આદિ ઉત્તમ પુરુષ આપને નમ્યા છે. ૬૫.

## ૧૪. શ્રી અનન્ત જિન સ્તુતિ

(વંશસ્થ છંદ)

**अनन्तदोषाशयविग्रहो ग्रहो, विषङ्गवान्मोहमयश्चिरं हृदि ।**
**यतो जितस्तत्त्वरुचौ प्रसीदता, त्वया ततोऽभूर्भगवाननन्तजित् ॥६६॥**

(પદ્ધરી છંદ)

ચિર ચિત્તવાસી મોહી પિશાચ
તન જિસ અનંત દોષાદિ રાચ;
તુમ જિત લિયા નિજ રુચિ પ્રસાદ,
ભગવન્ અનંત જિન સત્ય વાદ. ૬૬.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—જેનું શરીર અનંત રાગાદિ દોષોનો આધાર હતું તથા જે ચિરકાળથી હૃદયમાં સંલગ્ન હતું અથવા મમતાભાવથી સહિત હતું, એવા મોહરૂપી-મિથ્યાત્વરૂપી પિશાચને તત્ત્વશ્રદ્ધામાં પ્રસન્ન રહેનાર આપે જીતી લીધો હતો તેથી આપ ભગવાન અનંત-જિન એવા સાર્થક નામને ધારણ કરનાર થયા. ૬૬.

कषायनाम्नां द्विषतां प्रमाथिनामशेषयन्नाम भवानशेषवित् ।
विशोषणं मन्मथ–दुर्मदाऽऽमयं, समाधि–भैषज्य–गुणैर्व्यलीनयत् ।६७।

કલ્વષકારી રિપુ ચવ કષાય,
મન્મથમદ રોગ જુ તાપદાય;
નિજ ધ્યાન ઔષધિ ગુણ પ્રયોગ,
નાશે હૂવે સબવિત્ સયોગ. ૬૭.

અર્થ :—હે ભગવન્! આપ, દુઃખ આપનાર કષાય નામના શત્રુઓનું નામ હૃદયમાંથી સમાપ્ત કરીને સર્વજ્ઞ થયા છો તથા આપે ધ્યાનરૂપ ઔષધિના ગુણોવડે સંતાપકારક કામદેવના દુષ્ટ મદરૂપી રોગનો નાશ કર્યો છે. ૬૭.

परिश्रमाम्बुर्भयवीचिमालिनी, त्वया स्वतृष्णा–सरिदार्य ! शोषिता ।
असङ्ग–धर्मार्क–गभस्ति–तेजसा, परं ततो निर्वृत्तिधाम तावकम् ॥६८॥

ખેદ અંબુ ભયગણ તરંગ,
અસી સરિતા તૃષ્ણા અભંગ;
સોખી અભંગ રવિકર પ્રતાપ,
હો મોક્ષ તેજ જિનરાજ આપ. ૬૮.

અર્થ :—જેમાં પરિશ્રમ રૂપ જળ ભર્યું છે અને ભયરૂપ તરંગમાળાઓ ઊછળી રહી છે એવી પોતાની ભોગાકાંક્ષારૂપ નદીને હે આર્ય! આપે અપરિગ્રહરૂપ ગ્રીષ્મકાલીન સૂર્યના કિરણોના તેજથી સૂકવી નાખી છે તેથી આપનું નિર્વૃત્તિ-તેજ ઉત્કૃષ્ટ છે. ૬૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुहृत्त्वयि श्रीसुभगत्वमश्नुते, द्विषंस्त्वयि प्रत्ययवत् प्रलीयते ।
भवानुदासीनतमस्तयोरपि, प्रभो ! परं चित्रमिदं तवेहितम् ॥६९॥

તુમ પ્રેમ કરેં વે ધન લહંત,
તુમ દ્વેષ કરેં હો નાશવંત;
તુમ દોનોં પર હો વીતરાગ,
તુમ ધારત હો અદ્‌ભુત સુહાગ. ૬૯.

અર્થઃ—હે ભગવન્ ! આપના પ્રત્યે જે ભક્તિભાવ રાખે છે તે ભાગ્યશાળી બની જાય છે અને આપના પ્રત્યે દ્વેષ રાખનાર-અભક્ત પુરુષ 'ક્વિપ્' પ્રત્યયની જેમ નાશ પામે છે પરંતુ આપ તે બન્ને-ભક્ત અને અભક્ત-પુરુષોના વિષયમાં અત્યંત ઉદાસીન છો - રાગદ્વેષ રહિત છો. હે પ્રભો ! આપની આ ચેષ્ટા અત્યંત આશ્ચર્યકારક છે. ૬૯.

त्वमीदृशस्तादृश इत्ययं मम, प्रलापलेशोऽल्पमतेर्महामुने ।
अशेषमाहात्म्यमनीरयन्नपि, शिवाय संस्पर्श इवाऽमृताम्बुधेः ॥७०॥

તુમ ઐસે હો વૈસે મુનીશ,
મુઝ અલ્પબુદ્ધિકા કથન ઈશ;
નહિં સમરથ સર્વ માહાત્મજ્ઞાન,
સુખકર અમૃત સાગર સમાન. ૭૦.

અર્થ :— હે સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ જાણનાર મુનિનાથ ! 'આપ આવા છો, તેવા છો' એવો, મારા જેવા અલ્પ બુદ્ધિનો થોડો પ્રલાપ આપનો સમસ્ત મહિમા કહી ન શકવા છતાં પણ સુધાસાગરના સંસ્પર્શની જેમ મોક્ષસુખની પ્રાપ્તિનું કારણ છે. જેમ અમૃતથી ભરેલા સમુદ્રનો સ્પર્શ માત્ર પણ સુખદાયક છે તેમ આપના સંપૂર્ણ મહિમાનું કથન ન કરી શકવા છતાં મારો થોડોક પ્રલાપ પણ કલ્યાણનો જ હેતુ છે. ૭૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૧૫. શ્રી ધર્મ જિન સ્તુતિ

( રથોદ્ધતા છંદ )

**धर्मतीर्थमनघं प्रवर्तयन्, धर्म इत्यनुमतः सतां भवान् ।**
**कर्मकक्षमदहत्तपोऽग्निभिः, शर्म शाश्वतमवाप शंकरः ॥७१॥**

( સ્રગ્વિણી છંદ )

ધર્મ સત્ તીર્થકો જગ પ્રવર્તન કિયા,
ધર્મ હી આપ હૈં સાધુગુણ લખ લિયા;
ધ્યાનમય અગ્નિસે કર્મવન દગ્ધ કર,
સૌખ્ય શાશ્વત લિયા સત્ય શંકર અમર. ૭૧.

અર્થ :—હે ધર્મ જિન! આપે નિર્દોષ ધર્મતીર્થ પ્રવર્તાવ્યું છે તેથી આપ સત્પુરુષોદ્વારા 'ધર્મ' એવા સાર્થક નામયુક્ત માનવામાં આવ્યા છો. આપે તપ રૂપી અગ્નિ દ્વારા કર્મરૂપી વનને બાળી નાખ્યું છે અને અવિનાશી સુખ પ્રાપ્ત કર્યું છે તેથી આપ સત્પુરુષો દ્વારા 'શંકર' એવા નામથી માન્ય થયા છો. ૭૧.

**देव–मानव–निकाय–सत्तमै, रेजिषे परिवृतो वृतो बुधैः ।**
**तारका–परिवृतोऽतिपुष्कलो, व्योमनीव शशलाञ्छनोऽमलः ॥७२॥**

દેવ માનવ ભવિકવૃન્દસે સેવિતં,
બુદ્ધ ગણધર પ્રપૂજિત મહાશોભિતં;
જિસ તરહ ચંદ્રમા નવ સુનિર્મલ લસે,
તારકા વેષ્ટિતં શાંતિમય હુલસે. ૭૨.

અર્થ :—હે ધર્મ જિન! દેવો અને મનુષ્યોમાં અત્યંત શ્રેષ્ઠ ભવ્ય જીવો વડે ચારે બાજુએથી વિંટળાયેલા અને ગણધરાદિ વિદ્વાનોથી ઘેરાયેલા આપ આકાશમાં તારાઓથી વિંટળાયેલા ઘન-પટલાદિ મળરહિત સંપૂર્ણ ચન્દ્રમા સમાન સુશોભિત થયા હતા. ૭૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रातिहार्यविभवैः परिष्कृतो, देहतोऽपि विरतो भवानभूत् ।
मोक्षमार्गमशिषन्नरामरान् नापि शासनफलैषणातुरः ॥७३॥

પ્રાતિહારજ વિભવ આપકે રાજતી,
દેહસે ભી નહીં રાગતા છાજતી;
દેવ માનવ સહિત મોક્ષમગ કહ દિયા,
હોય શાસનફલં યહ ન ચિત્તમેં દિયા. ૭૩.

અર્થ:—હે ભગવાન્! આપ સિંહાસનાદિ પ્રાતિહાર્યો અને સમવસરણાદિ વિભૂતિઓથી વિભૂષિત હોવા છતાં પણ ફક્ત તેમનાથી જ નહિ પણ શરીરથી યે મમત્વ રહિત હતા. આપે મનુષ્યો અને દેવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો હતો છતાં પણ આપ ઉપદેશના ફળની ઈચ્છાથી વ્યગ્ર થયા નહોતા. ૭૩.

कायवाक्यमनसां प्रवृत्तयो, नाऽभवंस्तव मुनेश्चिकीर्षया ।
नाऽसमीक्ष्य भवतः प्रवृत्तयो, धीर ! तावकमचिन्त्यमीहितम् ॥७४॥

આપકી મન વચન કાયકી સબ ક્રિયા,
હોય ઇચ્છા વિના કર્મકૃત યહ ક્રિયા;
હે મુને! જ્ઞાન વિન હૈં ન તેરી ક્રિયા,
ચિત નહીં કર સકે ભાન અદ્‌ભુત ક્રિયા. ૭૪.

અર્થ:—હે નાથ! આપ પ્રત્યક્ષ જ્ઞાનીના શરીર, વાણી અને મનની પ્રવૃત્તિઓ કરવાની ઇચ્છાથી થઈ નથી તથા આપની પ્રવૃત્તિ વસ્તુ સ્વરૂપને જેમ છે તેમ જાણ્યા વિના પણ થઇ નથી. હે ધીર! આપનું ચરિત્ર અચિન્ત્ય છે. ૭૪

मानुषीं प्रकृतिमभ्यतीतवान्, देवतास्वपि च देवता यतः ।
तेन नाथ ! परमाऽसि देवता, श्रेयसे जिनवृष ! प्रसीद नः ॥७५॥

આપને માનુષી ભાવકો લાંઘકર,
દેવગણસે મહા પૂજ્યપન પ્રાપ્ત કર;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હો મહાદેવ આપ હૈ ધરમ નાથજી,
દીજિયે મોક્ષપદ હાથ શ્રી સાથજી. ૭૫.

અર્થ:—હે ભગવાન્! આપ માનવસ્વભાવને ઓળંગી ગયા છો અને ઇન્દ્ર ચન્દ્ર આદિ દેવોમાં પણ પૂજ્ય છો તેથી હે સ્વામી! આપ ઉત્કૃષ્ટ દેવ છો. હે જિનેન્દ્ર! આપ અમારા કલ્યાણ માટે પ્રસન્ન થાવ અર્થાત્ આપની ભક્તિ અમારું આત્મહિત કરવામાં સાધકતમ નિમિત્ત હો. ૭૫.

## ૧૬. શ્રી શાન્તિનાથ જિન સ્તુતિ

(ઉપજાતિ છંદ)

**विधाय रक्षां परतः प्रजानां, राजा चिरं योऽप्रतिमप्रतापः ।**
**व्यधात्पुरस्तात् स्वत एव शान्तिर्मुनिर्दयामूर्तिरिवाऽघशान्तिम् ।।७६।।**

(નારાચ છંદ)

પરમ પ્રતાપ ધર જુ શાંતિનાથ રાજ્ય બહુ કિયા,
મહાન શત્રુકો વિનાશ સર્વ જન સુખી કિયા;
યતીશ પદ મહાન ધાર દયામૂર્તિ બન ગએ,
આપહીસે આપકે કુપાપ સબ શમન ભએ. ૭૬.

અર્થ:—જે શાન્તિનાથ જિનેન્દ્ર શત્રુઓથી પ્રજાજનોનું રક્ષણ કરીને ચિરકાળ સુધી પહેલાં અતુલ્ય પરાક્રમી રાજા થયા અને પછી પોતે જ મુનિ થઇને જેમણે દયાની મૂર્તિની પેઠે પાપોની શાન્તિ કરી. ૭૬.

**चक्रेण यः शत्रुभयंकरेण, जित्वा नृपः सर्वनरेन्द्रचक्रम् ।**
**समाधिचक्रेण पुनर्जिगाय, महोदयो दुर्जयमोहचक्रम् ।।७७।।**

પરમ વિશાલ ચક્રસે જુ સર્વ શત્રુ ભયકરં,
નરેન્દ્રકે સમૂહકો સુજીત ચક્રધર વરં;
હુએ યતીશ આત્મધ્યાન ચક્રકો ચલાઇયા,
અજેય મોહ નાશકે મહાવિરાગ પાઇયા. ૭૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—ગર્ભાવતરણ આદિ કલ્યાણકોની પરંપરાથી યુક્ત જે શાન્તિનાથ જિનેન્દ્ર ગૃહસ્થાવસ્થામાં શત્રુઓને ભય ઉત્પન્ન કરનાર સુદર્શનચક્ર દ્વારા સમસ્ત રાજાઓને જીતીને ચક્રવર્તી થયા અને પછી વીતરાગ અવસ્થામાં જેમણે ધ્યાનરૂપ ચક્રદ્વારા કઠિનાઇથી જીતી શકાય તેવા મોહનીયકર્મના ચક્રને જીત્યું હતું. ૭૭.

**राजश्रिया राजसु राजसिंहो रराज यो राजसुभोगतन्त्रः ।**
**आर्हन्त्य लक्ष्म्या पुनरात्मतन्त्रो देवाऽसुरोदार सभे रराज ।।७८।।**

રાજસિંહ રાજ્યકીય ભોગ યા સ્વતંત્ર હો,
શોભતે નૃપોંકે મધ્ય રાજ્ય લક્ષ્મિતંત્ર હો;
પાયકે અર્હંત લક્ષ્મિ આપમેં સ્વતંત્ર હો,
દેવ નર ઉદાર સભા શોભતે સ્વતંત્ર હો. ૭૮.

અર્થ:—રાજાઓમાં શ્રેષ્ઠ તથા રાજાઓના ઉત્તમ ભોગોને આધીન અથવા ઉત્તમ રાજાઓને સ્વાધીન રાખનાર, જે શાન્તિનાથ જિનેન્દ્ર સરાગ અવસ્થામાં રાજાઓની મધ્યમાં રાજ્ય લક્ષ્મીદ્વારા સુશોભિત થયા હતા અને પછી વીતરાગાવસ્થામાં આત્માધીન થઈ દેવ-ધરણેન્દ્રાદિની મહાન સભામાં અષ્ટપ્રાતિહાર્યરૂપ બાહ્ય અને અનંતજ્ઞાનાદિરૂપ અંતરંગ વિભૂતિથી સુશોભિત થયા હતા. ૭૮.

**यस्मिन्नभूद्राजनि राजचक्रं, मुनौ दयादीधिति-धर्मचक्रम् ।**
**पूज्ये मुहुः प्राञ्जलि देवचक्रं, ध्यानोन्मुखे ध्वंसि कृतान्तचक्रम् ।।७९।।**

ચક્રવર્તિ પદ નૃપેન્દ્ર ચક્ર હાથ જોડિયા,
યતીશ પદમેં દયાર્દ્ર ધર્મચક્ર વશ કિયા;
અર્હન્ત પદ દેવ ચક્ર હાથ જોડ નત કિયા,
ચતુર્થ શુક્લ ધ્યાન કર્મ નાશ મોક્ષ વર લિયા. ૭૯.

અર્થ:—જે શાન્તિનાથ ભગવાન રાજા હતા ત્યારે રાજાઓનો સમૂહ તેમની સામે હાથ જોડીને ઉભો રહ્યો અને જ્યારે તેઓ મુનિ થયા ત્યારે દયારૂપ કિરણોથી યુક્ત ઉત્તમ ક્ષમા આદિ ધર્મોનો સમૂહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપને આધીન થયો અથવા જેઓ સર્વ પદાર્થોને પ્રત્યક્ષ જાણનાર કેવળજ્ઞાની થયા ત્યારે દયારૂપ કિરણોથી યુક્ત દેવરચિત ધર્મચક્ર આપને આધીન થયું હતું, જે શાન્તિનાથ ભગવાન પૂજ્ય થતાં–સમવસરણમાં સ્થિત થઈને ધર્મનો ઉપદેશ કરતી વખતે દેવોનો સમૂહ વારંવાર હાથ જોડીને ઉભો હતો અને જેઓ વ્યુપરતક્રિયાનિવર્તિ નામક ચતુર્થ શુકલધ્યાનની સન્મુખ થયા ત્યારે ક્ષયને પ્રાપ્ત થયેલો કર્મોનો સમૂહ શરણની ભીખ માગતો હાથ જોડીને ઉભો હતો. ૭૯.

**स्वदोष–शान्त्या विहितात्मशान्तिः, शान्तेर्विधाता शरणं गतानाम् ।**
**भूदाद्भव–क्लेश–भयोपशान्त्यै, शान्तिर्जिनो मे भगवान् शरण्यः ।८०।**

રાગદ્વેષ નાશ આત્મશાંતિકો બઢાઈયા,
શરણ જો લેય આપકી વહી સુશાંતિ પાઈયા;
ભગવન્ શરણ્ય શાન્તિનાથ ભાવ ઐસા હૈ સદા,
દૂર હોં સંસાર કલેશ ભય ન હો મુઝે કદા. ૮૦.

**અર્થઃ**—પોતાના રાગાદિ દોષોની શાન્તિથી જેમને આત્મશાંતિની પ્રાપ્તિ થઈ છે, જે શરણે આવેલા જીવોને શાન્તિ આપે છે, જે કર્મરૂપ શત્રુઓને જીતનાર છે, વિશિષ્ટ જ્ઞાન અથવા લોકોત્તર ઐશ્વર્ય સહિત છે અને શરણ આપવામાં નિપુણ છે તે શાન્તિનાથ જિનેન્દ્ર મારા સંસાર પરિભ્રમણ, કલેશ અને ભયોની શાન્તિ માટે નિમિત્ત કારણ થાવ. ૮૦.

## ૧૭. શ્રી કુન્થુનાથ જિન સ્તુતિ

(વસંતતિલકા છંદ)

**कुन्थुप्रभृत्यखिल-सत्वदयैकतानः,**
**कुन्थुर्जिनो ज्वर-जरा-मरणोपशान्त्यै ।**
**त्वं धर्मचक्रमिह वर्तयसि स्म भूत्यै,**
**भूत्वा पुराक्षितिपतीश्वर-चक्र-पाणिः ।।८१।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( ત્રોટક છંદ )

જય કુંથુનાથ નૃપ ચક્રધરં,
યતિ હો કુન્થ્વાદિ દયાર્દ્ર પરં;
તુમ જન્મ-જરા-મરણાદિ શમન,
શિવહેતુ ધર્મપથ પ્રગટ કરન. ૮૧,

અર્થ :—કંથવા વગેરે સર્વ જીવો પ્રત્યે પૂર્ણ દયા ધારણ કરવામાં એકતાન થઈને હે કુન્થુનાથ ભગવાન! આપે આ સંસારમાં સમસ્ત રોગ-વૃદ્ધાવસ્થા અને મૃત્યુના વિનાશ સાથે મોક્ષલક્ષ્મી માટે ધર્મચક્રનું—રત્નત્રયમય ધર્મચક્રનું પ્રવર્તન કર્યું છે. હે ભગવાન્! પહેલાં આપે ગૃહસ્થાવસ્થામાં રાજવિભૂતિના નિમિત્તે હાથમાં ચક્ર ધારણ કરી મોટા મોટા રાજાઓના સ્વામીનું પદ ધારણ કર્યું હતું. ૮૧.

तृष्णार्चिषः परिदहन्ति न शान्तिरासा,
मिष्टेन्द्रिदार्थ-विभवैः परिबृद्धिरेव ।
स्थित्यैव काय-परितापहरं निमित्त,
मित्यात्मवान् विषयसौख्यपराङ्मुखोऽभूत् ॥८२॥

તૃષ્ણાગ્નિ દહત નહિ હોય શમન,
મન-ઈષ્ટ ભોગકર હોય બઢન;
તન-તાપ-હરણ કારણ ભોગં,
ઈમ લખ નિજવિદ્ ત્યાગે ભોગં. ૮૨.

અર્થ:—વિષયાકાંક્ષારૂપ અગ્નિની જવાળાઓ આ જીવને ચારે તરફથી જલાવે છે, ઇષ્ટ ઇન્દ્રિયોના વિષયોથી આ વિષયાકાંક્ષારૂપ અગ્નિની જવાળાઓની શાન્તિ થતી નથી પરંતુ બધી રીતે વૃદ્ધિ જ થાય છે. આ વૃદ્ધિ ઇન્દ્રિયવિષયોના સ્વભાવથી જ થાય છે, અને શરીરનો સંતાપ દૂર કરવામાં નિમિત્તકારણ માત્ર છે, પણ વિષયાકાંક્ષારૂપ અગ્નિ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્વાળાઓનું ઉપશમન કરતું નથી. હે ભગવન્! આ બધાનો વિચાર કરીને જ જિતેન્દ્રિય થઈને આપ વિષય જન્ય સુખથી પરાઙ્મુખ થયા છો. ૮૨.

**बाह्यं तपः परमदुश्चरमाचरंस्त्व-**
**माध्यात्मिकस्य तपसः परिबृंहणार्थम् ।**
**ध्यानं निरस्य कलुषद्वयमुत्तरस्मिन्,**
**ध्यानद्वये वव्रृतिषेऽतिशयोपपन्ने ॥८३॥**

**બાહર તપ દુષ્કર તુમ પાલા,**
**જિન આતમ ધ્યાન બઢે આલા;**
**દ્વય ધ્યાન અશુભ નહિં નાથ કરે,**
**ઉત્તમ દ્વય ધ્યાન મહાન ધરે. ૮૩.**

**અર્થ :**—હે ભગવાન! આપે અંતરંગ તપની વૃદ્ધિ માટે અત્યંત કઠિન અનશનાદિ બાહ્ય તપનું આચરણ કર્યું હતું તથા આર્ત્ત રૌદ્ર રૂપ બે દુર્ધ્યાનોને છોડીને આપ ઉત્કૃષ્ટ, સાતિશય આગળના ધર્મધ્યાન અને શુકલધ્યાન—આ બે ધ્યાનોમાં સ્થિર થયા હતા. ૮૩

**हुत्वा स्वकर्म-कटुकप्रकृतीश्चतस्त्रो,**
**रत्नत्रयातिशयतेजसि जातवीर्यः ।**
**बभ्राजिषे सकलवेदविधेर्विनेता,**
**व्यभ्रे यथा वियति दीप्तरुचिर्विवस्वान् ॥८४॥**

**નિજ ઘાતીકર્મ વિનાશ કિયે,**
**રત્નત્રય તેજ સ્વવીર્ય લિયે;**
**સબ આગમકે વકતા રાજૈં,**
**નિર્મલ નભ જિમ સૂરજ છાજૈં. ૮૪.**

**અર્થ :**—હે ભગવાન! આપ પોતાના કર્મોની ચાર કટુક પ્રકૃતિઓને સમ્યગ્દર્શનાદિ રત્નત્રયની પ્રકૃષ્ટતારૂપ અગ્નિમાં હોમી દઈને સામર્થ્યવાન અનંતવીર્યના સ્વામી થયા. તથા સમસ્ત લોકાલોકના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનના વિધાયક પરમાગમના પ્રણેતા થઈને એવી શોભા પામ્યા જેવી રીતે મેઘરહિત આકાશમાં તેજસ્વી સૂર્ય શોભા પામે છે. ૮૪.

यस्मान्मुनींद्र तवलोकपितामहाद्या,
विद्या-विभूति-कणिकामपि नाप्नुवन्ति ।
तस्माद्भवन्तभजमप्रतिमेयमार्याः
स्तुत्यं स्तुवन्ति सुधियः स्वहितैकतानाः ॥८५॥

યતિપતિ તુમ કેવળજ્ઞાન ધરે,
બ્રહ્માદિ અંશ નહિ પ્રાપ્ત કરે;
નિજ હિત રત આર્ય સુધી તુમકો,
અજ જ્ઞાની અર્હ નમૈં તુમકો. ૮૫.

અર્થ :—હે મુનિઓના નાથ! બ્રહ્મા આદિ લૌકિક દેવો આપની કેવળજ્ઞાનરૂપ વિદ્યા અને સમવસરણરૂપ વિભૂતિનો એક અંશ માત્ર પણ પ્રાપ્ત કરતા નથી તેથી જન્મરહિત, અપરિમિત—અનંત અને સ્તુતિ યોગ્ય આપની ઉત્તમ બુદ્ધિના ધારક, એક આત્મહિતમાં નિમગ્ન, મોક્ષના અભિલાષી ગણધરાદિ દેવ સ્તુતિ કરે છે. ૮૫.

## ૧૮. શ્રી અરનાથ જિન સ્તુતિ

(પથ્યાવક્ત્રં છંદ)

गुणस्तोकं सदुल्लङ्घ्य तद्बहुत्व-कथा स्तुतिः ।
आनन्त्यात्ते गुणा वक्तुमशक्यास्त्वयि साकथम् ॥८६॥

(પદ્ધરી છંદ)

ગુણ થોડે બહુત કહે બહાય,
જગમેં થુતિ સોહી નામ પાય;
તેરે અનંત ગુણ કિમ કહાય,
સ્તુતિ તેરી કોઈ વિધિ ન થાય. ૮૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—વિદ્યમાન અલ્પ ગુણોનું ઉલ્લંઘન કરીને તે ગુણોની અધિકતાનું કથન કરવું, તેને સ્તુતિ કહેવામાં આવે છે પરંતુ આપના ગુણો અનંત હોવાથી તેમનું કથન કરવું અશક્ય છે તેથી આપના વિષયમાં તે સ્તુતિ કેવી રીતે સંભવી શકે? ૮૬.

तथापि ते मुनीन्द्रस्य यतो नामापि कीर्तितम् ।
पुनाति पुण्यकीर्तेनस्ततो ब्रूयाम किञ्चन ॥८७॥

તૌ ભી મુનીન્દ્ર શુચિ કીર્તિ ધાર,
તેરા પવિત્ર શુભ નામ સાર;
કીર્તનસે મન હમ શુદ્ધ હોય,
તાતેં કહના કુછ શક્તિ જોય. ૮૭.

અર્થ :—જો કે આપના ગુણોની સ્તુતિ અશક્ય છે તોપણ પ્રશસ્ત યશ, વાણી અથવા ખ્યાતિના ધારક તથા ગણધરાદિ મુનિઓના સ્વામી આપનું ઉચ્ચરેલું નામ પણ અમને પવિત્ર કરે છે તેથી કાંઈક કહીએ છીએ. ૮૭.

लक्ष्मी-विभव-सर्वस्वं मुमुक्षोश्चक्रलाञ्छनम् ।
साम्राज्यं सार्वभौमं ते जरत्तृणमिवाभवत् ॥८८॥

તુમ મોક્ષ ચાહકો ધાર નાથ,
જો ભી લક્ષ્મી સમ્પૂર્ણ સાથ;
સબ ચક્ર ચિહ્ન સહ ભરત-રાજ્ય,
જીરણ તૃણવત્ છોડા સુરાજ્ય. ૮૮.

અર્થ :—હે ભગવન્! લક્ષ્મીની વિભૂતિ રૂપ સર્વસ્વ સહિત તથા સુદર્શન ચક્રરૂપ ચિહ્ન સહિત સમસ્ત પૃથ્વીનું જે આપનુ સામ્રાજ્ય હતું તે મોક્ષની ઇચ્છા થતાં આપે જીર્ણ તૃણની સમાન છોડી દીધું. ૮૮.

तव रूपस्य सौन्दर्यं दृष्ट्वा तृप्तिमनापिवान् ।
द्वयक्षः शक्रः सहस्राक्षो बभूव बहुविस्मयः ॥८९॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તુમ રૂપ પરમ સુન્દર વિરાજ,
દેખનકો ઉમગા ઈન્દ્ર રાજ;
દો-લોચન-ધર કર સહસ નયન,
નહિં તૃપ્ત હુઆ આશ્ચર્ય ભરન. ૮૯.

અર્થ :— હે ભગવાન! આપના રૂપની સુન્દરતા જોઈને સંતોષ ન પામનાર બે નેત્રોના ધારક ઈન્દ્રે એક હજાર આંખો બનાવીને આપને જોયા તો પણ તૃપ્તિ ન થઈ અને તેને ભારે આશ્ચર્ય થયું. ૮૯.

मोहरूपो रिपुः पापः कषाय-भट-साधनः ।
दृष्टि-संविदुपेक्षास्त्रैस्त्वया धीर ! पराजितः ॥९०॥

જો પાપી સુભટ-કષાય ધાર,
ઐસા રિપુ મોહ અનર્થકાર;
સમ્યક્ત જ્ઞાન સંયમ સમ્હાર,
ઈન શસ્ત્રનસે કીના સંહાર. ૯૦.

અર્થ :—પરિષહાદિથી જેમનું ચિત્ત કદી ક્ષોભ પામતું નથી એવા હે અરનાથ જિનેન્દ્ર! આપે પાપરૂપ તથા કષાયરૂપ યોદ્ધાઓની સેના સહિત મોહનીયકર્મરૂપી શત્રુને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ શસ્ત્રોદ્વારા પરાજિત કર્યો છે. ૯૦.

कन्दर्पस्योद्धुरो दर्पस्त्रैलोक्यविजयार्जितः ।
ह्रेपयामास तं धीरे त्वयि प्रतिहतोदयः ॥९१॥

યહ કામ ધરત બહુ અહંકાર,
ત્રય લોક પ્રાણિગણ વિજયકાર;
તુમરે ઢિગ પાઈ ઉદયહાર,
તબ લજ્જિત હુઆ હૈ અપાર. ૯૧.

અર્થ :—ત્રણ લોકના વિજયથી ઉપાર્જિત કામદેવના દુર્નિવાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહંકારને આપે લજ્જિત કર્યો હતો; કેમકે ધીર-વીર એવા આપના વિષયમાં (તેની કળા ન ચાલવાથી) તેનો બધો ગર્વ ખંડિત થઈ ગયો. ૯૧.

आयत्यां च तदात्वे च दुःखयोनिर्दुरुत्तरा ।
तृष्णानदी त्वयोत्तीर्णा विद्या-नावा विविक्तया ॥९२॥

તૃષ્ણા સરિતા અતિ હી ઉદાર,
દુસ્તર ઈહ પરભવ દુઃખકાર;
વિદ્યા-નૌકા ચઢ રાગરિક્ત,
ઉતરે તુમ પાર પ્રભૂ વિરક્ત. ૯૨.

અર્થ:—હે ભગવન્! આપે આ લોક અને પરલોકમાં જે દુઃખોની ઉત્પત્તિનું કારણ છે તથા જેનો પાર પામવો અત્યંત મુશ્કેલ છે એવી તૃષ્ણારૂપી નદી નિર્દોષ વિદ્યા દ્વારા—સમ્યગ્જ્ઞાનરૂપી નૌકા વડે પાર કરી લીધી છે. ૯૨.

अन्तकः क्रन्दको नृणां जन्म-ज्वर-सखा सदा ।
त्वामन्तकान्तकं प्राप्य व्यावृत्तः कामकारतः ॥९३॥

યમરાજ જગતકો શોકકાર,
નિત જરા જન્મ હૈ સખા ધાર;
તુમ યમવિજયી લખ હો ઉદાસ,
નિજ કાર્ય કરન સમરથ ન તાસ. ૯૩

અર્થ:—હે ભગવન્! પુનર્જન્મ અને જ્વર આદિ રોગોનો મિત્ર તથા હમેશાં મનુષ્યોને રોવડાવનાર યમ, યમનો નાશ કરનાર આપને પામીને પોતાની સ્વચ્છંદી પ્રવૃત્તિથી અટકી ગયો છે. ૯૩.

भूषा-वेषाऽऽयुध-त्यागि विद्या-दम-दया-परम् ।
रूपमेव तवाचष्टे धीर! दोष-विनिग्रहम् ॥९४॥

હે ધીર! આપકા રૂપ સાર,
ભૂષણ આયુધ વસનાદિ ટાર,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિદ્યા દમ કરુણામય પ્રસાર,
કહતા પ્રભુ દોષ રહિત અપાર. ૯૪

અર્થ :—હે ધીર! આભૂષણો, વેષ અને શસ્ત્રોનો ત્યાગ કરનાર તથા જ્ઞાન, ઇન્દ્રિયદમન અને દયામાં તત્પર આપનું રૂપ જ રાગાદિ દોષોના અભાવને પ્રગટ કરે છે. ૯૪.

समन्ततोऽङ्गभासां ते परिवेषेण भूयसा ।
तमो बाह्यमपाकीर्णमध्यात्मं ध्यानतेजसा ।।९५।।

તેરા વપુ ભામંડલ પ્રસાર,
હરતા સબ બાહર તમ અપાર;
તવ ધ્યાન તેજકા હૈ પ્રભાવ,
અંતર અજ્ઞાન હરૈ કુભાવ. ૯૫.

અર્થ :—હે ભગવન્! ચારે બાજુ ફેલાતા, આપના શરીરની પ્રભાના વિશાળ મંડળદ્વારા બાહ્ય અંધકાર નાશ પામ્યો છે અને ધ્યાનરૂપ તેજ દ્વારા જ્ઞાનાવરણાદિ કર્મરૂપ અંતરંગ અંધકાર નષ્ટ થયો છે. ૯૫.

सर्वज्ञ ज्योतिषोद्भूतस्तावको महिमोदयः ।
कं न कुर्यात् प्रणम्रं ते सत्त्वं नाथ! सचेतनम् ।।९६।।

સર્વજ્ઞ જ્યોતિસે જો પ્રકાશ,
તેરી મહિમાકા જો વિકાશ;
હૈ કૌન સચેતન પ્રાણિ નાથ,
જો નમન કરૈ નહિં નાય માથ. ૯૬

અર્થ :—હે અરનાથ જિનેન્દ્ર! સર્વ પદાર્થોને જાણનાર કેવળજ્ઞાન રૂપી જ્યોતિથી ઉત્પન્ન થયેલ આપના મહિમાનો ઉદય કયા વિવેકી પ્રાણીને નમ્રીભૂત ન કરી દે? અર્થાત્ સર્વને નમ્ર બનાવે છે. ૯૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

तव वागमृतं श्रीमत्सर्वभाषा-स्वभावकम् ।
प्रीणयत्यमृतं यद्वत्प्राणिनो व्यापि संसदि ॥९७॥

તુમ વચનામૃત તત્ત્વ પ્રકાશ,
સબ ભાષામય હોતા વિનાશ;
સબ સભા વ્યાપકર તૃપ્તકાર,
પ્રાણિનકો અમૃતવત્ વિચાર. ૯૭.

અર્થ:—હે ભગવન્! પદાર્થોના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કરવારૂપ લક્ષ્મી યુક્ત, સમસ્ત ભાષાઓરૂપે પરિણમવાના સ્વભાવવાળું અને સમવસરણમાં વ્યાપનારું આપનું વચનામૃત અમૃતની જેમ પ્રાણીઓને સંતોષ આપે છે. ૯૭.

अनेकान्तात्मदृष्टिस्ते सती शून्यो विपर्ययः ।
ततः सर्वं मृषोक्तं स्यात्तदयुक्तं स्वघाततः ॥९८॥

તુમ અનેકાંત મત હી યથાર્થ,
યાતેં વિપરીત નહીં યથાર્થ;
એકાંત દૃષ્ટિ હૈ મૃષા વાક્ય,
નિજ ઘાતક સર્વ અયોગ્ય વાક્ય. ૯૮.

અર્થ:—હે ભગવાન્! આપની અનેકાંતરૂપ દૃષ્ટિ સત્યાર્થ છે, તેનાથી વિપરીત એકાન્તમત શૂન્યરૂપ અસત્ છે તેથી તે અનેકાંત દૃષ્ટિ રહિત સર્વ કથન સ્વઘાતક હોવાથી મિથ્યારૂપ છે અથવા એકાન્તમતના આશ્રયે કહેલું સમસ્ત વસ્તુસ્વરૂપ અસત્ય છે તથા સ્વઘાતક હોવાથી તે અનુચિત છે. ૯૮.

ये परस्खलितोन्निद्राः स्वदोषेभनिमीलिनः ।
तपस्विनस्ते किं कुर्युरपात्रं त्वन्मताश्रियः ॥९९॥

એકાંતી તપસી માન ધાર,
નિજ દોષ નિરખ ગજ નયન ધાર;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે અનેકાંત ખંડન અયોગ્ય,
તુઝ મત લક્ષ્મીકે હૈં અયોગ્ય. ૯૯.

અર્થ :— જે એકાન્તવાદી પર અર્થાત્ અનેકાંતમતના દોષો દેખવામાં જાગૃત રહે છે અને સ્વ અર્થાત પોતાના એકાન્ત દોષો-સ્વઘાતત્વ આદિ દોષોના વિષયમાં આંખ આડા કાન કરે છે અર્થાત્ તેમને જોવા છતાં જોયા ન હોવાનો દેખાવ કરે છે તે બિચારાઓ શું કરે ? કારણ કે સ્વપક્ષની સિદ્ધિ અને પર પક્ષના નિરાકરણમાં તેઓ અસમર્થ છે તથા આપના મત રૂપી લક્ષ્મીને માટે અપાત્ર છે. ૯૯.

ते तं स्वघातिनं दोषं शमीकर्तुमनीश्वराः ।
त्वद्विषः स्वहनो बालास्तत्वावक्तव्यतां श्रिताः ॥१००॥

એકાંતી નિજ ઘાતક જુ દોષ,
સમરથ નહિ દૂર કરણ સદોષ;
તુમ દ્વેષ ધાર નિજ હનનકાર,
માનૈં અવાચ્ય સબ વસ્તુ સાર. ૧૦૦.

અર્થ :— તે એકાન્તવાદી તે પૂર્વોકત સ્વઘાતી દોષોનું શમન કરવાને અસમર્થ છે, અનેકાન્તવાદી પ્રત્યે દ્વેષ રાખે છે, પોતે પોતાના ઘાતક છે, વસ્તુસ્વરૂપથી અજાણ છે અને તેથી તત્ત્વના અવક્તવ્યપણાનો આશ્રય લે છે અર્થાત તત્ત્વનું સ્વરૂપ સર્વથા કહી શકાતું નથી એવી દલીલ કરે છે. ૧૦૦.

सदेकनित्यवक्तव्यास्तद्विपक्षाश्च ये नयाः ।
सर्वथेति प्रदुष्यन्ति पुष्यन्ति स्यादितीह ते ॥१०१॥

સત્ એક નિત્ય વક્તવ્ય વાકય,
યા તિન પ્રતિપક્ષી નય સુવાકય;
સર્વથા કથનમેં દોષરૂપ,
યદિ સ્યાદ્વાદ હોં પુષ્ટ રૂપ. ૧૦૧.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—સત્, એક, નિત્ય, વક્તવ્ય અને એનાથી વિપરીત અસત્, અનેક, અનિત્ય, અવક્તવ્ય; એ જે નયો છે તે આ જગતમાં 'સર્વથાપણે' વસ્તુતત્ત્વને અત્યધિક વિકૃત કરે છે—સદોષ બનાવે છે અને 'કથંચિત્‌રૂપે' તે વસ્તુતત્ત્વને પુષ્ટ કરે છે. ૧૦૧.

**सर्वथा–नियम–त्यागी　　　यथादृष्टमपेक्षकः ।**
**स्याच्छब्दस्तावके न्याये नान्येषामात्मविद्विषाम् ॥१०२॥**

સર્વથા નિયમકા ત્યાગકાર,
જિસ નય શ્રુત દેખા પુષ્ટકાર;
હૈ 'સ્યાત્' શબ્દ તુમ મત મંઝાર,
નિજ ઘાતી અન્ય ન લખેં સાર. ૧૦૨.

અર્થ :—સર્વથારૂપ નિયમનો ત્યાગ કરનાર અને પ્રમાણ-સિદ્ધ વસ્તુસ્વરૂપની અપેક્ષા રાખનાર 'સ્યાત્' શબ્દ આપના ન્યાયમાં છે અને પોતે જ પોતાના શત્રુ એવા અન્ય એકાન્તવાદીઓના ન્યાયમાં નથી. ૧૦૨.

**अनेकान्तोऽप्यनेकान्तः　　प्रमाण–नय–साधनः ।**
**अनेकान्तः प्रमाणात्ते तदेकान्तोऽर्पितान्नयात् ॥१०३॥**

હૈ અનેકાન્ત ભી અનેકાન્ત,
સાધત પ્રમાણ નય, વિના ધ્વાંત;
સપ્રમાણ દૃષ્ટિ હૈ અનેકાન્ત,
કોઈ નય-મુખસે હૈ એકાંત. ૧૦૩.

અર્થ :—હે ભગવાન્! આપના મતમાં અનેકાન્ત પણ પ્રમાણ અને નયરૂપ સાધનોથી યુક્ત હોવાને લીધે અનેકાન્તસ્વરૂપ છે. પ્રમાણની અપેક્ષાએ અનેકાંતસ્વરૂપ છે અને વિવક્ષિત નયથી એકાન્તસ્વરૂપ છે. ૧૦૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( અપરવક્ત્ર છંદ )

**इति निरुपम–युक्त–शासनः प्रिय–हित–योग–गुणाऽनुशासनः ।**
**अरजिन ! दमतीर्थनायकस्त्वमिव सतां प्रतिबोधनाय कः ॥१०४॥**

**નિરૂપમ પ્રમાણસે સિદ્ધ ધર્મ,**
**સુખકર હિતકર ગુણ કહત મર્મ;**
**અરજિન ! તુમ સમ જિન તીર્થનાથ,**
**નહિં કોઈ ભવિ બોધક સનાથ. ૧૦૪.**

અર્થઃ—આ પ્રમાણે હે અરનાથ જિનેન્દ્ર ! આપ ઉપમા રહિત, પ્રત્યક્ષાદિ પ્રમાણની યુક્તિઓથી સિદ્ધ શાસનના પ્રવર્તક છો, આપનો મત સુખકારી અને હિતકારી મન, વચન, કાયની પ્રવૃત્તિઓ તથા સમ્યગ્દર્શનાદિ ગુણોનો ઉપદેશ આપે છે. વળી આપ ઇન્દ્રિય અને કષાય વિજેતા ધર્મતીર્થના સ્વામી છો, આપના સમાન વિદ્વાનોને પ્રતિબોધ કરવા માટે બીજું કોણ છે ? કોઇ નથી. ૧૦૪.

**मतिगुणविभवानुरूपतस्त्वयिवरदागमदृष्टिरूपतः ।**
**गुणकृशमपि किंचनोदितं, मम भवताद् दुरितासनोदितम् ॥१०५॥**

**મતિ અપનીકે અનુકૂલ નાથ,**
**આગમ જિન કહતા મુક્તિનાથ;**
**તદ્વત્ ગુણ અંશ કહા મુનીશ,**
**જાસે ક્ષય હોં મમ પાપ ઈશ. ૧૦૫.**

અર્થઃ—હે વર પ્રદાન કરનાર અરનાથ જિનેન્દ્ર ! મેં મારા જ્ઞાનની શક્તિ અનુસાર તથા આગમથી મળેલી દૃષ્ટિ અનુસાર આપના વિષયમાં આપના ગુણોનું જે કાંઈ થોડુંક વર્ણન કર્યું છે તે વર્ણન મારા પાપોને નષ્ટ કરવામાં સમર્થ થાવ. ૧૦૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તુતિ

(સાન્દ્રપદ છંદ)

**यस्य महर्षेः सकलपदार्थप्रत्ययबोधः समजनि साक्षात् ।**
**सामर–मर्त्यं जगदपि सर्वं प्राञ्जलि-भूत्वा प्रणिपतति स्म ॥१०६॥**

(ત્રોટક છંદ)

**જિન મલ્લિમહર્ષિ પ્રકાશ કિયા,**
**સબ વસ્તુ સુબોધ પ્રત્યક્ષ લિયા;**
**તબ દેવ મનુજ જગ પ્રાણિ સભી,**
**કર જોડ નમન કરતે સુખધી. ૧૦૬.**

અર્થ :—જે મહર્ષિને જીવાદિ સમસ્ત પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન-કેવળજ્ઞાન સ્પષ્ટપણે ઉત્પન્ન થયું અને તેથી જેમને દેવો અને મનુષ્યો સહિત આખી દુનિયાએ હાથજોડીને પ્રણામ કર્યા તે મલ્લિનાથ જિનનું શરણ મેં લીધું છે. ૧૦૬.

**यस्य च मूर्तिः कनकमयीव स्वस्फुरदाभा-कृत-परिवेषा ।**
**वागति तत्त्वं कथयितुकामा स्यात्पदपूर्वा रमयति साधून् ॥१०७॥**

**જિનકી મૂરતિ હૈ કનકમયી,**
**પ્રસરી ભામંડલ રૂપ મયી;**
**વાણી જિનકી સત્-તત્ત્વકથક,**
**સ્યાત્પદપૂર્વં યતિગણરંજક. ૧૦૭.**

અર્થઃ—જેમના શરીરની આકૃતિ સુવર્ણમયી હોય તેવી છે, તે શરીરમાંથી નીકળતી આભા પોતાની ચારે તરફ ભામંડલ રચે છે અને જેમની વાણી વસ્તુસ્વરૂપને કહેવાવાળી છે, જે સ્યાત્ પદ સહિત છે, અને ભવ્યજીવોને પ્રસન્ન કરે છે તે મલ્લિનાથ જિનનું શરણ મેં લીધું છે. ૧૦૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यस्य पुरस्ताद्विगलित–माना न प्रतितीर्थ्या भुवि विवदन्ते ।
भूरपि रम्या प्रतिपदमासीज्जातविकोशाम्बुज–मृदुहासा ॥१०८॥

જિન આગે હોઈ ગલિત માના,
એકાન્તી તજૈં વાદ થાના;
વિકસિત સુવરણ અમ્બુજદલસે,
ભૂ ભી હંસતી પ્રભુપદ તલસે. ૧૦૮.

અર્થ:—જેમની આગળ જેમનું માન ગળી ગયું છે એવા એકાન્તી જનો પૃથ્વી ઉપર વિવાદ કરતા નહોતા અને જેમના વિહારના સમય પૃથ્વી પણ ડગલે ડગલે વિકસિત કમળોનું મૃદુ હાસ્ય ધારણ કરતી હતી અને રમ્ય બની હતી તે મલ્લિજિનનું શરણ મેં લીધું છે. ૧૦૮.

यस्य समन्ताज्जिन–शिशिरांशोः, शिष्यक–साधु–ग्रह–विभवोऽभूत् ।
तीर्थमपि स्वं जनन–समुद्रभासित-सत्त्वोत्तरण–पथोऽग्रम् ॥१०९॥

જિન ચંદ્ર વચન કિરણ ચમકૈં,
ચહુ ઓર શિષ્ય યતિ ગ્રહ દમકૈં;
નિજ આત્મતીર્થ અતિ પાવન હૈ,
ભવસાગર-જન ઈક તારન હૈ. ૧૦૯.

અર્થ:—જે મલ્લિ જિનેન્દ્ર રૂપી ચન્દ્રમાની ચારે તરફ શિષ્ય સાધુરૂપ ગ્રહોનો–તારાઓનો વૈભવ વિદ્યમાન હતો અને જેમનું પોતાનું શાસન પણ સંસારરૂપી સમુદ્રથી ભયભીત પ્રાણીઓને પાર ઉતરવાનો મુખ્ય માર્ગ હતો તે મલ્લિ જિનનું શરણ મેં પ્રાપ્ત કર્યું છે. ૧૦૯.

यस्य च शुक्लं परमतपोऽग्निर्ध्यानमनन्तं दुरितमधाक्षीत् ।
तं जिनसिंहं कृतकरणीयं मल्लिमशल्यं शरणमितोऽस्मि ॥११०॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિન શુક્લધ્યાન તપ અગ્નિ બલી,
જિસસે કર્મૌઘ અનંત જલી;
જિનસિંહ પરમ કૃતકૃત્ય ભયે,
નિ:શલ્ય મલ્લિ હમ શરણ ગયે. ૧૧૦.

અર્થ:—અને જેમના શુકલ ધ્યાન રૂપ ઉત્કૃષ્ટ તપરૂપી અગ્નિએ અનંત પાપકર્મોને ભસ્મ કર્યા હતા તે કૃતકૃત્ય, જિનશ્રેષ્ઠ, માયા મિથ્યાત્વાદિ શલ્યરહિત મલ્લિ જિનેન્દ્રનું શરણ મેં પ્રાપ્ત કર્યું છે. ૧૧૦.

## ૧૭. શ્રી મુનિસુવ્રત જિન સ્તુતિ

( વૈતાલીય છંદ )

अधिगतमुनिसुव्रतस्थितिर्मुनिवृषभो मुनिसुव्रतोऽनघः ।
मुनिपरिषदि निर्बभौ भवानुडुपरिषत्परिवीतसोमवत् ॥१११॥

( સૃગ્વિણી છંદ )

સાધુ-ઉચિત વ્રતોંમેં સુનિશ્ચિત થયે,
કર્મહર તીર્થંકર સાધુ સુવ્રત ભયે,
સાધુગણકી સભામેં સુશોભિત ભયે,
ચંદ્ર જિમ ઉડગણોંસે સુવેષ્ટિત ભયે. ૧૧૧.

અર્થ:—જેમણે મુનિઓના ઉત્તમ વ્રતોની સ્થિતિ પ્રાપ્ત કરી લીધી છે, જે મુનિઓમાં શ્રેષ્ઠ છે અને જે ચાર ઘાતીકર્મ રૂપી પાપથી રહિત છે એવા ‘ મુનિ–સુવ્રત ’ સાર્થક નામના ધારક જિનેન્દ્ર સમવસરણમાં મુનિઓની સભામાં નક્ષત્રોના સમૂહથી ઘેરાયેલા ચન્દ્રમાની જેમ સુશોભિત થયા હતા. ૧૧૧.

परिणतशिखिकण्ठरागया कृत-मद-निग्रह-विग्रहाऽऽभया ।
तव जिन तपसः प्रसूतया, ग्रह-परिवेषरुचेव शोभितम् ॥११२॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોરકે કંઠ સમ નીલરંગ રંગ હૈ,
કામમદ જીતકર શાંતિમય અંગ હૈ;
નાથ! તેરી તપસ્યા જનિત અંગ જો,
શોભતા ચંદ્રમંડલ મઈ રંગ જો. ૧૧૨.

અર્થ :—કામ અથવા અહંકારનો નિગ્રહ કરનાર હે મુનિસુવ્રત જિનેન્દ્ર! તરુણ મોરના કંઠ સમાન વર્ણવાળી, તપથી ઉત્પન્ન આપના શરીરની આભા–ચારે તરફ ફેલાતી દીપ્તિ–ચન્દ્રમાના પરિમંડળની દીપ્તિ સમાન શોભતી હતી. ૧૧૨.

शशि–रुचि–शुचि शुक्ललोहितं सुरभितरं विरजो निजं वपुः ।
तव शिवमतिविस्मयं यते यदपि च वाङ्मनसीयमीहितम् ।।११३।।

આપકે અંગમેં શુકલ હી રક્ત થા,
ચંદ્રસમ નિર્મલં રજરહિત ગંધ થા;
આપકા શાંતિમય અદ્ભુતં તન જિનં,
મન વચનકા પ્રવર્તન પરમ શુભ ગણં. ૧૧૩.

અર્થ :—હે મહા મુનિરાજ! ચન્દ્રમાના કિરણો સમાન નિર્મળ અને સફેદ રક્તથી યુક્ત, અત્યંત સુગંધી અને રજ–મલ રહિત જે આપનું શરીર છે તે અત્યંત શુભ અને આશ્ચર્યકારી છે તથા વચન અને મનની જે ચેષ્ટા છે તે પણ અત્યંત આશ્ચર્યકારક છે. ૧૧૩.

स्थिति–जनन–निरोध–लक्षणं, चरमचरं च जगत् प्रतिक्षणम् ।
इति जिन सकलज्ञलांछनं वचनमिदं वदतांवरस्य ते ।।११४।।

જનન વ્યય ધ્રૌવ્ય લક્ષણં જગત્ પ્રતિક્ષણં,
ચિત અચિત આદિસે પૂર્ણ યહ હરક્ષણં;
યહ કથન આપકા, ચિહ્ન સર્વજ્ઞકા,
હૈ વચન આપકા આપ્ત ઉત્કૃષ્ટકા. ૧૧૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—હે મુનિસુવ્રત જિનેન્દ્ર! ચેતન અને અચેતન રૂપ જગત ક્ષણે ક્ષણે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ લક્ષણથી યુક્ત છે આવું જે વક્તાઓમાં શ્રેષ્ઠ એવા આપનું આ વચન છે તે સર્વજ્ઞનું ચિહ્ન છે — આપની સર્વજ્ઞતાનું દ્યોતક છે. ૧૧૪.

**दुरितमलकलङ्कमष्टकं निरुपमयोगबलेन निर्दहन् ।**
**अभवदभव-सौख्यवान्भवान् भवतु ममापि भवोपशान्तये ॥११५॥**

આપને અષ્ટ કર્મ કલંક મહા,
નિરુપમં ધ્યાન બલસે સભી હૈ દહા;
ભવરહિત મોક્ષ-સુખકે ધની હો ગએ,
નાશ સંસાર હો ભાવ મેરે ભએ. ૧૧૫.

અર્થ:—હે ભગવન્! અનુપમ શુક્લધ્યાનના બળથી આઠ પ્રકારના કર્મમળ કલંકને બાળીને આપે મોક્ષ સંબંધી અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કર્યું છે. એવા આપ મને—સમન્તભદ્રને પણ સંસારના નાશનું કારણ થાય. ૧૧૫.

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તુતિ

( શિખરિણી છંદ )

**स्तुतिः स्तोतुः साधोः कुशल-परिणामाय स तदा,**
**भवेन्मा वा स्तुत्यः फलमपि ततस्तस्य च सतः ।**
**किमेवं स्वाधीन्याज्जगति सुलभे श्रायसपथे,**
**स्तुयान्नत्वां विद्वान्सततमभिपूज्यं नमिजिनम् ॥११६॥**

( સ્રગ્વિણી છંદ )

સાધુ જબ સ્તુતિ કરે ભાવ નિર્મલ ધરે,
સ્તુત્ય હો વા નહીં, ફલ કરૈ ના કરૈ;
ઈમ સુગમ મોક્ષમગ જગ સ્વ-આધીન હૈ,
નમિજિનં આપ પૂજે ગુણાધીન હૈ. ૧૧૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—ભગવાનની સ્તુતિ, સ્તુતિ કરનાર ભવ્ય જીવના પ્રશસ્ત પરિણામનું કારણ છે. સ્તુતિના સમયે અથવા સ્તુતિના ક્ષેત્રે તે સ્તુતિના પાત્ર આરાધ્યદેવ હાજર હોય કે ન હોય અને તે સ્તુતિથી તે સ્તુતિ કરનાર ભવ્ય પુરુષને સ્વર્ગાદિ ફળની પ્રાપ્તિ પણ થાવ અથવા ન થાવ પણ આવો સંસારમાં સ્વાધીનતાથી કલ્યાણનો માર્ગ સુલભ હોવાથી કયો વિવેકી જીવ સદા ઈન્દ્રાદિ દ્વારા પૂજ્ય એવા નમિનાથ જિનેન્દ્રની સ્તુતિ ન કરે? દરેક જીવ કરે જ. ૧૧૬.

त्वया धीमन् ब्रह्मप्रणिधिमनसा जन्म-निगलं,
समूलं निर्भिन्नं त्वमसि विदुषां मोक्षपदवी ।
त्वयि ज्ञानज्योतिर्विभवकिरणैर्भाति भगव-
न्नभूवन् खद्योता इव शुचिरवावन्यमतयः ॥११७॥

આપને સર્વવિત્! આત્મધ્યાનં કિયા
કર્મબંધ જલા મોક્ષમગ કહ દિયા;
આપમેં કેવળજ્ઞાન પૂરણ ભયા,
અનમતી આપ રવિ જુગનુ સમ હો ગયા. ૧૧૭.

અર્થ:—હે વિશિષ્ટ બુદ્ધિસંપન્ન નમિ જિનેન્દ્ર! શુદ્ધ આત્મ-સ્વરૂપમાં સ્થિરચિત્ત થઈ આપે સંસાર રૂપી બંધનનો મૂળસહિત નાશ કર્યો છે તેથી આપ વિદ્વાનોને માટે મોક્ષમાર્ગ સ્વરૂપ છો. હે ભગવાન! આપના કેવળજ્ઞાનની જ્યોતિની સંપદારૂપ કિરણો સુશોભિત થતાં અન્યમતી એકાન્તવાદી જીવો આપની સમક્ષ ગ્રીષ્મઋતુના દેદીપ્યમાન સૂર્યની સામે આગિયાઓની પેઠે કાન્તિહીન થઈ ગયા હતા. ૧૧૭.

विधेयं वार्यं चानुभयमुभयं मिश्रमपि तद्,
विशेषैः प्रत्येकं नियमविषयैश्चापरिमितैः ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सदाऽन्योन्यापेक्षैः सकलभुवनज्येष्ठगुरुणा,
त्वया गीतं तत्त्वं बहुनयविवक्षेतरवशात् ॥११८॥

અસ્તિ નાસ્તિ ઉભય વાનુભય મિશ્ર તત્,
સપ્તભંગીમયં તત્ અપેક્ષા સ્વકૃત;
ત્રિયમિતં ધર્મમય તત્ત્વ ગાયા પ્રભુ,
નૈક નયકી અપેક્ષા, જગત-ગુરુ પ્રભુ! ૧૧૮.

**અર્થ:**—હે ભગવાન્! સમસ્ત સંસારના મહાન્ ગુરુસ્વરૂપ આપે અનેક નયોની વિવક્ષા અને અવિવક્ષાવશે વિધિનિષેધ, મૂર્ત અમૂર્ત, સ્થૂળસૂક્ષ્મ આદિ પ્રત્યેક ધર્મનું લક્ષ કરીને 'ભંગ સાત જ થાય છે, હીનાધિક નહિ' આ નિયમના વિષયભૂત અને સદા એક-બીજાની અપેક્ષા રાખનાર અનંત ત્રૈકાળિક ધર્મોદ્વારા તે વસ્તુસ્વરૂપને વિધિસ્વરૂપ, નિષેધસ્વરૂપ, વિધિનિષેધસ્વરૂપ, અવક્તવ્યસ્વરૂપ અને મિશ્રરૂપે પણ—અર્થાત્ સ્યાત્ અસ્તિઅવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય તથા સ્યાત્ અસ્તિનાસ્તિ અવક્તવ્ય, આ પ્રમાણે સાત ભંગરૂપ કહ્યું છે. ૧૧૮.

अहिंसा भूतानां जगति विदितं ब्रह्म परमं,
न सा तत्रारम्भोऽस्त्यणुरपि च यत्राश्रमविधौ ।
ततस्तत्सिद्ध्यर्थं परमकरुणो ग्रन्थमुभयं,
भवानेवात्याक्षीन्न च विकृतवेषोपधिरतः ॥११९॥

અહિંસા જગત્ બ્રહ્મ પરમં કહી હૈ,
જહાં અલ્પ આરંભ વહાં નહીં રહી રહૈ;
અહિંસાકે અર્થં તજા દ્વય પરિગ્રહ,
દયામય પ્રભૂ વેષ છોડા ઉપધિમય. ૧૧૯.

**અર્થ:**—હે ભગવાન્! પ્રાણીઓની અહિંસા જગતમાં પરમ-બ્રહ્મરૂપે પ્રસિદ્ધ છે. અર્થાત્ અહિંસા જ પરમબ્રહ્મ છે પરંતુ તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહિંસા તે આશ્રમવિધિમાં નથી કે જ્યાં થોડો પણ આરંભ થાય છે તેથી તે અહિંસાધર્મની સિદ્ધિ માટે પરમ દયાળુ થઈને આપે જ બાહ્ય અને અભ્યંતરના ભેદથી બન્ને પ્રકારનો પરિગ્રહ છોડયો છે અને વિકૃત વેશ તથા પરિગ્રહમાં આસક્ત ન થયા. ૧૧૯.

वपुर्भूषा–वेष–व्यवधिरहितं शान्तकरणं,
यतस्ते संचष्टे स्मरशरविषातंकविजयम् ।
विना भीमैः शस्त्रैरदयहृदयामर्षविलयं,
ततस्त्वं निर्मोहः शरणमसि नः शान्तिनिलयः ॥१२०॥

આપકા અંગ ભૂષણ, વસનસે રહિત,
ઇંદ્રિયાઁ શાંત જહં, કહત તુમ કામજિત;
ઉગ્ર શસ્ત્રં વિના નિર્દયી ક્રોધ જિત,
આપ નિર્મોહ, શમમય, શરણ રાખ નિત. ૧૨૦.

અર્થ :—હે ભગવન્! આભૂષણ, વેશ અને વસ્ત્રાદિકના આવરણ રહિત અને શાન્ત ઇન્દ્રિયોથી યુક્ત આપનું શરીર એમ બતાવે છે કે આપે કામદેવના બાણોના વિષથી થતી પીડાને જીતી લીધી છે અને ભયંકર શસ્ત્રો વિના જ નિર્દય હૃદયવાળા ક્રોધનો નાશ કર્યો છે તેથી આપ નિર્મોહ (વીતરાગ) છો અને શાંતિનું સ્થાન છો તથા અમને શરણરૂપ છો. ૧૨૦.

## ૨૨. શ્રી નેમિનાથ જિન પ્રતુતિ

(ઉદ્ગતા છંદ)

भगवानृषिः परमयोगदहन–हुत–कल्मषेन्धनः ।
ज्ञान–विपुल–किरणैः सकलं प्रतिबुध्यबुद्ध–कमलायतेक्षणः ॥१२१॥

हरिवंश–केतुरनवद्यविनय–दमतीर्थ–नायकः ।
शील–जलधिरभवो विभवस्त्वमरिष्टनेमिजिनकुञ्जरोऽजरः ॥१२२॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( ત્રોટક છંદ )

ભગવન્ ઋષિ ધ્યાન સુ શુકલ કિયા,
ઇંધન ચહું કર્મ જલાય દિયા;
વિકસિત અમ્બુજવત્ નેત્ર ધરે,
હરિવંશ-કેતુ, નહિં જરા ધરે. ૧૨૧.

નિર્દોષ વિનય દમ વૃષ કર્તા,
શુચિ જ્ઞાન કિરણ જનહિત કર્તા;
શીલોદધિ નેમિ અરિષ્ટ જિનં,
ભવનાશ ભએ પ્રભુ મુક્ત જિનં. ૧૨૨.

અર્થ :—જે વિશિષ્ટ જ્ઞાનવાન્ અથવા ઇન્દ્રાદિ દ્વારા પૂજ્ય છે, જે પરમ ઋદ્ધિથી સંપન્ન છે, ઉત્કૃષ્ટ શુકલધ્યાનરૂપી અગ્નિમાં જેમણે કર્મરૂપી ઇંધન જલાવી દીધું છે, જેમનાં નેત્ર ખીલેલાં કમળપત્ર જેવાં વિશાળ છે, જે હરિવંશમાં પ્રધાન છે, જે શીલના સમુદ્ર છે અને જે અજર છે એવા આપ અરિષ્ટનેમિજિનેન્દ્ર જ્ઞાનરૂપ વિસ્તૃત કિરણો દ્વારા સમસ્ત લોકાલોકને પ્રકાશિત કરીને અથવા જાણીને સંસારથી મુક્ત થયા હતા. ૧૨૧-૧૨૨.

त्रिदशेन्द्र-मौलि-मणि-रत्नकिरण-विसरोपचुम्बितम् ।
पाद-युगलममलं भवतो, विकसत्कुशेशय-दलारुणोदरम् ॥१२३॥

नख-चन्द्र-रश्मि-कवचातिरुचिर-शिखराङ्गुलिस्थलम् ।
स्वार्थ-नियत-मनसः सुधियः प्रणमन्ति मन्त्र-मुखरा महर्षयः ।१२४।

તુમ પાદ કમલ યુગ નિર્મલ હૈં,
પદતલ-દ્વય રક્ત-કમલ-દલ હૈં;
નખ ચન્દ્ર કિરણ મંડલ છાયા,
અતિ સુંદર શિખરાંગુલિ ભાયા. ૧૨૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈન્દ્રાદિ મુકુટ મણિ કિરણ ફિરૈ,
તવ ચરણ ચૂમ્બકર પુણ્ય ભરૈ;
નિજ હિતકારી પંડિત મુનિગણ,
મંત્રોચ્ચારી પ્રણમૈં ભવિગણ. ૧૨૪.

અર્થ:—દેવેન્દ્રોના મુકુટોના મણિઓ અને રત્નોના કિરણોના ફેલાવથી ચુમ્બિત અને ખીલેલાં લાલકમળનાં પત્ર સમાન રક્ત વર્ણવાળા પગના તળિયાં, નખરૂપી ચન્દ્રમાના કિરણોના પરિમંડળથી અત્યંત મનોહર આંગળીઓના ઉન્નત પ્રદેશવાળા આપના નિર્મળ બન્ને ચરણોમાં જ્ઞાની મહર્ષિઓ પ્રણામ કરે છે કે જેઓ પોતાનું આત્મહિત–સાધન કરવામાં તત્પર છે અને જેમના મુખ પર સદૈવ સ્તુતિ–મંત્ર રહે છે. ૧૨૩–૧૨૪.

द्युतिमद्रथाङ्ग–रवि–बिम्बकिरण–जटिलांशुमण्डलः ।
नील–जलद–जल–राशि–वपुः सह बन्धुभिर्गरुडकेतुरीश्वरः ।१२५।
हलभृच्च ते स्वजन भक्तिमुदितहृदयौ जनेश्वरौ ।
धर्म–विनय–रसिकौ सुतरां चरणारविंद–युगलं प्रणेमतुः ॥१२६॥

દ્યુતિમય રવિસમ રથચક્ર કિરણ,
કરતી વ્યાપક જિસ અંગ ધરન;
હૈ નીલ જલદ સમ તન નીલં,
હૈ કેતુ ગરુડ જિસ કૃષ્ણ, હલં. ૧૨૫.

દોનોં ભ્રાતા પ્રભુ-ભક્તિ-મુદિત,
વૃષવિનય-રસિક જનનાથ ઉદિત;
સહબંધુ નેમિજિન-સભા ગએ,
યુગ ચરણકમલ વહ નમત ભએ. ૧૨૬.

અર્થ:—હે ભગવાન! તેજસ્વી સુદર્શનચક્રરૂપી સૂર્યબિંબના કિરણોથી જેનું શરીર દ્યતિ ધારણ કરે છે, નીલમેઘ અને સમુદ્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમાન જેમનું શ્યામ શરીર છે, જે ત્રણ ખંડ પૃથ્વીના સ્વામી છે એવા શ્રીકૃષ્ણ અને બળભદ્ર જે પોતાના કુટુંબીજનોની ભક્તિથી પ્રસન્નચિત્ત હતા, જનનાયક હતા અને ધર્મના વિનયરૂપ આચરણના પ્રેમી હતા, એવા બન્ને ભાઈઓ પોતાના અન્ય બંધુજનો સાથે આપના બન્ને ચરણકમળોમાં વારંવાર પ્રણામ કરતા હતા. ૧૨૫-૧૨૬.

**ककुदं भुवः खचर-योषिदुषित-शिखरैरलङ्कृतः ।**
**मेघपटल-परिवीत-तट-स्तव लक्षणानि लिखितानि वज्रिणा ।१२७।**
**वहतीति तीर्थमृषिभिश्च, सततमभिगम्यतेऽद्य च ।**
**प्रीति-वितत-हृदयैः परितो, भृशमूर्ज्जयन्त इति विश्रुतोऽचलः ।१२८।**

ભુવિ કાહિ કકુદ ગિરનાર અચલ
વિદ્યાધરણી સેવિત સ્વશિખર;
હૈં મેઘપટલ છાએ જિસ તટ,
તવ ચિહ્ન ઉકેરે વજ્ર-મુકુટ. ૧૨૭.

ઈમ સિદ્ધક્ષેત્ર ધર તીર્થ ભયા,
અબ ભી ઋષિગણસે પૂજ્ય થયા;
જો પ્રીતિ હૃદયધર આવત હૈં,
ગિરનાર પ્રણમ સુખ પાવત હૈં. ૧૨૮.

**અર્થ :**—જે પૃથ્વીનો કકુદ છે—બળદના ખભા સમાન ઊંચો અને શોભા ઉત્પન્ન કરનારો છે, જે વિદ્યાધરોની સ્ત્રીઓથી સેવિત શિખરોથી શોભાયમાન છે, જેના કિનારા વાદળાઓના સમૂહથી વ્યાપેલ છે, જે ઈન્દ્રે લખેલા આપના ચિહ્નને ધારણ કરે છે તેથી તીર્થસ્થાન છે, જેનું સેવન પ્રીતિથી વિસ્તૃત ચિત્તવાળા ઋષિઓ આજ પણ અત્યંતપણે કરે છે, એવો તે અતિશય પ્રસિદ્ધ ઉર્જયન્ત (ગિરનાર) નામનો પર્વત છે, જેની ઉપર આવીને કૃષ્ણ અને બળરામે આપના ચરણકમળમાં પ્રણામ કર્યા હતા. ૧૨૭-૧૨૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बहिरन्तरप्युभयथा च, करणमविघाति नाऽर्थकृत ।
नाथ युगपदखिलं च सदा, त्वमिदं तलाऽऽमलकवद्विवेदिथ ॥१२९॥

अतएव ते बुधनुतस्य, चरित–गुणमद्भुतोदयम् ।
न्याय-विहितमवधार्य जिने, त्वयि सुप्रसन्न-मनसः स्थिता वयम् ।१३०।

જિનનાથ! જગત્ સબ તુમ જાના,
યુગપત્ જિમ કરતલ અમલાના;
ઇંદ્રિય વા મન નહિં ઘાત કરેં,
ન સહાય કરૈં, ઈમ જ્ઞાન ધરેં. ૧૨૯.

યાતેં હે જિન! બુધનુત તવ ગુણ,
અદ્ભુત પ્રભાવધર ન્યાય સગુણ;
ચિંતન કર મન હમ લીન ભએ,
તુમરે પ્રણમન તલ્લીન ભએ. ૧૩૦.

અર્થ:—હે સ્વામી! આપ આ સમસ્ત જગતને એક સાથે અને સર્વદા હથેલીમાં રાખેલા સ્ફટિકમણિની પેઠે જાણો છો તથા આપના આ જ્ઞાનમાં બાહ્ય કે અભ્યંતર ઇન્દ્રિયો કે મન બન્નેય ન તો કોઈ બાધા ઉત્પન્ન કરે છે કે ન કોઈ પ્રકારનો ઉપકાર કરે છે તેથી વિદ્વાનો દ્વારા સ્તુત્ય આપના ન્યાયપૂર્ણ અને સમવસરણાદિ-વિભૂતિસ્વરૂપ અને અનંતચતુષ્ટયસ્વરૂપ અદ્ભુત ઉદયવાળા ચારિત્રનું માહાત્મ્ય સારી રીતે હૃદયમાં ધારણ કરીને અમે અત્યંત પ્રસન્નચિત્ત થઈને આપના શરણમાં આવ્યા છીએ. ૮૨૯–૮૩૦.

## ૨૩. પાર્શ્વનાથ જિન સ્તુતિ

( વંશસ્થ છંદ )

तमालनीलैः सधनुस्तडिद्गुणैः प्रकीर्ण–भीमाऽशनि–वायु-वृष्टिभिः ।
बलाहकैर्वैरिवशैरुपद्रुतो, महामना यो न चचाल योगतः ॥१३१॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પદ્ધરી છંદ)

જય પાર્શ્વનાથ અતિ ધીર વીર,
નીલે વાદલ વિજલી ગંભીર;
અતિ ઉગ્ર વજ્ર જલ પવન પાત,
વૈરી ઉપદ્રુત નહિં ધ્યાન જાત. ૧૩૧.

અર્થ:—તમાલવૃક્ષ સમાન નીલવર્ણના ધારક, ઇન્દ્રધનુષ્ય અને વીજળીરૂપ દોરી સહિત, ભયંકર વજ્રપાત, પવન અને જળ-વૃષ્ટિ કરનાર એવા શત્રુને વશીભૂત વાદળાઓ દ્વારા ઘોર ઉપસર્ગ કરવામાં આવવા છતાં પણ ઉત્કૃષ્ટ ધૈર્યવાન જે પાર્શ્વનાથ ભગવાન શુક્લધ્યાનરૂપ યોગથી વિચલિત થયા નહિ. ૧૩૧.

बृहत्फणामण्डलमण्डपेन यं, स्फुरत्तडित्पिङ्ग–रुचोपसर्गिणम् ।
जुगूह नागो धरणो धराधरं, विरागसंध्यातडिदम्बुदो यथा ।।१३२।।

ધરણેન્દ્ર નાગ નિજ ફણ પ્રસાર,
બિજલીવત્ પીત સુરંગ ધાર;
શ્રી પાર્શ્વ ઉપદ્રુત છાય લીન,
જિમ નગ તડિદમ્બુદ સાંઝ કીન. ૧૩૨.

અર્થ:—ઉપસર્ગ યુક્ત તે પાર્શ્વનાથ ભગવાનને ધરણેન્દ્ર નામના નાગકુમાર દેવે ચમકતી વીજળી સમાન પીળા રંગની કાન્તિવાળી વિશાળ અને દીર્ઘ ફેણના મંડળરૂપી મંડપથી, કાળી સંધ્યાના સમયે વીજળી સહિત વાદળ પર્વતને ઢાંકી દે તેમ ઢાંકી દીધા. ૧૩૨.

स्वयोग–निस्त्रिंश–निशातधारया,
निशात्य यो दुर्जयमोहविद्विषम् ।
अवापदार्हन्त्यमचिन्त्यमद्भुतं,
त्रिलोकपूजाऽतिशयास्पदं पदम् ।।१३३।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રભુ ધ્યાનમયી અસિ તેજધાર,
કીના દુર્જય મોહ પ્રહાર;
ત્રૈલોકય પૂજ્ય અદ્દ્ભુત અચિન્ત્ય,
પાયા અર્હન્ત પદ આત્મચિન્ત્ય. ૧૩૩.

અર્થ:—જેમણે પોતાના શુકલધ્યાનરૂપ ખડ્ગની તીક્ષ્ણ ધાર વડે મોહરૂપી દુર્જય શત્રુનો નાશ કરીને અચિંત્ય, અદ્દ્ભુત અને ત્રિલોકપૂજ્ય અર્હંત્ પદની પ્રાપ્તિ કરી હતી. ૧૩૩.

**यमीश्वरं वीक्ष्य विधूतकल्मषं, तपोधनास्तेऽपितथा बुभूषवः ।**
**वनौकसः स्वश्रमवन्ध्यबुद्धयः शमोपदेशं शरणं प्रपेदिरे ॥१३४॥**

પ્રભુ દેખ કર્મસે રહિત નાથ,
વનવાસી તપસી આયે સાથ;
નિજશ્રમ અસાર લખ આપ ચાહ,
ધરકર શરણ લી મોક્ષરાહ. ૧૩૪.

અર્થ:—જે પાર્શ્વનાથ ભગવાનને સમસ્ત લોકના ઈશ્વર અને ઘાતિકર્મરૂપ પાપ રહિત જોઈને તેમના જેવા થવાની ઇચ્છા રાખનાર વનવાસી તપસ્વીઓ પોતાના મિથ્યા તપરૂપ પ્રયાસને નિષ્ફળ જાણીને મોક્ષમાર્ગનો ઉપદેશ આપનાર ભગવાન પાર્શ્વનાથના શરણમાં આવ્યા હતા. ૧૩૪.

**स सत्य-विद्या-तपसां-प्रणायकः, समग्रधीरुग्रकुलाऽम्बरांशुमान् ।**
**मया सदा पार्श्वजिनः प्रणम्यते, विलीन-मिथ्यापथदृष्टि विभ्रमः ।१३५।**

શ્રી પાર્શ્વ ઉગ્ર કુલ નભ સુચંદ્ર,
મિથ્યાતમ હર સત્ જ્ઞાનચન્દ્ર;
કેવલજ્ઞાની સત મગ પ્રકાશ,
હું નમત સદા રખ મોક્ષ-આશ. ૧૩૫.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—જે સત્ય વિદ્યા અને તપસ્યાના પ્રણેતા હતા, જે પૂર્ણ કેવળજ્ઞાનના ધારક હતા, જે ઉગ્રવંશરૂપી કુળના ચન્દ્ર હતા, જેમણે મિથ્યાદર્શનાદિરૂપ મિથ્યામાર્ગની દૃષ્ટિઓથી ઉત્પન્ન થતાં ભ્રમોનો નાશ કર્યો હતો એવા શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રને હું—સમન્તભદ્ર સદા પ્રણામ કરું છું. ૧૩૫.

## ૨૪. શ્રી મહાવીર જિન સ્તુતિ

(સ્કન્ધક છંદ)

कीर्त्या भुवि भासितया, वीर त्वं गुणसमुत्थया भासितया ।
भासोडुसभाऽसितया, सोम इव व्योम्नि कुन्दशोभाऽऽसितया ॥१३६॥

(તોટક છંદ)

તુમ વીર! ધવલ ગુણકીર્તિ ધરે,
જગમેં શોભૈ ગુણ આત્મ ભરે;
જિમ નભ શોભે શુચિ ચંદ્રગ્રહં,
સિત કુંદ સમં નક્ષત્ર ગ્રહં. ૧૩૬.

અર્થ :—હે વર્ધમાન જિનેન્દ્ર! આપ પૃથ્વી ઉપર આત્મિક ગુણોથી ઉત્પન્ન ઉજ્જવળ ખ્યાતિથી, નક્ષત્રોની સભામાં સ્થિત, કુન્દપુષ્પની શોભા સમાન સફેદ કાન્તિથી આકાશમાં ચન્દ્રની જેમ સુશોભિત થાવ છો. ૧૩૬.

तव जिन ! शासनविभवो, जयति कलावपि गुणानुशासनविभवः ।
दोषकशाऽसनविभवः, स्तुवन्ति चैनं प्रभाकृशासनविभवः ॥१३७॥

હે જિન! તુમ શાસનકી મહિમા,
ભવિભવનાશક કલિમાંહિ રમા;
નિજ-જ્ઞાન-પ્રભા અનક્ષીણ-વિભવ,
મલહર ગણધર પ્રણમેં મત તવ. ૧૩૭.

અર્થ :—હે વીર જિનેન્દ્ર! આપના શાસનનો પરમ મહિમા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કળિકાળમાં પણ જયવંત વર્તી રહ્યો છે, તેના અદ્ભુત પ્રભાવથી ગુણોમાં અનુશાસનપ્રાપ્ત ભવ્યજીવોનું સંસાર-પરિભ્રમણ સદાને માટે નાશ પામ્યું છે. જ્ઞાનાદિ તેજથી લોકના તથાકથિત હરિ હરાદિ સ્વામીઓને મહત્ત્વહીન કરનાર, દોષરૂપ ચાબુકોનું નિરાકરણ કરવામાં સમર્થ ગણધરાદિદેવ પણ આપના આ શાસનવૈભવની-પ્રવચનસામર્થ્યની સ્તુતિ કરે છે. ૧૩૭.

अनवद्यः स्दाद्वादस्तव दृष्टेष्टविरोधतः स्याद्वादः ।
इतरो न स्याद्वादो सद्वितयविरोधान्मुनीश्वराऽस्याद्वादः ॥१३८॥

હે મુનિ! તુમ મત સ્યાદ્વાદ અનઘ,
દ્રષ્ટેષ્ટ વિરોધ વિના સ્યાત્ વદ;
તુમસે પ્રતિપક્ષી બાધ સહિત,
નહિં સ્યાદ્વાદ હૈં દોષ સહિત. ૧૩૮.

અર્થ:—હે મુનિનાથ! 'સ્યાત્' આ કથંચિત્ અર્થના વાચક શબ્દ સહિત આપનું સ્યાત્ અસ્તિ ઇત્યાદિ અનેકાન્તરૂપ કથન પ્રત્યક્ષ અને આગમાદિ પ્રમાણોથી વિરોધ ન હોવાને કારણે નિર્દોષ છે. એનાથી વિપરીત-'સ્યાત્' શબ્દથી રહિત-અન્ય જે એકાન્તરૂપ કથન છે તે દ્દષ્ટ અને ઇષ્ટ-પ્રત્યક્ષ અને આગમાદિ પ્રમાણોથી વિરુદ્ધ હોવાના કારણે નિર્દોષ નથી. ૧૩૮.

त्वमसि सुरासुरमहितो, ग्रन्थिकसत्त्वाऽऽशयप्रणामाऽमहितः ।
लोकभयपरमहितोऽनावरणज्योतिरुज्ज्वलद्धामहितः ॥१३९॥

હે જિન! સુર અસુર તુમ્હેં પૂજેં,
મિથ્યાત્વી ચિત નહિં તુમ પૂજેં;
તુમ લોકત્રય હિતકે કર્તા,
શુચિ જ્ઞાનમઈ શિવ-ઘર ધર્તા. ૧૩૯.

અર્થ :—હે ભગવન્! આપ દેવ અને અસુરોથી પૂજ્ય છો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ મિથ્યાદૃષ્ટિ પ્રાણીઓના અભક્ત હૃદયથી પ્રાપ્ત થતા પ્રણામથી પૂજ્ય નથી. આપ ત્રણે લોકના પરમ હિતકારી છો અને કેવળજ્ઞાનથી પ્રકાશમાન મુક્તિરૂપ સ્થાનને પામેલા છો. ૧૩૯.

**सभ्यानामभिरुचितं दधासि गुणभूषणं श्रिया चारुचित्तम् ।**
**मग्नं स्वस्यां रुचिरं जयसि च मृगलांछनं स्वकान्त्या रुचितम् ॥१४०॥**

હે પ્રભુ! ગુણભૂષણ સાર ધરેં,
શ્રી સહિત સભા જન હર્ષ કરેં;
તુમ વપુકાંતી અતિ અનુપમ હૈ,
જગપ્રિય શશિ જીતે રુચિતમ હૈ. ૧૪૦.

અર્થ:—હે ભગવાન! આપ સમવસરણ સભામાં સ્થિત ભવ્ય જીવોને રુચિકર અને અષ્ટ પ્રાતિહાર્યરૂપ લક્ષ્મીની સુંદરતાથી વ્યાપ્ત ગુણરૂપ આભૂષણ ધારણ કરો છો અને પોતાની કાંતિથી, સ્વકીય કાન્તિમાં નિમગ્ન એવા સુન્દર ચન્દ્રને પણ જીતી લ્યો છો. ૧૪૦.

**त्वं जिन गत-मद-मायस्तव भावानां मुमुक्षुकामद मायः ।**
**श्रेयान् श्रीमद्मायस्त्वया समादेशि सप्रयामदमायः ॥१४१॥**

હે જિન! માયામદ નાહિં ધરો,
તુમ તત્ત્વ-જ્ઞાનસે શ્રેય કરો;
મોક્ષેચ્છુ કામકર વચ તેરા,
વ્રત-દમકર સુખકર મત તેરા. ૧૪૧.

અર્થ:—હે મોક્ષાભિલાષી જીવોના મનોરથ પૂરા કરનાર વીર જિનેન્દ્ર! આપ માયા અને ગર્વરહિત છો, આપનું જીવાદિ પદાર્થ વિષયક કેવળજ્ઞાન અથવા આગમરૂપ પ્રમાણ પરમ પ્રશંસનીય છે. હે ભગવાન! આપે લક્ષ્મીના ગર્વનો નાશ કરનારો અથવા સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ કરાવનાર લક્ષ્મીયુક્ત અને માયારહિત શ્રેષ્ઠ અને પ્રશસ્ત ઇન્દ્રિયવિજયનો ઉપદેશ આપ્યો છે. ૧૪૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**गिरिभित्यवदानवतः श्रीमत इव दन्तिनः श्रवद्दानवतः ।**
**तव शमवादानवतो गतमूर्जितमपगतप्रमादानवतः ॥१४२॥**

હે પ્રભુ! તવ ગમન મહાન હુઆ,
શમમત રક્ષક ભય હાન હુઆ;
જિન વરહસ્તી મદ સ્રવન કરૈ,
ગિરિ તટકો ખંડત ગમન કરૈ. ૧૪૨.

અર્થ:—હે ભગવાન! જેમ પહાડની કિનારીઓનું ખંડન કરતાં ઉત્તમ જાતિના મદ ઝરતાં હાથીઓનું સ્વાધીન-કોઈની બાધા વિના ગમન થાય છે તેવી જ રીતે દોષોના ઉપશમનનો ઉપદેશ આપનાર શાસ્ત્રોના રક્ષક તથા અભયદાન સહિત આપનો ઉત્કૃષ્ટ વિહાર થયો હતો. ૧૪૨.

**बहुगुण-सम्पदसकलं परमतमपि मधुरवचनविन्यासकलम् ।**
**नयभक्त्यवतंसकलं तव देव मतं समन्तभद्रं सकलम् ॥१३३॥**

પરમત મૃદુવચન-રચિત ભી હૈ,
નિજ ગુણ સંપ્રાપ્તિ રહિત વહ હૈ;
તવ મત નય-ભંગ વિભૂષિત હૈ,
સુસમન્તભદ્ર નિર્દૂષિત હૈ. ૧૪૩.

અર્થ:—હે વીર જિનેન્દ્ર! અન્ય એકાન્તવાદીઓનું શાસન કર્ણપ્રિય વચનોના વિન્યાસથી મનોજ્ઞ હોવા છતાં પણ ગુણરૂપ સંપત્તિ વિનાનું છે. પરંતુ આપનું શાસન નૈગમાદિ નયોથી ઉત્પન્ન સ્યાત્ અસ્તિ ઇત્યાદિ ભંગરૂપ આભૂષણોથી મનોજ્ઞ છે અથવા નયોની ઉપાસનારૂપ કર્ણનું આભૂષણ આપે છે, બધી રીતે કલ્યાણકારી છે અને પૂર્ણ છે.

*

એ પ્રમાણે શ્રી બૃહત્સ્વયંભૂસ્તોત્ર પૂર્ણ થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

श्री परमात्मने नमः ।

શ્રી સમંતભદ્રાચાર્ય વિરચિત

# શ્રી દેવાગમ-સ્તોત્ર

અપરનામ

# આપ્તમીમાંસા

પ્રથમ અધ્યાય

**देवागमनभोयानचामरादिविभूतयः ।**
**मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसिनो महान् ॥१॥**

અર્થ :—હે ભગવન્! દેવોનું આગમન, આકાશમાં ગમન અને ચામર આદિ વિભૂતિઓ આપને પ્રાપ્ત થયેલી છે, એ કારણે આપ અમારા સ્તુત્ય બની શકતા નથી કારણ કે આ વિભૂતિઓ તો માયાવી પુરુષોમાં પણ જોવામાં આવે છે.

**अध्यात्मं बहिरप्येषविग्रहादिमहोदयः ।**
**दिव्यः सत्यो दिवौकस्स्वप्यास्त रागादिमत्सु सः ॥२॥**

અર્થ:—હે ભગવન્! આપનામાં શરીર આદિના જે અંતરંગ અને બહિરંગ અતિશય પ્રાપ્ત થયેલા છે તે જો કે દિવ્ય અને સત્ય છે પરંતુ રાગાદિયુક્ત દેવોમાં પણ ઉક્ત પ્રકારના અતિશયો જોવામાં આવે છે, માટે ઉક્ત અતિશયને કારણે પણ આપ અમારે માટે સ્તુતિ કરવા યોગ્ય બની શકતા નથી.

**तीर्थकृत्समयानां च परस्परविरोधतः ।**
**सर्वेषामाप्तता नास्ति कश्चिदेव भवेद्गुरुः ॥३॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—કપિલ, સુગત આદિ તીર્થંકરોના આગમોમાં પરસ્પર વિરોધ પ્રાપ્ત થવાના કારણે બધા તીર્થંકરોમાં આપ્તપણું બની શકતું નથી. તેથી તે બધામાંથી કોઈ એક જ અમારે માટે સ્તુતિને પાત્ર બની શકે છે.

दोषावरणयोर्हानिर्निरशेषास्त्यतिशायनात् ।
क्वचिद्यथा स्वहेतुभ्यो बहिरन्तर्मलक्षयः ॥४॥

અર્થ:—કોઈ પુરુષ-વિશેષમાં દોષ અને આવરણની પૂર્ણ હાનિ થઈ જાય છે કારણ કે દોષ અને આવરણની હાનિમાં અતિશય (પ્રકર્ષ-અત્યંતપણું) જોવામાં આવે છે. જેમ કોઈવાર પોતાના કારણો વડે બાહ્ય અને અંતરંગ મલનો ક્ષય થાય છે. (જેમ કે ખાણમાંથી કાઢવામાં આવેલા સોનામાં કુધાતુના મિશ્રણરૂપ બાહ્ય મલ અને કાળાશ આદિ અંતરંગ મળ રહેલો છે પરંતુ અગ્નિમાં પકાવવા આદિ કારણો દ્વારા સોનામાંથી બન્ને પ્રકારના મળોનો અત્યંત નાશ થઈ જાય છે.)

सूक्ष्मान्तरितदूरार्थाः प्रत्यक्षाः कस्यचिद्यथा ।
अनुमेयत्वतोऽग्न्यादिरितिसर्वज्ञसंस्थितिः ॥५॥

અર્થ:—સૂક્ષ્મ, અન્તરિત અને દૂરક્ષેત્રવર્તી પદાર્થો (દેશ, કાળ અને ભાવથી વિપ્રકૃષ્ટ પદાર્થો) કોઈને પ્રત્યક્ષ હોય છે કેમ કે તેમનું આપણે અનુમાનથી જ્ઞાન કરી શકીએ છીએ. જે પદાર્થ અનુમાનથી જાણી શકાય છે તેમને કોઈ ને કોઈ પુરુષ પ્રત્યક્ષ પણ જાણે છે. (જેમ કે પર્વતથી દૂર રહેલો પુરુષ તેમાં રહેલા અગ્નિને ધુમાડા આદિના અનુમાનથી જાણે છે, પરંતુ પર્વત ઉપર રહેલો પુરુષ તેને જ—અગ્નિને પ્રત્યક્ષ જાણે છે) આ પ્રમાણે સમસ્ત પદાર્થોને જાણનાર સર્વજ્ઞની સિદ્ધિ થાય છે.

स त्वमेवासि निर्दोषो युक्तिशास्त्राविरोधिवाक् ।
अविरोधो यदिष्टं ते प्रसिद्धेन न बाध्यते ॥६॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—હે ભગવન્! તે (પહેલાં જેમને સામાન્યપણે વીતરાગ અને સર્વજ્ઞ સિદ્ધ કર્યા છે તે) આપ (અર્હન્ત) જ છો. આપ નિર્દોષ (વીતરાગ) છો એનું પ્રમાણ એ છે કે આપના વચન યુક્તિ અને આગમથી અવિરોધી છે. આપના ઇષ્ટ તત્ત્વ મોક્ષાદિમાં કોઈ પ્રમાણથી બાધા ન આવવાના કારણે એ નિશ્ચિત છે કે આપનાં વચન યુક્તિ અને આગમથી અવિરોધી છે.

**त्वन्मतामृतबाह्यानां सर्वथैकान्तवादिनाम् ।**
**आप्ताभिमानदग्धानां स्वेष्टं दृष्टेन बाध्यते ॥७॥**

અર્થ:—જેઓ આપના મતરૂપી અમૃતથી બાહ્ય છે, સર્વથા એકાન્તવાદી છે અને જેઓ 'અમે આપ્ત છીએ' એવા અભિમાનથી બળી રહ્યા છે, તેમનું જે ઇષ્ટ તત્ત્વ છે તેમાં પ્રત્યક્ષ બાધા આવે છે.

**कुशलाकुशलं कर्म परलोकश्च न क्वचित् ।**
**एकान्तग्रहरक्तेषु नाथ स्वपरवैरिषु ॥८॥**

અર્થ:—હે ભગવન્! જેઓ વસ્તુના અનંત ધર્મોમાંથી કોઈ એક જ ધર્મને માને છે એવા એકાન્ત આગ્રહમાં લીન જીવો પોતાના પણ શત્રુ છે અને બીજાઓના પણ શત્રુ છે. તેમના મતમાં પુણ્યકર્મ, પાપકર્મ, પરલોક આદિ કાંઈ પણ બની શકતું નથી.

**भावैकान्ते पदार्थानामभावानामपह्नवात् ।**
**सर्वात्मकमनाद्यन्तमस्वरूपमतावकम् ॥९॥**

અર્થ :—પદાર્થોનો સદ્ભાવ જ છે, એવો ભાવ-એકાન્ત માનવાથી પદાર્થોના અન્યોન્યાભાવ આદિ ચાર પ્રકારના અભાવનું નિરાકરણ થવાથી સર્વે પદાર્થો સર્વરૂપ થઈ જશે. એ જ પ્રમાણે સર્વ પદાર્થો અનાદિ, અનંત અને સ્વરૂપરહિત પણ થઈ જશે.

**कार्यद्रव्यमनादि स्यात् प्रागभावस्य निह्नवे ।**
**प्रध्वंसस्य च धर्मस्य प्रच्यवेऽनन्ततां व्रजेत् ॥१०॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—પ્રાગભાવનો નિષેધ કરવાથી ઘટ આદિ કાર્યદ્રવ્ય અનાદિના થઈ જશે અને પ્રધ્વંસાભાવનો નિષેધ કરવાથી કાર્યદ્રવ્ય અનંતપણું પામશે.

सर्वात्मकं तदेकं स्यादन्यापोहव्यतिक्रमे ।
अन्यत्र समवाये न व्यपदिश्येत सर्वथा ॥११॥

અર્થ :—અન્યોન્યાભાવ ન માનવાથી કોઈનું જે ઇષ્ટ તત્ત્વ છે તે સર્વરૂપ થઈ જશે. અત્યંતાભાવનો નિષેધ કરવાથી કોઈ પણ ઇષ્ટ તત્ત્વનું કોઈ પણ રીતે કથન નહિ થઈ શકે અર્થાત્ આ ચેતન છે અને આ અચેતન છે, એવું કથન પણ થઈ શકતું નથી.

अभावैकान्तपक्षेऽपि भावापह्नवपादिनाम् ।
बोधवाक्यं प्रमाणं न केन साधनदूषणम् ॥१२॥

અર્થ :—ભાવને ન માનનાર અભાવ એકાન્તવાદીઓના મતમાં પણ ઇષ્ટ તત્ત્વની સિદ્ધિ થઈ શકતી નથી. ત્યાં નથી બોધ પ્રમાણ કે નથી વાક્ય પ્રમાણ અને પ્રમાણના અભાવમાં સ્વમતની સિદ્ધિ તથા પરમતનું ખંડન કોઈ પણ રીતે સંભવતું નથી.

विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्याय विद्विषाम् ।
अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ॥१३॥

અર્થ :—જેઓ સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખે છે તેમના મતમાં ભાવ અને અભાવનું નિરપેક્ષ અસ્તિત્વ બની શકતું નથી કેમ કે બન્નેનું (ભાવ અને અભાવના) સર્વથા એકાંતપણું માનવામાં વિરોધ આવે છે. અવાચ્યતા એકાન્ત પણ બની શકતું નથી કેમ કે અવાચ્યતા એકાન્તમાં પણ 'આ અવાચ્ય છે' એવા વાક્યનો પ્રયોગ થઈ શકતો નથી.

कथंचित् ते सदेवेष्टं कथंचिदसदेव तत् ।
तथोभयमवाच्यं च नययोगान्न सर्वथा ॥१४॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—(જૈનશાસનમાં) વસ્તુ કથંચિત્ સત્ જ છે, કંથચિત્ અસત્ જ છે. એ જ પ્રમાણે અપેક્ષાભેદથી વસ્તુ ઉભયાત્મક અને અવાચ્ય પણ છે. નયની અપેક્ષાએ વસ્તુ સત્ આદિરૂપ છે, સર્વથા નહિ.

सदेव सर्वंको नेच्छेत् स्वरूपादिचतुष्टयात् ।
असदेव विपर्यासान्न चेन्न व्यवतिष्ठते ॥१५॥

અર્થ :—સ્વરૂપાદિ ચતુષ્ટયની અપેક્ષાથી સર્વ પદાર્થોને કોણ સત્ ન માને અને પરરૂપાદિ ચતુષ્ટયની અપેક્ષાથી સર્વ પદાર્થોને કોણ અસત્ ન માને? અર્થાત્ સર્વ માને.

क्रमार्पितद्वयाद् द्वैतं सहावाच्यमशक्तितः ।
अवक्तव्योत्तराः शेषास्त्रयो भङ्गाः स्वहेतुतः ॥१६॥

અર્થ :—બન્ને ધર્મોની ક્રમે વિવક્ષા હોવાથી વસ્તુ ઉભયાત્મક છે અને યુગપત્ વિવક્ષા હોવાથી કથનની અશક્તિને કારણે અવાચ્ય છે. એ જ પ્રમાણે 'સ્યાદસ્તિ અવક્તવ્ય' આદિ ત્રણ ભંગ પણ પોતપોતાના કારણો અનુસાર બની જાય છે.

अस्तित्वं प्रतिषेध्येनाविनाभाव्येकधर्मिणि ।
विंशेषणत्वात् साधर्म्यं यथा भेदविवक्षया ॥१७॥

અર્થ:—વિશેષણ હોવાથી અસ્તિત્વ એક જ વસ્તુમાં પ્રતિષેધ્યનું (નાસ્તિત્વનું) અવિનાભાવી છે, જેમ હેતુમાં વિશેષણ હોવાથી સાધર્મ્ય વૈધર્મ્યનું અવિનાભાવી હોય છે.

नास्तित्वं प्रतिषेध्येनाविनाभाव्येकधर्मिणि ।
विशेषणन्वाद्वैधर्म्यं यथाऽभेदविवक्षया ॥१८॥

અર્થ:—એક જ વસ્તુમાં વિશેષણ હોવાથી નાસ્તિત્વ પોતાના પ્રતિષેધ્ય અસ્તિત્વનું અવિનાભાવી છે. જેમ હેતુમાં વૈધર્મ્ય સાધર્મ્યનું અવિનાભાવી હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विधेयप्रतिषेध्यात्मा विशेष्यः शब्दगोचरः ।
साध्यधर्मो यथा हेतुरहेतुश्चाप्यपेक्षया ॥१९॥

અર્થ:—શબ્દનો વિષય હોવાથી વિશેષ્ય વિધેય અને પ્રતિષેધાત્મક હોય છે. જેમ સાધ્યનો ધર્મ અપેક્ષાભેદથી હેતુ પણ હોય છે અને અહેતુ પણ હોય છે.

शेषभङ्गाश्च नेतव्या यथोक्तनययोगतः ।
न च कश्चिद्विरोधोऽस्ति मुनीन्द्र तव शासने ॥२०॥

અર્થ:—યથોક્ત નય અનુસાર બાકીના ભંગો પણ લગાવી લેવા જોઈએ. હે ભગવન્! આપના શાસનમાં કોઈ પ્રકારનો વિરોધ નથી.

एवं विधिनिषेधाभ्यामनवस्थितमर्थकृत् ।
नेति चेन्न यथा कार्यं बहिरन्तरुपाधिभिः ॥२१॥

અર્થ:—આવી રીતે વિધિ અને નિષેધ દ્વારા અનવસ્થિત અર્થાત્ ઉભયરૂપ જે અર્થ છે તે જ અર્થ ક્રિયાકારી થાય છે, બીજી કોઈ રીતે નહીં. જેમ કે બહિરંગ અને અંતરંગ બન્ને કારણો વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી.

धर्मे धर्मेऽन्य एवार्थो धर्मिणोऽनन्तधर्मणः ।
अङ्गित्वेऽन्यतमान्तस्य शेषान्तानां तदङ्गता ॥२२॥

અર્થ:—અનંત ધર્મવાળા ધર્મીના પ્રત્યેક ધર્મનો અર્થ ભિન્ન ભિન્ન હોય છે અને એક ધર્મ પ્રધાન હોય ત્યારે બાકીના ધર્મોની પ્રતીતિ ગૌણરૂપ રહે છે.

एकानेकविकल्पादावुत्तरत्रादि योजयेत् ।
प्रक्रियां भङ्गिनीमेनां नयैर्नयविशारदः ॥२३॥

અર્થ:—નયવિશારદોએ એક, અનેક આદિ ધર્મોમાં પણ સાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભંગવાળી ઉક્ત પ્રક્રિયાની નય અનુસાર યોજના કરવી જોઈએ.

## દ્વિતીય અધ્યાય

**अद्वैतैकान्तपक्षेऽपि दृष्टो भेदो विरुध्यते ।**
**कारकाणां क्रियायाश्च नैकं स्वस्मात् प्रजायते ॥२४॥**

**અર્થ**:—અદ્વૈત એકાન્ત પક્ષમાં પણ કારકો અને ક્રિયાઓમાં જે પ્રત્યક્ષ સિદ્ધ ભેદ છે તેમાં વિરોધ આવે છે કેમ કે એક વસ્તુ સ્વયં પોતાથી ઉત્પન્ન થઈ શકતી નથી.

**कर्मद्वैतं फलद्वैतं लोकद्वैतं च नो भवेत् ।**
**विद्याऽविद्याद्वयं न स्याद् बन्धमोक्षद्वयं तथा ॥२५॥**

**અર્થ**:—અદ્વૈત એકાન્તમાં શુભ અને અશુભ કર્મ, પુણ્ય અને પાપ, આ લોક અને પરલોક, જ્ઞાન અને અજ્ઞાન, બંધ અને મોક્ષ, આમાંથી એક પણ દ્વૈત સિદ્ધ થતું નથી.

**हेतोरद्वैतसिद्धिश्चेद् द्वैतं स्याद्धेतुसाध्ययोः ।**
**हेतुना चेद्विना सिद्धिर्द्वैतं वाङ्मात्रतो न किम् ॥२६॥**

**અર્થ**:—હેતુ દ્વારા અદ્વૈતની સિદ્ધિ કરવાથી હેતુ અને સાધ્યના સદ્ભાવમાં દ્વૈતની સિદ્ધિનો પ્રસંગ આવે છે અને જો હેતુ વિના અદ્વૈતની સિદ્ધિ કરવામાં આવે, તો વચનમાત્રથી દ્વૈતની સિદ્ધિ પણ કેમ ન થાય?

**अद्वैतं न विना द्वैतादहेतुरिव हेतुना ।**
**संज्ञिनः प्रतिषेधो न प्रतिषेध्यादृते क्वचित् ॥२७॥**

**અર્થ**:—દ્વૈત વિના અદ્વૈત હોઈ શકે નહિ, જેમ હેતુ વિના અહેતુ હોઈ શકતું નથી. ક્યાંય પણ પ્રતિષેધ્ય વિના સંજ્ઞીનો નિષેધ જોવામાં આવતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पृथक्त्वैकान्तपक्षेऽपि पृथक्त्वादपृथक् तु तौ ।**
**पृथक्त्वे न पृथक्त्वं स्यादनेकस्थो ह्यसौ गुणः ॥२८॥**

અર્થ:—પૃથકત્વ એકાન્ત પક્ષમાં પણ જો દ્રવ્ય, ગુણ આદિ પૃથકત્વ ગુણથી અપૃથક્ હોય તો સ્વમતવિરોધ આવે છે અને જો દ્રવ્ય આદિ પૃથકત્વ ગુણથી જુદા હોય તો તે પૃથકત્વ ગુણ જ રહી શકતો નથી કેમ કે પૃથકત્વ ગુણ અનેક પદાર્થોમાં રહે છે.

**संतानः समुदायश्च साधर्म्यं च निरंकुशः ।**
**प्रेत्यभावश्च तत्सर्वं न स्यादेकत्वनिह्नवे ॥२९॥**

અર્થ:—એકત્વના અભાવમાં સંતાન, સમુદાય, સાધર્મ્ય અને પ્રેત્યભાવ આદિનો પણ અભાવ થઈ જશે.

**सदात्मना च भिन्नं चेज्ज्ञानं ज्ञेयाद् द्विधाप्यसत् ।**
**ज्ञानाभावे कथं ज्ञेय बहिरन्तश्च ते द्विषाम् ॥३०॥**

અર્થ:—જો જ્ઞાન જ્ઞેયથી સત્તાની અપેક્ષાએ પણ પૃથક્ હોય, તો બન્ને અસત થઈ જશે. હે ભગવન્! આપના પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં જ્ઞાનના અભાવમાં બહિરંગ અને અંતરંગ જ્ઞેય કેવી રીતે હોઈ શકે?

**सामान्यार्था गिरोऽन्येषां विशेषां नाभिलप्यते ।**
**सामान्याभावतस्तेषां मृषैव सकला गिरः ॥३१॥**

અર્થ:—કેટલાક લોકો માને છે કે શબ્દ સામાન્યનું કથન કરે છે, શબ્દો દ્વારા વિશેષનું કથન થતું નથી. તેમના મત પ્રમાણે સામાન્ય મિથ્યા હોવાથી સામાન્યનું પ્રતિપાદન કરનારા સર્વ વચનો અસત્ય જ છે.

**विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।**
**अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ॥३२॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—સ્યાદ્વાદ ન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાથી ઉભય એકાન્ત બની શકતું નથી અને અવાચ્યતા એકાન્ત પક્ષમાં પણ 'અવાચ્ય' શબ્દનો પ્રયોગ કરી શકાતો નથી.

अनपेक्षे पृथक्त्वैक्ये ह्यवस्तु द्वयहेतुतः ।
तदेवैक्यं पृथक्त्वं च स्वभेदैः साधनं यथा ।।३३।।

અર્થ:—પરસ્પર નિરપેક્ષ પૃથકત્વ અને એકત્વ બન્ને બે હેતુઓથી અવસ્તુ છે. તે જ વસ્તુ એક પણ છે અને પૃથક્ પણ છે જેમ સાધન એક હોવા છતાં પણ પોતાના ભેદો વડે તે અનેક પણ છે.

सत्सामान्यात्तु सर्वैक्यं पृथग्द्रव्यादिभेदतः ।
भेदाभेदविवक्षायामसाधारणहेतुवत् ।।३४।।

અર્થ:—સત્તા સામાન્યની અપેક્ષાએ બધા પદાર્થ એક છે અને દ્રવ્ય આદિના ભેદથી અનેક છે જેમ અસાધારણ હેતુ ભેદની વિવક્ષાથી અનેક અને અભેદની વિવક્ષાથી એક હોય છે.

विवक्षा चाविवक्षा च विशेष्येऽनन्तधर्मिणि ।
सतो विशेषणस्यात्र नासतस्तैस्तदर्थिभिः ।।३५।।

અર્થ:—વિવક્ષા અને અવિવક્ષા કરનાર વ્યક્તિ અનંત ધર્મ-વાળી વસ્તુમાં વિદ્યમાન વિશેષણની જ વિવક્ષા અને અવિવક્ષા કરે છે, અવિદ્યમાનની નહિ.

प्रमाणगोचरौ सन्तौ भेदाभेदौ न संवृती ।
तावेकत्राविरुद्धौ ते गुणमुख्यविवक्षया ।।३६।।

અર્થ:—હે ભગવન્! આપના મતમાં ભેદ અને અભેદ પ્રમાણના વિષય હોવાથી વાસ્તવિક છે, કાલ્પનિક નથી. ગૌણ અને પ્રધાનની વિવક્ષાથી એક જ વસ્તુમાં તે બન્નેના હોવામાં કોઈ વિરોધ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ત્રીજો અધ્યાય

नित्यत्वैकान्तपक्षेऽपि विक्रिया नोपपद्यते ।
प्रागेव कारकाभावः क्व प्रमाणं क्व तत्फलम् ॥३७॥

અર્થઃ—નિત્યત્વ એકાન્ત પક્ષમાં પણ વિક્રિયા ઉત્પન્ન થઈ શકતી નથી. જ્યાં પહેલાં જ કારકનો અભાવ હોય ત્યાં પ્રમાણ અને પ્રમાણનું ફળ એ બન્ને કયાં બની શકે ?

प्रमाणकारकैर्व्यक्तं व्यक्तं चेदिन्द्रियार्थवत् ।
ते च नित्ये विकार्यं किं साधोः स्ते शासनाद्बहिः ॥३८॥

અર્થ :—જો મહત આદિ વ્યક્ત પદાર્થ પ્રમાણ અને કારકો દ્વારા અભિવ્યક્ત થતા હોય, જેમ કે ઇન્દ્રિયો દ્વારા અર્થ અભિવ્યક્ત થાય છે તો પ્રમાણ અને કારક બન્નેને તેઓ નિત્ય હોવાથી અનેકાન્ત શાસન સિવાય બીજી કોઈ પણ વસ્તુ વિકાર્ય કેવી રીતે હોઈ શકે ?

यदि सत्सर्वथा कार्यं पुंवन्नोत्पत्तुमर्हति ।
परिणामप्रक्लृप्तिश्च नित्यत्वैकान्तबाधिनी ॥३९॥

અર્થ :— જો કાર્ય સર્વથા સત્ હોય તો પુરુષની જેમ તેની ઉત્પત્તિ થઈ શકે નહિ અને ઉત્પત્તિ માન્યા વિના કાર્યમાં પરિણામની કલ્પના કરવી તે નિત્યત્વ એકાન્તને માટે બાધક છે.

पुण्यपापक्रिया न स्यात प्रेत्यभावः फलं कुतः ।
बन्धमोक्षौ च तेषां न येषां त्वं नासि नायकः ॥४०॥

અર્થ :— હે ભગવન્ ! જેના આપ નાયક નથી તે નિત્યત્વ-એકાન્તવાદીઓના મતમાં પુણ્ય–પાપની ક્રિયા, પરલોકગમન, સુખાદિ ફળ, બન્ધ અને મોક્ષ; આ બધું બની શકતું નથી.

क्षणिकैकान्तपक्षेऽपि प्रेत्याभावाद्यसंभवः ।
प्रत्यभिज्ञाद्यभावान्न कार्यारंभः कुतः फलम् ॥४१॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—ક્ષણિક એકાન્ત પક્ષમાં પણ પ્રેત્યભાવ વગેરે બની શકે નહિ. પ્રત્યભિજ્ઞાન આદિનો અભાવ થવાથી કાર્યનો આરંભ પણ બને નહિ. અને કાર્યના અભાવમાં તેનું ફળ કેવી રીતે સંભવી શકે?

यद्यसत्सर्वथा कार्यं तन्माजनि खपुष्पवत् ।
मोपादाननियामोऽभून्माश्वासः कार्यजन्मनि ॥४२॥

અર્થ:—જો કાર્ય સર્વથા અસત્ હોય તો આકાશના પુષ્પની જેમ તેની ઉત્પત્તિ થઈ શકે નહિ તથા કાર્યની ઉત્પત્તિમાં ઉપાદાન કારણનો નિયમ અને વિશ્વાસ પણ થઈ શકે નહિ.

न हेतुफलभावादिरन्यभावादनन्वयात् ।
संतानान्तरवन्नैकः संतानस्तद्वतः पृथक् ॥४३॥

અર્થ:—ક્ષણિક પક્ષમાં અન્વયનો અભાવ હોવાથી કાર્યકારણ-ભાવ આદિ બની શકતા નથી કારણ કે કારણ અને કાર્ય અન્ય સંતાનની જેમ સર્વથા પૃથક્ છે. સન્તાનીથી (સંતાનધારીથી) પૃથક્ કોઈ બીજું સંતાન પણ નથી.

अन्येष्यनन्यशब्दोऽयं संवृतिर्न मृषा कथम् ।
मुख्यार्थः संवृतिर्न स्याद् विना मुख्यान्न संवृतिः ॥४४॥

અર્થ:-જુદી જુદી ક્ષણોમાં અનન્ય શબ્દ (સંતાન) નો વ્યવહાર ઉપચાર છે અને તે ઉપચાર હોવાથી મિથ્યા કેમ ન હોય? મુખ્ય અર્થ ઉપચારરૂપ હોતો નથી અને મુખ્ય અર્થ વિના સંવૃતિ (વ્યવહાર) બની શકતી નથી.

चतुष्कोटेर्विकल्पस्य सर्वान्तेषूक्त्ययोगतः ॥
तत्त्वान्यत्वमवाच्यं चेत्रयोः संतानतद्वतोः ॥४५॥

અર્થ:—સત્ત્વ આદિ બધા ધર્મોમાં ચાર પ્રકારના વિકલ્પ (ભેદ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ શકતા નથી માટે સંતાન અને સંતાનીમાં એકત્વ અને અન્યત્વ અવાચ્ય છે.

**अवक्तव्यचतुष्कोटिविकल्पोऽपि न कथ्यताम् ।**
**असर्वान्तमवस्तु स्यादविशेष्यविशेषणम् ॥४६॥**

અર્થ :—બૌદ્ધોએ વસ્તુમાં સત્ આદિ ચાર પ્રકારના વિકલ્પોને અવકતવ્ય ન કહેવું જોઈએ. જે સર્વ ધર્મરહિત હોય તે અવસ્તુ હોય અને તેમાં વિશેષ્ય-વિશેષણભાવ બની શકે નહિ.

**द्रव्याद्यन्तरभावेन निषेधः संज्ञिनः सतः ।**
**असद्भेदो न भावस्तु स्थानं विधिनिषेधयोः ॥४७॥**

અર્થ :— વિદ્યમાન સંજ્ઞા ( પદાર્થ ) નો બીજા દ્રવ્ય આદિની અપેક્ષાએ નિષેધ થાય છે. જે સર્વથા અસત્ હોય તે વિધિ અને નિષેધનું સ્થાન થઈ શકે નહિ.

**अवस्त्वनभिलाप्यं स्यात् सर्वान्तैः परिवर्जितम् ।**
**वस्त्वेवावस्तुतां याति प्रक्रियाया विपर्ययात् ॥४८॥**

અર્થ :—જે સર્વ ધર્મોથી રહિત છે તે અવસ્તુ છે અને અવસ્તુ હોવાથી તે અવકતવ્ય છે. વસ્તુ જ પ્રક્રિયાના વિપર્યયથી અવસ્તુ થઈ જાય છે.

**सर्वान्ताश्चेदवक्तव्यास्तेषां किं वचनं पुनः ।**
**संवृतिश्चेन्मृषैवैषा परमार्थविपर्ययात् ॥४९॥**

અર્થ:—જો સર્વ ધર્મો અવક્તવ્ય હોય તો તેમનું કથન કેમ કરવામાં આવે છે. જો તેમનું કથન ઉપચારરૂપ હોય તો તે પરમાર્થથી વિપરીત હોવાને લીધે તે મિથ્યા જ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अशक्यत्वादवाच्यं किमभावात्किमबोधतः ।
आद्यन्तोक्तिद्वय न स्यात् किं व्याजेनोच्यतां स्फुटम् ॥५०॥

અર્થ :—તત્ત્વ અવાચ્ય શા માટે છે? શું અશકય હોવાથી અવાચ્ય છે અથવા અભાવ હોવાથી અવાચ્ય છે કે જ્ઞાન ન હોવાથી અવાચ્ય છે? પહેલો અને છેલ્લો વિકલ્પ તો બરાબર નથી. હવે જો અભાવ હોવાથી તત્ત્વ અવાચ્ય હોય તો આવું બહાનું (છળ) કાઢવાથી શો લાભ છે? સ્પષ્ટ કહો કે તત્ત્વનો સર્વથા અભાવ છે.

हिनस्त्यनभिसंधातृ न हिनस्त्यभिसंधिमत् ।
बध्यते तदद्वयापेतं चित्तं बद्धं न मुच्यते ॥५१॥

અર્થ :—હિંસા કરવાનો અભિપ્રાય જેને નથી તે હિંસા કરે છે અને જેને હિંસા કરવાનો અભિપ્રાય છે તે હિંસા કરતો નથી. જેણે હિંસા કરવાનો કોઈ અભિપ્રાય કર્યો નહિ અને હિંસા પણ કરી નહીં, તે ચિત્ત બંધન પામે છે અને જેને બંધન થયું તેની મુક્તિ થતી નથી પરંતુ બીજાની જ મુક્તિ થાય છે.

अहेतुकत्वान्नाशस्य हिंसाहेतुर्न हिंसकः ।
चित्तसन्ततिनाशश्च मोक्षोनाष्टांगहेतुकः ॥५२॥

અર્થ :—વિનાશ અહેતુક (જેનું કોઈ કારણ નથી એવો) હોવાથી હિંસા કરનાર હિંસક બની શકતો નથી અને ચિત્તસંતતિના નાશરૂપ મોક્ષ પણ અષ્ટાંગહેતુક બની શકતો નથી (આઠ અંગરૂપ હેતુઓથી મોક્ષ થાય છે એ વાત પણ બની શકતી નથી.)

विरूपकार्यारंभाय यदि हेतुसमागमः ।
आश्रयिभ्यामनन्योसावविशेषादयुक्तवत् ॥५३॥

અર્થ :—જો વિસદૃશ કાર્યની ઉત્પત્તિ માટે કારણ (હેતુ)નો સમાગમ થતો હોય તો અપૃથક્ પદાર્થોની જેમ નાશ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પાદ અભિન્ન હોવાને લીધે નાશનો હેતુ પણ નાશ અને ઉત્પાદથી અભિન્ન હશે.

स्कन्धसंततयश्चैव संवृतित्वादसंस्कृताः ।
स्थित्युत्पत्तिव्ययास्तेषां न स्युः खरविषाणवत् ।।५४।।

અર્થ:—સ્કંધોની સંતતિ પણ ઉપચારરૂપ હોવાથી અપરમાર્થ-ભૂત છે. તેમનામાં ગધેડાના શિંગડાની જેમ સ્થિતિ, ઉત્પત્તિ કે વ્યય બની શકતા નથી.

विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।
अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ।।५५।।

અર્થ:—સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાને લીધે ઉભય એકાન્ત બની શકતું નથી અને અવાચ્યતા એકાન્ત માનવામાં પણ અવાચ્ય શબ્દનો ઉપયોગ થઈ શકતો નથી.

नित्यं तत्प्रत्यभिज्ञानान्नाकस्मात्तदविच्छिदा ।
क्षणिकं कालभेदात्ते बुद्ध्यसंचरदोषतः ।।५६।।

અર્થ:—પ્રત્યભિજ્ઞાનનો વિષય હોવાને કારણે તત્ત્વ કથંચિત્ નિત્ય છે. પ્રત્યભિજ્ઞાનનો સદ્ભાવ કોઈ કારણ વિના હોતો નથી કારણ કે અવિચ્છિન્નપણે તેનો અનુભવ થાય છે. હે ભગવન્! આપના અનેકાન્તમતમાં કાળભેદ હોવાથી તત્ત્વ કથંચિત્ ક્ષણિક પણ છે. સર્વથા નિત્ય અને સર્વથા ક્ષણિક તત્ત્વમાં બુદ્ધિનો સંચાર થઈ શકતો નથી.

न सामान्यात्मनोदेति न व्येति व्यक्तमन्वयात् ।
व्येत्युदेति विशेषात्ते सहैकत्रोदयादि सत् ।।५७।।

અર્થ:—હે ભગવન્! આપના શાસનમાં વસ્તુ સામાન્યની અપેક્ષાએ ન ઉત્પન્ન થાય છે કે ન નાશ પામે છે. આ વાત સ્પષ્ટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કારણ કે સર્વ અવસ્થાઓમાં તેનો અન્વય જોવામાં આવે છે. તથા વિશેષની અપેક્ષાએ વસ્તુ નાશ પામે છે અને ઉપજે છે. એક વસ્તુમાં એકીસાથે ઉત્પાદ વગેરે ત્રણેનું હોવું તે જ સત્ છે.

कार्योत्पादः क्षयो हेतोर्नियमाल्लक्षणात् पृथक् ।
न तौ जात्याद्यवस्थानादनपेक्षाः खपुष्पवत् ॥५८॥

અર્થ:—એક હેતુનો નિયમ હોવાથી હેતુનો ક્ષય થવો તેનું નામ જ કાર્યનો ઉત્પાદ છે. ઉત્પાદ અને વિનાશ લક્ષણની અપેક્ષાએ પૃથક્–પૃથક્ છે અને જાતિ આદિના અવસ્થાનના કારણે તેમનામાં કોઈ ભેદ નથી. પરસ્પર અપેક્ષા વિના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આકાશના ફૂલની જેમ અવસ્તુ છે.

घटमौलिसुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम् ।
शोकप्रमोदमाध्यस्थ्यं जनो याति सहेतुकम् ॥५९॥

અર્થ:—સુવર્ણના ઘટનો, સુવર્ણના મુગટનો અને કેવળ સુવર્ણનો ઇચ્છુક મનુષ્ય ક્રમશઃ સુવર્ણઘટનો નાશ થતાં શોક, સુવર્ણના મુગટની ઉત્પત્તિ થતાં હર્ષ અને બન્નેય અવસ્થામાં સુવર્ણની સ્થિતિ હોવાથી માધ્યસ્થભાવ પામે છે. અને આ બધું સહેતુક હોય છે.

पयोव्रतो न दध्यत्ति न पयोऽत्ति दधिव्रतः ।
अगोरसव्रतो नोभे तस्मात्तत्त्वं त्रयात्मकम् ॥६०॥

અર્થ:—જેને દૂધ ખાવાનું વ્રત છે તે દહીં ખાતો નથી, જેને દહીં ખાવાનું વ્રત છે તે દૂધ ખાતો નથી અને જેને ગોરસ ન ખાવાનું વ્રત છે તે બન્નેય ખાતો નથી. તેથી તત્ત્વ ત્રણરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચોથો અધ્યાય

कार्यकारणनानात्वं गुणगुण्यन्यतापि च ।
सामान्यतद्वदन्यत्वं चैकान्तेन यदीष्यते ॥६१॥

અર્થ:—( નૈયાયિક-વૈશેષિક ) કાર્ય-કારણમાં, ગુણ-ગુણીમાં અને સામાન્ય-સામાન્યવાનમાં (સામાન્ય-વિશેષમાં ) સર્વથા ભેદ માને છે તે માન્યતા બરાબર નથી.

एकस्यानेकवृत्तिर्न भागाभावाद्बहूनि वा ।
भागित्वाद्वाऽस्य नैकत्वं दोषो वृत्तेरनार्हते ॥६२॥

અર્થ :—એકની અનેકોમાં વૃત્તિ હોઈ શકતી નથી કારણ કે તેના ભાગ ( અંશ ) થતા નથી. જો એકના અનેક ભાગ હોય તો ભાગવાળો હોવાના કારણે તે એક હોઈ શકતો નથી. આ પ્રમાણે અનાર્હત ( અર્હંત સિવાયના ) મતમાં વૃત્તિ-વિકલ્પ દ્વારા અનેક દોષ આવે છે.

देशकालविशेषेऽपि स्याद्वृत्तिर्युतसिद्धवत् ।
समानदेशता न स्यात् मूर्तकारणकार्ययोः ॥६३॥

અર્થ:—જો અવયવ-અવયવી, કાર્ય-કારણ આદિ એક બીજાથી સર્વથા પૃથક્ હોય તો પૃથક્સિદ્ધ પદાર્થોની જેમ ભિન્ન દેશ અને ભિન્ન કાળમાં તેમની સ્થિતિ માનવી પડે કેમકે મૂર્ત કારણ અને કાર્યમાં સમાનદેશતા બની શકતી નથી.

आश्रयाश्रयिभावान्न स्वातन्त्र्यं समवायिनाम् ।
इत्ययुक्तः स सम्बन्धो न युक्तः समवायिभिः ॥६४॥

અર્થ :—જો કહેવામાં આવે કે સમવાયીઓમાં આશ્રય-આશ્રયીભાવ હોવાથી સ્વતંત્રતા નથી તેથી દેશ-કાળ ભેદ નથી તો આમ કહેવું પણ બરાબર નથી કારણ કે જે સમવાયીઓની સાથે જોડાયેલ ન હોય તે સંબંધ હોઈ શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सामान्यं समवायाश्चाप्येकैकत्र समाप्तितः ।**
**अन्तरेणाश्रयं न स्यान्नाशोत्पादिषु को विधिः ॥६५॥**

અર્થઃ—સામાન્ય અને સમવાય પોતપોતાના આશ્રયોમાં પૂર્ણ રૂપે રહે છે અને આશ્રય વિના તેમનો સદ્‌ભાવ હોઈ શકે નહિ. તો પછી નાશ પામનાર અને ઉપજનાર પદાર્થોમાં તેમના રહેવાની વ્યવસ્થા કેવી રીતે બની શકે?

**सर्वथानभिसम्बन्धः सामान्यसमवाययोः ।**
**ताभ्यामर्थो न सम्बद्धस्तानि त्रीणि खपुष्पवत् ॥६६॥**

અર્થ:—સામાન્ય અને સમવાયનો પરસ્પરમાં કોઈ પ્રકારનો સંબંધ નથી. સામાન્ય અને સમવાયની સાથે પદાર્થનો પણ સંબંધ નથી માટે સામાન્ય, સમવાય અને પદાર્થ; એ ત્રણેય આકાશમાં ફૂલની જેમ અવસ્તુ છે.

**अनन्यतैकान्तेऽणूनां संघातेऽपि विभागवत् ।**
**असंहतत्वं स्याद्भुतचतुष्कं भ्रांतिरेव सा ॥६७॥**

અર્થ:—અનન્યતા એકાન્તમાં પરમાણુઓનો સંઘાત થવા છતાં વિભાગની જેમ અન્યત્વ જ રહેશે. અને આમ થતાં પૃથ્વી આદિ ચાર ભૂત ભ્રાન્તિરૂપ જ રહેશે.

**कार्यभ्रान्तेरणुभ्रान्तिः कार्यलिङ्गं हि कारणम् ।**
**उभयाभावतस्तत्स्थं गुणजातीतरच्च न ॥६८॥**

અર્થ:—કાર્ય ભ્રમરૂપ હોવાથી અણુ પણ ભ્રમરૂપ રહેશે. કેમકે કાર્ય દ્વારા કારણનું જ્ઞાન કરવામાં આવે છે તથા કારણ અને કાર્ય બન્નેના અભાવમાં તેમાં રહેનારા ગુણ, જાતિ આદિનો પણ અભાવ થઈ જશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एकत्वेऽन्यतराभावः शेषाभावोऽविनाभुवः ।
द्वित्वसंख्याविरोधश्च संवृतिश्चेन्मृषैव सा ॥६९॥

અર્થ:—કાર્ય અને કારણને સર્વથા એક માનવાથી તેમાંથી કોઈ એકનો અભાવ થઈ જશે અને એકના અભાવમાં બીજાનો પણ અભાવ થશે જ કેમકે તેમની વચ્ચે પરસ્પર અવિનાભાવ છે. વળી એની સંખ્યા માનવામાં પણ વિરોધ થશે. સંવૃતિ (ઉપચાર) મિથ્યા થવાથી દ્વિત્વસંખ્યાને સંવૃતિરૂપ માનવી તે પણ બરાબર નથી.

विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।
अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ॥७०॥

અર્થ :—સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાના કારણે ઉભયૈકાત્મ્ય બની શકતું નથી અને અવાચ્યતા એકાન્તમાં પણ અવાચ્ય શબ્દનો પ્રયોગ કરી શકાતો નથી.

द्रव्यपर्याययोरैक्यं तयोरव्यतिरेकतः ।
परिणामविशेषाच्च शक्तिमच्छक्तिभावतः ॥७१॥

संज्ञासंख्याविशेषाच्च स्वलक्षणविशेषतः ।
प्रयोजनादिभेदाच्च तन्नानात्वं न सर्वथा ॥७२॥

અર્થ :—દ્રવ્ય અને પર્યાયમાં કથંચિત્ ઐકય (અભેદ) છે કેમકે તે બન્નેમાં અવ્યતિરેક પ્રાપ્ત થાય છે. દ્રવ્ય અને પર્યાય કથંચિત્ જુદા પણ છે કેમકે દ્રવ્ય અને પર્યાયમાં પરિણામનો ભેદ છે, શક્તિમાન અને શક્તિભાવનો ભેદ છે, સંખ્યાનો ભેદ છે, સંજ્ઞાનો ભેદ છે, સ્વલક્ષણનો ભેદ છે અને પ્રયોજનનો ભેદ છે. આદિ શબ્દથી કાળાદિના ભેદનું પણ ગ્રહણ કરવામાં આવ્યું છે.

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પાંચમો અધ્યાય

यद्यापेक्षिकसिद्धिः स्यान्न द्वयं व्यवतिष्ठते ।
अनापेक्षिकसिद्धौ च न सामान्यविशेषता ॥७३॥

**અર્થ** :—જો પદાર્થોની સિદ્ધિ આપેક્ષિક થતી હોય તો બન્નેની સિદ્ધિ થઈ શકતી નથી અને અનાપેક્ષિક સિદ્ધિ માનવાથી તેમનામાં સામાન્ય–વિશેષભાવ બની શકતો નથી.

विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।
अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ॥७४॥

**અર્થ** :—સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાના કારણે ઉભયએકાન્ત બની શકતું નથી અને અવાચ્યતા-એકાન્ત પક્ષમાં પણ 'અવાચ્ય' શબ્દનો પ્રયોગ કરી શકાતો નથી.

धर्मधर्म्यविनाभावः सिध्यत्यन्योन्यवीक्षया ।
न स्वरूपं स्वतो ह्येतत् कारकज्ञापकाङ्गवत् ॥७५॥

**અર્થ** :—ધર્મ અને ધર્મીનો અવિનાભાવ જ પરસ્પરની અપેક્ષાથી સિદ્ધ થાય છે, તેમનું સ્વરૂપ નહિ. તે તો કારક અને જ્ઞાપકના અંગોની જેમ સ્વતઃસિદ્ધ છે.

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## છઠ્ઠો અધ્યાય

सिद्धिं चेद्धेतुतः सर्वं न प्रत्यक्षादितो गतिः ।
सिद्धं चेदागमात् सर्वं विरुद्धार्थमतान्यपि ।।७६।।

અર્થ :—જો હેતુથી બધાની સિદ્ધિ થતી હોય તો પ્રત્યક્ષ આદિથી પદાર્થોનું જ્ઞાન ન થવું જોઈએ અને જો આગમથી બધાની સિદ્ધિ થતી હોય તો પરસ્પરવિરુદ્ધ અર્થના પ્રતિપાદક મતોની પણ સિદ્ધિ થઈ જશે.

विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।
अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ।।७७।।

અર્થ :—સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાને લીધે ઉભયએકાન્ત બની શકતું નથી અને અવાચ્યતા એકાન્તમાં પણ 'અવાચ્ય' શબ્દનો પ્રયોગ કરી શકાતો નથી.

वक्तर्यनाप्ते यद्धेतोः साध्यं तद्धेतुसाधितम् ।
आप्ते वक्तरि तद्वाक्यात् साध्यमागमसाधितम् ।।७८।।

અર્થ :—વક્તા આપ્ત ન હોય (વિશ્વાસપાત્ર ન હોય) ત્યારે જે હેતુથી સિદ્ધ કરવામાં આવે છે તે હેતુસાધિત છે અને વકતા આપ્ત હોય ત્યારે તેમના વચનોથી જે સિદ્ધ કરવામાં આવે છે તે આગમસાધિત છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સાતમો અધ્યાય

**अन्तरङ्गार्थतैकान्ते बुद्धिवाक्यं मृषाऽखिलम् ।**
**प्रमाणाभासमेवातस्तत्प्रमाणादृते कथम् ।।७९।।**

અર્થ :--કેવળ અંતરંગ અર્થની જ સત્તા છે એવો એકાન્ત માનવાથી સર્વ બુદ્ધિ અને વાક્ય મિથ્યા થઈ જશે અને મિથ્યા થવાથી તે પ્રમાણાભાસ જ હશે પરંતુ પ્રમાણ વિના કોઈ પ્રમાણાભાસ કેવી રીતે હોઈ શકે?

**साध्यसाधनविज्ञप्तेर्यदि विज्ञप्तिमात्रता ।**
**न साध्यं न च हेतुश्च प्रतिज्ञाहेतुदोषतः ।।८०।।**

અર્થ :--સાધ્ય અને સાધનના જ્ઞાનને જો વિજ્ઞાનમાત્ર જ માનવામાં આવે તો પ્રતિજ્ઞાદોષ અને હેતુદોષના કારણે ન કોઈ સાધ્ય બની શકે અને ન હેતુ (બની શકે.)

**बहिरङ्गार्थतैकान्ते प्रमाणाभासनिह्नवात् ।**
**सर्वेषां कार्यसिद्धिः स्याद्विरुद्धार्थाभिधायिनाम् ।।८१।।**

અર્થ :—કેવળ બહિરંગ અર્થનો જ સદ્ભાવ છે એવું એકાન્ત માનવાથી પ્રમાણાભાસનો લોપ થાય છે તેથી વિરુદ્ધ અર્થનું પ્રતિપાદન કરનાર સર્વ લોકોના કાર્યની સિદ્ધિ થઈ જશે.

**विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।**
**अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ।।८२।।**

અર્થ :—સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાના કારણે ઉભયએકાન્ત બની શકતું નથી અને અવાચ્યતા-એકાન્ત માનવામાં પણ 'અવાચ્ય' શબ્દનો પ્રયોગ કરી શકાતો નથી.

**भावप्रमेयापेक्षायां प्रमाणाभासनिह्नवः ।**
**बहिः प्रमेयापेक्षायां प्रमाणं तन्निभं च ते ।।८३।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—હે ભગવન્! આપના મતમાં ભાવ (જ્ઞાન)ને પ્રમેય માનવાની અપેક્ષાથી કોઈ જ્ઞાન પ્રમાણાભાસ નથી અને બાહ્ય અર્થને પ્રમેય માનવાની અપેક્ષાએ જ્ઞાન પ્રમાણ અને પ્રમાણાભાસ બંને થાય છે.

जीवशब्दः सबाह्यार्थः संज्ञात्वाद्धेतुशब्दवत् ।
मायादिभ्रान्तिसंज्ञाश्च मायाद्यैः स्वैः प्रमोक्तिवत् ॥८४॥

અર્થ :—જીવ શબ્દ સંજ્ઞા શબ્દ હોવાથી હેતુ શબ્દની જેમ બાહ્ય અર્થ સહિત છે. જેમ પ્રમા શબ્દનો બાહ્ય અર્થ પ્રાપ્ત થાય છે તેવી જ રીતે માયા આદિ ભ્રાન્તિની સંજ્ઞાઓ પણ પોતાના ભ્રાન્તિરૂપ અર્થ સહિત હોય છે.

बुद्धिशब्दार्थसंज्ञास्तास्तिस्रो बुद्धयादिवाचकाः ।
तुल्या बुद्धयादिबोधाश्च त्रयस्तत्प्रतिबिम्बकाः ॥८५॥

અર્થ :—બુદ્ધિસંજ્ઞા, શબ્દસંજ્ઞા અને અર્થસંજ્ઞા આ ત્રણે સંજ્ઞાઓ ક્રમશઃ બુદ્ધિ, શબ્દ અને અર્થની સમાનપણે વાચક છે અને તે સંજ્ઞાઓના પ્રતિબિંબસ્વરૂપ બુદ્ધિ આદિનો બોધ પણ સમાનરૂપે થાય છે.

वक्तृश्रोतृप्रमातृणां बोधवाक्यप्रभाः पृथक् ।
भ्रान्तावेव प्रमाभ्रान्तौ बाह्यार्थौ तादृशेतरौ ॥८६॥

અર્થ :—વક્તા, શ્રોતા અને પ્રમાતાને જે બોધ, વાક્ય અને પ્રમા થાય છે તે બધું પૃથક્–પૃથક્ વ્યવસ્થિત છે. પ્રમાણ જો ભ્રમ-રૂપ હોય તો અંતર્જ્ઞેય અને બહિર્જ્ઞેયરૂપ બાહ્ય અર્થ પણ ભ્રમ-રૂપ જ રહેશે.

बुद्धिशब्दप्रमाणत्वं बाह्यार्थे सति नासति ।
सत्यानृतव्यवस्थैवं युज्यतेऽर्थाप्त्यनाप्तिषु ॥८८॥

અર્થ :—બુદ્ધિ અને શબ્દમાં પ્રમાણતા બાહ્ય અર્થના સદ્ભાવમાં જ હોય છે, બાહ્ય અર્થના અભાવમાં નહિ. અર્થની પ્રાપ્તિ હોતાં સત્યની વ્યવસ્થા અને અર્થની પ્રાપ્તિ નહોતાં અસત્યની વ્યવસ્થા થાય છે.

—*—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આઠમો અધ્યાય

दैवादेवार्थसिद्धिश्चेद्दैवं पौरुषतः कथम् ।
दैवतश्चेदनिर्मोक्षः पौरुषं निष्फलं भवेत् ।।८८।।

અર્થઃ—જો દૈવથી જ અર્થની સિદ્ધિ થતી હોય તો પુરુષાર્થથી દૈવની સિદ્ધિ કેવી રીતે થશે અને દૈવથી જ દૈવની સિદ્ધિ માનવાથી કદી પણ મોક્ષ નહિ થાય. પછી મોક્ષપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાનું નિષ્ફળ જ રહેશે.

पौरुषादेवसिद्धिश्चेत् पौरुषं दैवतः कथम् ।
पौरुषाच्चेदमोघं स्यात् सर्वप्राणिषु पौरुषम् ।।८९।।

અર્થ :—જો પુરુષાર્થથી જ અર્થની સિદ્ધિ થતી હોય તો દૈવથી પુરુષાર્થની સિદ્ધિ કેવી રીતે થશે અને પુરુષાર્થથી જ પુરુષાર્થની સિદ્ધિ માનીએ તો સર્વ પ્રાણીઓનો પુરુષાર્થ સફળ થવો જોઈએ.

विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।
अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ।।९०।।

અર્થ :—સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાના કારણે ઉભયએકાન્ત બની શકતું નથી અને અવાચ્યતા-એકાન્તમાં પણ 'અવાચ્ય' શબ્દનો પ્રયોગ કરી શકાતો નથી.

अबुद्धिपूर्वापेक्षायामिष्टानिष्टं स्वदैवतः ।
बुद्धिपूर्वव्यपेक्षायामिष्टानिष्टं स्वपौरुषात ।।९१।।

અર્થ :—કોઈને અબુદ્ધિપૂર્વક જે ઇષ્ટ અને અનિષ્ટ અર્થની પ્રાપ્તિ થાય છે તે પોતાના દૈવથી થાય છે અને બુદ્ધિપૂર્વક જે ઇષ્ટ અને અનિષ્ટ અર્થની પ્રાપ્તિ થાય છે તે પોતાના પુરુષાર્થથી થાય છે.

—*—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## નવમો અધ્યાય

**पापं ध्रुवं परे दुःखात् पुण्यं च सुखतो यदि ।**
**अचेतनाकषायौ च बध्येयातां निमित्ततः ॥९२॥**

અર્થ :—જો પરને દુઃખ દેવાથી પાપનો બંધ નિશ્ચિતપણે થતો હોય અને સુખ દેવાથી પુણ્યનો બંધ થતો હોય તો પરના સુખ અને દુઃખમાં નિમિત્ત બનનાર અચેતન પદાર્થ અને કષાય રહિત જીવને પણ કર્મબંધ થવો જોઈએ.

**पुण्यं ध्रुवं स्वतो दुःखात् पापं च सुखतो यदि ।**
**वीतरागो मुनिर्विद्वांस्ताभ्यां युंज्यान्निमित्ततः ॥९३॥**

અર્થ:—જો પોતાને દુઃખ દેવાથી પુણ્યનો બંધ નિશ્ચતપણે થતો હોય અને સુખ દેવાથી પાપનો બંધ થતો હોય તો વીતરાગ મુનિ અને વિદ્વાન પંડિતને પણ કર્મબંધ થવો જોઈએ કેમકે તેઓ પણ પોતાના સુખ અને દુઃખમાં નિમિત્ત થાય છે.

**विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।**
**अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ॥९४॥**

અર્થ :—સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાના કારણે ઉભયએકાન્ત બની શકતું નથી અને અવાચ્યતા-એકાન્તમાં પણ 'અવાચ્ય' શબ્દનો પ્રયોગ કરી શકાતો નથી.

**विशुद्धिसंक्लेशांङ्गम् चेत् स्वपरस्थं सुखासुखम् ।**
**पुण्यपापास्रवो युक्तो न चेद्व्यर्थस्तवार्हतः ॥९५॥**

અર્થ :— સ્વ અને પરમાં થતું સુખ અને દુઃખ જો વિશુદ્ધિનું અંગ હોય તો પુણ્યનો આસ્રવ થાય છે અને જો સંક્લેશનું અંગ હોય તો પાપનો આસ્રાવ થાય છે. હે ભગવન્! આપના મતમાં જો સ્વ-પરસ્થ સુખ અને દુઃખ વિશુદ્ધિ અને સંક્લેશનું કારણ ન હોય તો પુણ્ય અને પાપનો આસ્રવ વ્યર્થ છે અર્થાત્ તેનું કાંઈ ફળ થતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## દસમો અધ્યાય

अज्ञानाच्चेद्ध्रुवो बन्धो ज्ञेयानन्त्यान्न केवली ।
ज्ञानस्तोकाद्विमोक्षश्चेदज्ञानाद्बहुतोऽन्यथा ॥ ९६ ॥

અર્થ:––જો અજ્ઞાનથી નિયમથી બંધ થતો હોય તો જ્ઞેય અનંત હોવાથી કોઈ પણ જીવ કેવળી થઈ શકે નહિ અને જો અલ્પજ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો ઘણા અજ્ઞાનથી બંધની પ્રાપ્તિ પણ થાય.

विरोधान्नोभयैकात्म्यं स्याद्वादन्यायविद्विषाम् ।
अवाच्यतैकान्तेऽप्युक्तिर्नावाच्यमिति युज्यते ॥९७॥

અર્થ:––સ્યાદ્વાદન્યાય પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં વિરોધ આવવાના કારણે ઉભયએકાન્ત બની શકતું નથી અને અવાચ્યતા-એકાન્તમાં પણ 'અવાચ્ય' શબ્દનો પ્રયોગ કરી શકાતો નથી.

अज्ञानान्मोहिनो बन्धो नाज्ञानाद् वीतमोहतः ।
ज्ञानस्तोकाच्च मोक्षः स्यादमोहान्मोहिनोऽन्यथा ॥९८॥

અર્થ:— મોહ સહિત અજ્ઞાનથી બંધ થાય છે અને મોહ રહિત અજ્ઞાનથી બંધ થતો નથી. એવી જ રીતે મોહ રહિત અલ્પ જ્ઞાનથી મોક્ષ થાય છે પરંતુ મોહસહિત અલ્પજ્ઞાનથી મોક્ષ થતો નથી.

कामादिप्रभवश्चित्रः कर्मबन्धानुरूपतः ।
तच्च कर्म स्वहेतुभ्यो जीवास्ते शुद्ध्यशुद्धितः ॥९९॥

અર્થ:— ઇચ્છા વગેરે જુદા-જુદા પ્રકારના કાર્યોની ઉત્પત્તિ કર્મબંધ અનુસાર થાય છે અને તે કર્મની ઉત્પત્તિ પોતાના હેતુઓથી થાય છે. જેમને કર્મબંધ થાય છે તે જીવ શુદ્ધિ અને અશુદ્ધિના ભેદથી બે પ્રકારના હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धयशुद्धी पुनः शक्ती ते पाक्यापाक्यशक्तिवत् ।
साद्यनादी तयोर्व्यक्ती स्वभावोऽतर्कगोचरः ॥१००॥

અર્થ :— પાકય અને અપાકય ( રંધાવા યોગ્ય અને રંધાવાને અયોગ્ય ) શક્તિની જેમ શુદ્ધિ અને અશુદ્ધિ એ બે શક્તિઓ છે. શુદ્ધિની વ્યક્તિ સાદિ અને અશુદ્ધિની વ્યક્તિ અનાદિ છે કેમ કે સ્વભાવ તર્કનો વિષય નથી.

तत्त्वज्ञानं प्रमाणं ते युगपत्सर्वभासनम् ।
क्रमभावि च यज्ज्ञानं स्याद्वादनयसंस्कृतम् ॥१०१॥

અર્થ :— હે ભગવન્! આપના મતમાં તત્ત્વજ્ઞાનનું નામ પ્રમાણ છે. તત્ત્વજ્ઞાન બે પ્રકારે છે. અક્રમભાવી અને ક્રમભાવી. જે એકસાથે સર્વ પદાર્થોને જાણે છે, એવું કેવળજ્ઞાન અક્રમભાવી છે તથા જે ક્રમપૂર્વક પદાર્થોને જાણે છે એવા મતિ આદિ ચાર જ્ઞાન ક્રમભાવી છે. અક્રમભાવી જ્ઞાન સ્યાદ્વાદરૂપ હોય છે પરંતુ ક્રમભાવી જ્ઞાન સ્યાદ્વાદ અને નય બન્નેરૂપ હોય છે.

उपेक्षाफलमाद्यस्य शेषस्यादानहानधीः ।
पूर्वावाऽज्ञाननाशो वा सर्वस्यास्य स्वगोचरे ॥१०२॥

અર્થ :— પ્રથમ જે કેવળજ્ઞાન છે, તેનું ફળ ઉપેક્ષા છે, અન્ય જ્ઞાનોનું ફળ ગ્રહણ અને ત્યાગની બુદ્ધિ છે અથવા ઉપેક્ષા પણ તેમનું ફળ છે. વાસ્તવમાં પોતાના વિષયમાં અજ્ઞાનનો નાશ થવો તે સર્વ જ્ઞાનોનું ફળ છે.

वाक्येष्वनेकान्तद्योती गम्यं प्रति विशेषणम् ।
स्यान्निपातोऽर्थयोगित्वात्तव केवलिनामपि ॥१०३॥

અર્થ :—હે ભગવન્! આપના મતમાં 'સ્યાત્' શબ્દ અર્થ સાથે સંબદ્ધ હોવાથી 'સ્યાદસ્તિ ઘટઃ' ઈત્યાદિ વાકયોમાં અનેકાન્તનો દ્યોતક બને છે અને ગમ્ય (સાધ્ય) અર્થનું વિશેષણ થાય છે. 'સ્યાત્'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દ નિપાત ( અવ્યય ) છે તથા કેવળીઓ અને શ્રુતકેવળીઓને પણ માન્ય છે.

**स्याद्वादः सर्वथैकान्तत्यागात् किंवृत्तचिद्विधिः ।**
**सप्तभंगनयापेक्षो हेयादेयविशेषकः ॥१०४॥**

અર્થ:—સર્વથા એકાન્તનો ત્યાગ કરીને કથંચિત્ વિધાન–કરવાનું નામ સ્યાદ્વાદ છે. તે સાત ભંગ અને નયોની અપેક્ષા રાખે છે તથા હેય અને ઉપાદેયના ભેદ પણ બતાવે છે.

**स्याद्वादकेवलज्ञाने सर्वतत्त्वप्रकाशने ।**
**भेदः साक्षादसाक्षाच्च ह्यवस्त्वन्यतमं भवेत् ॥१०५॥**

અર્થ:—સર્વ તત્ત્વોના પ્રકાશક સ્યાદ્વાદ અને કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ અને પરોક્ષનો ભેદ છે. જે વસ્તુ બન્ને જ્ઞાનોમાંથી કોઈ પણ જ્ઞાનનો વિષય ન હોય તે અવસ્તુ છે.

**सधर्मणैव साध्यस्य साधर्म्यादविरोधतः ।**
**स्याद्वादप्रविभक्तार्थविशेषव्यञ्जको नयः ॥१०६॥**

અર્થ:—સાધ્યનું સાધર્મ્ય દૃષ્ટાંત સહિત સાધર્મ્ય દ્વારા અને સાધ્યનું વૈધર્મ્ય દૃષ્ટાંત સહિત વૈધર્મ્ય દ્વારા કોઈ પણ વિરોધ વિના જે સ્યાદ્વાદના વિષયભૂત અર્થના વિશેષ ( નિત્યત્વ આદિ )નો વ્યંજક થાય છે, તે નય કહેવાય છે.

**नयोपनयैकान्तानां त्रिकालानां समुच्चयः ।**
**अविभ्राड्भावसम्बन्धो द्रव्यमेकमनेकधा ॥१०७॥**

અર્થ:—ત્રણે કાળનો વિષય કરનાર નયો અને ઉપનયોના વિષયભૂત અનેક ધર્મોના તાદાત્મ્યસંબંધને પ્રાપ્ત સમુદાયનું નામ દ્રવ્ય છે. દ્રવ્ય એક પણ છે અને અનેક પણ.

**मिथ्यासमूहो मिथ्या चेन्न मिथ्यैकान्ततास्ति नः ।**
**निरपेक्षा नया मिथ्या सापेक्षा वस्तु तेऽर्थकृत् ॥१०८॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—કોઈ એકાન્તવાદી કહે છે કે નિત્યત્વ આદિ મિથ્યા ધર્મોના સમુદાયરૂપ દ્રવ્ય પણ મિથ્યા છે પરંતુ સ્યાદ્વાદીઓનાં મતમાં મિથ્યાએકાન્તપણું નથી કેમ કે નિરપેક્ષનય મિથ્યા હોય છે. હે ભગવન્! આપના મતમાં નય પરસ્પર સાપેક્ષ છે અને તેથી તે અર્થક્રિયાકારી વસ્તુ છે.

**नियम्यतेऽर्थो वाक्येन विधिना वारणेन वा ।**
**तथाऽन्यथा च सोऽवश्यमविशेष्यत्वमन्यथा ॥१०९॥**

અર્થ:—અનેકાન્તાત્મક અર્થનું વિધિવાક્ય અને નિષેધવાક્ય દ્વારા નિયમન થાય છે કેમકે અનેકાન્તાત્મક હોવાથી અર્થ વિધિરૂપ પણ છે અને નિષેધરૂપ પણ છે. પરંતુ એનાથી વિપરીત એકાન્ત-રૂપ અર્થ અવસ્તુ છે.

**तदतद्वस्तु वागेषा तदेवेत्यनुशासती ।**
**न सत्या स्यान्मृषावाक्यैः कथं तत्त्वार्थदेशना ॥११०॥**

અર્થ:—વસ્તુ તત્ અને અતત્ (સત્ અને અસત્ આદિ) રૂપ છે. 'અર્થ તત્‌રૂપ (સત્‌રૂપ) જ છે' એમ કહેનારું વચન સત્ય નથી અને અસત્ય વચનો દ્વારા તત્ત્વાર્થનું પ્રતિપાદન કેવી રીતે થઈ શકે?

**वाक्स्वभावोऽन्यवागर्थप्रतिषेधनिरंकुशः ।**
**आह च स्वार्थसामान्यं तादृग्वाच्यं खपुष्पवत् ॥१११॥**

અર્થ:—વચનનો એ સ્વભાવ છે કે તે પોતાના અર્થ-સામાન્યનું પ્રતિપાદન કરતું થકું અન્ય વચનોનાં અર્થનો નિષેધ કરવામાં સ્વતંત્ર હોય છે અને સર્વથા નિષેધરૂપ વચન આકાશના ફૂલની જેમ અવસ્તુ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सामान्यवाग् विशेषे चेन्न शब्दार्थो मृषा हि सा ।**
**अभिप्रेतविशेषाप्तेः स्यात्कारः सत्यलांछनः ॥११२॥**

અર્થ :—'અસ્તિ' આદિ સામાન્ય વચન અન્યાપોહરૂપ (અન્યના નિષેધરૂપ) વિશેષનું પ્રતિપાદન કરે છે એમ માનવું બરાબર નથી કારણ કે અન્યાપોહ શબ્દનો અર્થ (વાચ્ય) નથી. તેથી અન્યાપોહનું પ્રતિપાદન કરનારા વચનો મિથ્યા છે અને અભિપ્રેત અર્થવિશેષની પ્રાપ્તિનું સાચું સાધન સ્યાત્કાર છે. (સ્યાદ્વાદ છે).

**विधेयमीप्सितार्थाङ्ग प्रतिषेध्याविरोधि यत् ।**
**तथैवादेयहेयत्वमिति स्याद्वादसंस्थितिः ॥११३॥**

અર્થ :—પ્રતિષેધ્યનું અવિરોધી જે વિધેય છે તે અભિષ્ટ અર્થની સિદ્ધિનું કારણ છે. વિધેય પ્રતિષેધ્યનું અવિરોધી હોવાના કારણે જ વસ્તુ આદેય અને હેય છે. આ પ્રમાણે સ્યાદ્વાદની સમ્યક્ સ્થિતિ (સિદ્ધિ) થાય છે.

**इतीयमाप्तमीमांसा विहिता हितमिच्छताम् ।**
**सम्यग्मिथ्योपदेशार्थविशेषप्रतिपत्तये ॥११४॥**

અર્થ :—પોતાનું હિત ઇચ્છનારાઓને સમ્યક્ અને મિથ્યા ઉપદેશમાં ભેદવિજ્ઞાન કરાવવા માટે આ આપ્તમીમાંસા બનાવવામાં આવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ॐ

શ્રી સમન્તભદ્રાય નમઃ।

શ્રીમત્સ્વામિ-સમન્તભદ્રાચાર્યવર્ય-પ્રણીત

# શ્રીવીરજિન-ગુણકથા

અપર નામ

# યુક્ત્યનુશાસન

( ઉપજાતિ )

कीर्त्या महत्या भुवि वर्द्धमानं
त्वां वर्द्धमानं स्तुति-गोचरत्वम् ।
निनीषवः स्मो वयमद्य वीरं
विशीर्ण-दोषाऽऽशय-पाश-बन्धम् ॥ १ ॥

**અર્થ** :—હે વીર જિન! આપ દોષો અને દોષાશયોના પાશની પરતંત્રતાથી મુક્ત થયા છો — ભાવકર્મ અને દ્રવ્યકર્મોથી રહિત થયા છો, આપ નિશ્ચતપણે વર્દ્ધમાન થયા છો, અને આપ મહાન કીર્તિથી જગતમાં વર્દ્ધમાન છો તેથી આપને સ્તુતિનું લક્ષ્ય માનીને અમે આપની સ્તુતિ કરવાના અભિલાષી થયા છીએ. ૧.

याथात्म्यमुल्लंघ्य गुणोदयाऽऽख्या
लोके स्तुतिर्भूरि-गुणोदधेस्ते ।
अणिष्ठमप्यंशमशक्नुवन्तो
वक्तुं जिन ! त्वां किमिव स्तुयाम ॥ २ ॥

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—યથાર્થપણાનું ઉલ્લંઘન કરીને ગુણોનાં ઉત્કર્ષનું જે કથન તેને લોકમાં સ્તુતિ કહે છે. પરંતુ હે વીરજિન! અનંત ગુણોના સમુદ્રસ્વરૂપ આપના સૂક્ષ્મથી સૂક્ષ્મ અંશનું પણ કથન કરવાને અમે અસમર્થ છીએ તો અમે કઈ રીતે આપની સ્તુતિ કરી શકીએ? ૨.

तथाऽपि वैयात्यमुपेत्य भक्त्या
स्तोताऽस्मि ते शक्त्यनुरूपवाक्यः ।
इष्टे प्रमेयेऽपि यथास्वशक्ति
किन्नोत्सहन्ते पुरुषाः क्रियाभिः ॥ ३ ॥

અર્થ :—તોપણ હું ભક્તિવશે ધૃષ્ટ બનીને પોતાની શક્તિને અનુરૂપ વાણીદ્વારા આપની સ્તુતિ કરું છું. કોઈ વસ્તુ ઈષ્ટ બને તો પુરુષાર્થી જન પોતાની શક્તિ અનુસાર ક્રિયાઓ-પ્રયત્નો દ્વારા તેની પ્રાપ્તિ માટે શું ઉત્સાહિત નથી થતા? થાય છે જ. ૩.

त्वं शुद्धि-शक्त्योरुदयस्य काष्ठां
तुला–व्यतीतां जिन ! शान्तिरूपाम् ।
अवापिथ ब्रह्म-पथस्य नेता
महानितीयत् प्रतिवक्तुमीशाः ॥ ४ ॥

અર્થ :—હે વીર જિન! આપ ઉપમારહિત, શાંતિસ્વરૂપ શુદ્ધિ અને શક્તિના ઉદયની પરાકાષ્ઠાને—ચરમસીમાને પ્રાપ્ત થયા છો તેથી આપ જ મોક્ષમાર્ગના નેતા છો અને મહાન છો, બસ અમે એટલું જ કહેવાને સમર્થ છીએ. ૪.

कालः कलिर्वा कलुषाऽऽशयो वा
श्रोतुः प्रवक्तुर्वचनाऽनयो वा ।
त्वच्छासनैकाधिपतित्व–लक्ष्मी-
प्रभुत्वशक्तेरपवादहेतुः ॥ ५ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—હે નાથ! આપના શાસનમાં (-અનેકાન્તાત્મક મતમાં) એકાધિપતિત્વરૂપ લક્ષ્મીના સ્વામી થવાની જે શક્તિ છે તેમાં અપવાદનું—એકાધિપત્ય પ્રાપ્ત ન થવાનું—કારણ એક તો કળિકાળ છે, બીજું કારણ વક્તાના વચનની (-ઉપદેશની) અકુશળતા છે અને ત્રીજું કારણ શ્રોતાજનોનું કલુષિત હૃદય છે. ૫.

दया-दम-त्याग-समाधि-निष्ठं
नय-प्रमाण-प्रकृताऽऽञ्जसार्थम् ।
अधृष्यमन्यैरखिलैः प्रवादै—
र्जिन ! त्वदीयं मतमद्वितीयम् ॥ ६ ॥

અર્થ :—હે જિન! આપનો મત—અનેકાન્તાત્મક શાસન—દયા, દમ, ત્યાગ અને સમાધિની નિષ્ઠા—તત્પરતા યુક્ત છે. નયો તથા પ્રમાણો દ્વારા સમ્યક્ વસ્તુસ્વરૂપને બિલ્કુલ સ્પષ્ટ કરે છે અને બીજા બધા પ્રવાદોથી—એકાન્તવાદોથી અબાધ્ય છે તેથી તે અદ્વિતીય છે. ૬.

अभेद—भेदात्मकमर्थतत्त्वं
तव स्वतन्त्राऽन्यतरत्खपुष्पम् ।
अवृत्तिमत्वात्समवाय—वृत्तेः
संसर्गहानेः सकलाऽर्थ—हानिः ॥ ७ ॥

અર્થ :—હે વીરજિન! આપનું અર્થતત્ત્વ અભેદ—ભેદાત્મક છે. અભેદાત્મક તત્ત્વ અને ભેદાત્મક તત્ત્વ બન્નેને સ્વતંત્ર સ્વીકારવાથી પ્રત્યેક આકાશના પુષ્પ સમાન થઈ જાય છે. સમવાય સંબંધને પોતાના સમવાયિઓમાં અન્ય સમવાય આદિ સંબંધથી સંબંધિત ન હોવાને લીધે સંબંધની હાનિ થાય છે અને સંબંધ (સંસર્ગ)ની હાનિ થવાથી સમસ્ત પદાર્થોની હાનિ થાય છે. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावेषु नित्येषु विकारहाने-
र्न कारक-व्यापृत-कार्य-युक्तिः ।
न बन्ध-भोगौ न च तद्विमोक्षः
समन्तदोषं मतमन्यदीयम् ।।८।।

અર્થ :—પદાર્થોને સર્વથા નિત્ય માનવાથી તેમાં વિકારની હાનિ થાય છે-કોઈ પ્રકારનો વિકાર થઈ શકતો નથી, વિકારની હાનિ થવાથી કર્તાદિ કારકોનો વ્યાપાર થઈ શકતો નથી, કારકોના વ્યાપારના અભાવમાં કાર્ય બની શકતું નથી અને કાર્યના અભાવમાં (કાર્યલિંગજન્ય) અનુમાન–યુક્તિનું અસ્તિત્વ બની શકતું નથી, યુક્તિના અભાવમાં (પદાર્થને કૂટસ્થ નિત્ય માનવાથી) બંધ કે ભોગ પણ બની શકતા નથી અને (બંધના અભાવમાં) તેનો મોક્ષ પણ બની શકતો નથી. તેથી હે વીરનાથ! આપના મતથી ભિન્ન બીજાઓના–સર્વથા એકાન્તવાદીઓના–મત સર્વ પ્રકારે દોષરૂપ છે. ૮.

अहेतुकत्व–प्रथितः स्वभाव–
स्तस्मिन् क्रिया-कारक-विभ्रमः स्यात् ।
आबाल–सिद्धेर्विविधार्थ–सिद्धि–
र्वादान्तरं किं तदसूयतां ते ।।९।।

અર્થ :—જો એમ કહેવામાં આવે કે નિત્ય પદાર્થોમાં વિકારી થવાનો સ્વભાવ કોઈ પણ હેતુ વિના જ રહેલો છે તો એવી સ્થિતિમાં ક્રિયા અને કારકનો વિભ્રમ સિદ્ધ થાય છે. વિભ્રમની માન્યતા કરવાથી બીજો વાદ હોવાનો પ્રસંગ આવે છે પરંતુ હે વીરજિન! આપના પ્રત્યે દ્વેષ રાખનારાઓના મતમાં શું વિભ્રમરૂપ આ બીજો વાદ બની શકે છે? ના, કારણ કે અનેક પ્રકારના વાસ્તવિક પદાર્થોની સિદ્ધિ આબાલવૃદ્ધ સૌમાં પ્રસિદ્ધ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



येषामवक्तव्यमिहाऽऽत्म–तत्त्वं
देहादनन्यत्व–पृथक्त्व–क्लृप्तेः ।
तेषां ज्ञ–तत्त्वेऽनवधार्यतत्त्वे
का बन्ध–मोक्ष–स्थितिरप्रमेये ॥१०॥

અર્થ :–નિત્ય આત્મા શરીરથી અભિન્ન છે કે ભિન્ન એવી કલ્પનાથી જેમણે આત્મતત્ત્વને 'અવક્તવ્ય' માન્યું છે તેમના મત પ્રમાણે આત્મતત્ત્વ અનિશ્ચિતસ્વરૂપ થઈ જાય છે અને આત્મતત્ત્વ નિશ્ચિત નહિ રહેવાથી (અપ્રમેય થવાથી) તથા પ્રત્યક્ષાદિ કોઈ પણ પ્રમાણનો વિષય ન રહેવાથી બંધ અને મોક્ષની સ્થિતિ કેવી રીતે બની શકે? બની શકે નહિ. ૧૦.

हेतुर्न दृष्टोऽत्र न चाऽप्यदृष्टो
योऽयं प्रवादः क्षणिकाऽऽत्मवादः ।
'न ध्वस्तमन्यत्र भवे द्वितीये'
सन्तानभिन्ने न हि वासनाऽस्ति ॥११॥

અર્થ :—'પ્રથમ ક્ષણે નાશ પામેલો આત્મા બીજી ક્ષણે વિદ્યમાન રહેતો નથી આવો જે (બૌદ્ધોનો) ક્ષણિકાત્મવાદ છે તે ફક્ત પ્રવાદ–પ્રમાણશૂન્ય પ્રલાપમાત્ર — છે કેમ કે તેનો જ્ઞાપક–અનુમાન કરનાર કોઈ પણ દૃષ્ટ કે અદૃષ્ટ હેતુ બની શકતો નથી. કારણ કે સંતાનભિન્ન ચિત્તમાં તો વાસનાનું અસ્તિત્વ બની શકતું નથી. ૧૧.

तथा न तत्कारण–कार्य–भावो
निरन्वयाः केन समानरूपाः ।
असत्खपुष्पं न हि हेत्वपेक्षं
दृष्टं न सिद्ध्यत्युभयोरसिद्धम् ॥१२॥

અર્થ :—તેવી જ રીતે સંતાનભિન્ન ચિત્તમાં તથા જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિત્તને ક્ષણે ક્ષણે વિનશ્વર સંતાનપરંપરાથી રહિત માનવામાં આવ્યું હોય તેને કોની સાથે સમાનરૂપ કહેવાય ?—એવા ચિત્તમાં કાર્યકારણભાવ પણ બની શકતો નથી, જે અસત્ હોય તે આકાશના ફૂલની પેઠે હેતુની અપેક્ષાવાળું સિદ્ધ થતું નથી કેમકે જે અસત્ હોય અને તે હેતુની અપેક્ષા રાખતું હોય એ વાત વાદી કે પ્રતિવાદી બેમાંથી કોઈ માનતું નથી. ૧૨.

**नैवाऽस्ति हेतुः क्षणिकात्मवादे**
**न सन्नसन्वा विभवादकस्मात् ।**
**नाशोदयैकक्षणता च दुष्टा**
**सन्तान–भिन्न–क्षणयोरभावात् ॥१३॥**

અર્થ:—ક્ષણિકાત્મવાદમાં હેતુ જ બની શકતો નથી કેમકે જો હેતુને સત્રૂપ માનવામાં આવે તો એનાથી વિભવનો પ્રસંગ આવે છે અને તેથી સત્ હેતુ બની શકતો નથી. જો હેતુને અસત્ જ કહેવામાં આવે તો અકસ્માત્ કાર્યોત્પત્તિનો પ્રસંગ આવશે અને તેથી અસત્ હેતુ પણ બનતો નથી. સંતાનની ભિન્ન ક્ષણોમાં નાશ અને ઉદયની એકક્ષણતાનો અભાવ હોવાથી નાશોદયૈકક્ષણતા-રૂપ યુક્તિ પણ સદોષ છે. ૧૩.

**कृत-प्रणाशाऽकृत–कर्मभोगौ**
**स्यातामसञ्चेतित–कर्म च स्यात् ।**
**आकस्मिकेऽर्थे प्रलय-स्वभावे**
**मार्गो न युक्तो वधकश्च न स्यात् ॥१४॥**

અર્થ:—જો પદાર્થને પ્રલયસ્વભાવરૂપ આકસ્મિક માનવામાં આવે તો તેનાથી કરેલા કર્મનું ફળ નાશ પામશે. (જેણે કર્યું તેને ભોગવવું નહિ પડે) અને નહિ કરેલા કર્મનું ફળ ભોગવવાનો પ્રસંગ આવશે. ઉપરાંત કર્મ પણ અસંચેતિત–અવિચારિત માનવું પડશે. એ જ પ્રમાણે પદાર્થ પ્રલય–સ્વભાવરૂપ ક્ષણિક હોવાથી કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માર્ગ (-મોક્ષમાર્ગ) પણ યુક્ત નહિ રહે અને કોઈ વધક-હિંસક પણ સિદ્ધ થશે નહિ. ૧૪.

न बन्ध-मोक्षौ क्षणिकैक-संस्थौ
न संवृतिः साऽपि मृषा-स्वभावा ।
मुख्यादृते गौण-विधिर्न दृष्टो
विभ्रान्त-दृष्टिस्तव दृष्टितोऽन्या ॥१५॥

અર્થ :—બંધ અને મોક્ષ ક્ષણિક એકચિત્તમાં બની શકતા નથી, સંવૃત્તિથી (કલ્પનાથી) પણ તેની (બંધ-મોક્ષની) સિદ્ધિ થતી નથી કેમકે સંવૃત્તિ મૃષા સ્વભાવવાળી છે. વળી ગૌણવિધિ મુખ્ય વિના જોવામાં આવતી નથી, માટે હે વીરજિન! આપની (અનેકાન્ત) દૃષ્ટિથી ભિન્ન જે બીજી દૃષ્ટિ છે તે વિભ્રાન્ત દૃષ્ટિ છે. ૧૫.

प्रतिक्षणं भङ्गिषु तत्पृथक्त्वा-
न्नमातृ-घाती स्व-पतिः स्व-जाया ।
दत्त-ग्रहो नाऽधिगत-स्मृतिर्न
न क्त्वार्थ-सत्यं न कुलं न जातिः ॥१६॥

અર્થ :—ક્ષણે ક્ષણે પદાર્થોને નાશવાન માનવાથી તેઓ પૃથક્ હોવાને કારણે કોઈ માતૃઘાતી બનતો નથી, કોઈ કોઈનો (કુળસ્ત્રીનો) સ્વપતિ બનતો નથી અને ન કોઈ કોઈની સ્વપત્ની (વિવાહિતા સ્ત્રી) ઠરે છે. એ જ પ્રમાણે આપેલા ધનાદિનું પુનઃ ગ્રહણ (પાછા લેવાનું) બની શકતું નથી, ભણેલા શાસ્ત્રોની અર્થ સ્મૃતિ પણ બની શકતી નથી, 'ક્ત્વા' (કરીને) પ્રત્યયનો જે અર્થ છે તે પણ બનતો નથી એવી જ રીતે ન કોઈ કુળ બને છે અને ન કોઈ જાતિ બને છે. ૧૬.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



न शास्तृ-शिष्यादि-विधि-व्यवस्था
विकल्पबुद्धिर्वितथाऽखिला चेत् ।
अतत्त्व-तत्त्वादि-विकल्प-मोहे
निमज्जतां वीत-विकल्प-धीः का ? ॥१७॥

અર્થ :—( ચિત્ત પ્રત્યેક ક્ષણે નિરન્વય નાશ પામે છે એમ માનનારના મતમાં ) શાસ્તા ( -ઉપદેષ્ટા ) અને શિષ્યાદિના સ્વભાવની પણ કોઈ વ્યવસ્થા બની શકતી નથી. આ બધી વિકલ્પ-બુદ્ધિ છે અને બધી વિકલ્પ-બુદ્ધિ મિથ્યા હોય છે એમ માનરાઓના અભિપ્રાયમાં કે જે સ્વયં અતત્ત્વ-તત્ત્વાદિના વિકલ્પ-મોહમાં ડૂબેલા છે, કઈ નિર્વિકલ્પ-બુદ્ધિ બને છે ? કોઈ પણ બની શકતી નથી. ૧૭.

अनर्थिका साधन-साध्य-धीश्चेद्-
विज्ञानमात्रस्य न हेतु-सिद्धिः ।
अथाऽर्थवत्त्वं व्यभिचार-दोषो
न योगि-गम्यं परवादि-सिद्धम् ॥१८॥

અર્થ :—જો સાધ્ય-સાધનની બુદ્ધિ અર્થ રહિત હોય તો વિજ્ઞાનમાત્ર તત્ત્વને સિદ્ધ કરવા માટે જે હેતુ આપવામાં આવે છે તેની સિદ્ધિ બની શકતી નથી અને જ્યાં હેતુ જ સિદ્ધ ન થાય ત્યાં તેનાથી વિજ્ઞપ્તિમાત્રરૂપ સાધ્યની સિદ્ધિ પણ બની શકતી નથી. જો સાધ્ય-સાધનની બુદ્ધિ અર્થવાળી હોય તો એનાથી જ પ્રસ્તુત હેતુમાં વ્યભિચાર દોષ આવે છે. જો વિજ્ઞાનમાત્ર તત્ત્વ યોગીઓને ગમ્ય છે એમ કહેવામાં આવે તો એમ કહેવું બરાબર નથી કેમ કે એ વાત બીજા મતવાળાઓને માન્ય નથી. ૧૮.

तत्त्वं विशुद्धं सकलैर्विकल्पै-
र्विश्वाऽभिलाषाऽऽस्पदतामतीतम् ।
न स्वस्य वेद्यं न च तन्निगद्यं
सुषुप्त्यवस्थं भवदुक्ति-बाह्यम् ॥१९॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—જે તત્ત્વ સમસ્ત વિકલ્પોથી (કાર્ય-કારણ, ગ્રાહ્ય-ગ્રાહક, સાધ્ય-સાધક વિગેરે વિશુદ્ધ (શૂન્ય) છે તે સ્વસંવેદ્ય થઈ શકતું નથી તેમ જ જે તત્ત્વ સમસ્ત કથનપ્રકારોના આશ્રયપણાથી રહિત છે તે કથનને યોગ્ય પણ થઈ શકતું નથી. માટે હે વીર જિન! આપની ઉક્તિથી (સ્યાદ્વાદથી) જે બાહ્ય છે તે સર્વથા એકાન્તરૂપ વિજ્ઞાનાદ્વૈત-તત્ત્વ સુષુપ્તિની અવસ્થા પામેલું છે. ૧૯.

मूकात्म–संवेद्यवदात्म–वेद्यं
तन्म्लिष्ट–भाषा–प्रतिम–प्रलापम् ।
अनङ्ग–संज्ञं तदवेद्यमन्यैः
स्यात् त्वद्द्विषां वाच्यमवाच्य–तत्त्वम् ॥२०॥

અર્થ :—મૂંગા મનુષ્યનું સ્વસંવેદન જેમ આત્મવેદ્ય—પોતાને જ જણાય તેવું—છે તેમ વિજ્ઞાનાદ્વૈતતત્ત્વ પણ આત્મવેદ્ય છે. તેનું કથન મૂંગાની અસ્પષ્ટ ભાષા સમાન પ્રલાપ–માત્ર હોવાથી નિરર્થક છે — તે કથનરૂપ નથી. ઉપરાંત તે અનંગસંજ્ઞ છે — કથનરૂપ નહિ હોવાથી તેનો કોઈ પણ અંગસંજ્ઞા દ્વારા સંકેત આપી શકાતો નથી—અને તેથી તે બીજાઓ દ્વારા અવેદ્ય છે આમ હે વીરજિન! આપના પ્રત્યે દ્વેષ રાખનારાઓનું અવાચ્ય તત્ત્વ શું વાચ્ય થઈ શકે છે? થઈ શકતું નથી. ૨૦.

अशासदञ्जांसि वचांसि शास्ता
शिष्याश्च शिष्टा वचनैर्न ते तैः ।
अहो इदं दुर्गतमं तमोऽन्यत्
त्वया विना श्रायसमार्य ! किं तत् ॥२१॥

અર્થ :—'શાસ્તાએ (બુદ્ધદેવે) અનવદ્ય–નિર્દોષ વચનોનો ઉપદેશ આપ્યો પરંતુ તે વચનોથી તેમના તે શિષ્યો સમજ્યા નહિ' (બૌદ્ધોનું) આ કથન અહો! બીજું ગાઢતમ અંધારું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હે આર્ય – વીરજિન! બીજું કોણ આપના સિવાય કલ્યાણકારક હોઈ શકે? ૨૧.

प्रत्यक्षबुद्धिः क्रमते न यत्र
तल्लिङ्ग–गम्य न तदर्थ–लिङ्गम् ।
बाचो न वा तद्विषयेण योगः
का तद्गतिः ? कष्टमश्रृण्वतां ते ॥२२॥

અર્થ :—જે સંવેદનાદ્વૈતતત્ત્વમાં પ્રત્યક્ષબુદ્ધિ પ્રવૃત્ત થતી નથી તેને જો લિંગગમ્ય માનવામાં આવે તો તેમાં અર્થરૂપ લિંગ બની શકતું નથી અને તે સંવેદનાદ્વૈતરૂપ વિષય સાથે વચન રૂપ પરાર્થનુમાનનો પણ સંબંધ બની શકતો નથી. હવે તે સંવેદનાદ્વૈત તત્ત્વની પ્રતિપત્તિ (જ્ઞાન) કેવી રીતે થઈ શકે? તેથી હે વીરજિન! આપનું ન સાંભળનાર — સ્યાદ્વાદ શાસનનો સ્વીકાર ન કરનાર બૌદ્ધોનું સંવેદનાદ્વૈત દર્શન કષ્ટરૂપ છે. ૨૨.

रागाद्यविद्याऽनल–दीपनं च
बिमोक्ष–विद्याऽमृत–शासनं च ।
न भिद्यते संवृति–वादि–वाक्यं
भवत्प्रतीपं परमार्थ–शून्यम् ॥२३॥

અર્થ :—રાગાદિક અવિદ્યારૂપ અગ્નિના જ્વલનરૂપ વચન તેમ જ વિમોક્ષવિદ્યારૂપ અમૃતશાસનરૂપ સંવૃતિવાદીઓનું વચન; બન્ને પરમાર્થથી શૂન્ય છે કારણ કે તેમાંનું દરેક વાક્ય 'ભવત્પ્રતીપ' છે આપના શાસનથી વિરુદ્ધ છે; તેથી હે નાથ! તે વચનોમાં કોઈ ભેદ (અંતર) બની શકતો નથી. ૨૩.

विद्या–प्रसूत्यै किल शील्यमाना
भवत्यविद्या गुरुणोपदिष्टा ।
अहो त्वदीयोक्त्यनभिज्ञ–मोहो
यज्जन्मने यत्तदजन्मने तत् ॥२४॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ :—હે વીરજિન! આપની કથન શૈલીથી અજાણ જીવોનો આ કેવો મોહ છે કે જે એમ પ્રતિપાદન કરે છે કે 'ગુરુદ્વારા ઉપદેશવામાં આવેલી અવિદ્યા ભાવ્યમાન થઈ નિશ્ચયથી વિદ્યાને જન્મ આપવામાં સમર્થ થાય છે'! કારણ કે જે જેની ઉત્પત્તિ માટે હોય તે તેની અનુત્પત્તિ માટે હોઈ શકે નહિ. ૨૪.

अभावमात्रं परमार्थवृत्तेः
सा संवृतिः सर्व–विशेष–शून्या ।
तस्या विशेषौ किल बन्ध–मोक्षौ
हेत्वात्मनेति त्वदनाथवाक्यम् ।।२५।।

અર્થ :— પરમાર્થવૃત્તિથી તત્ત્વ અભાવમાત્ર છે અને તે પરમાર્થવૃત્તિ સંવૃતિરૂપ છે અને સંવૃતિ સર્વ વિશેષોથી શૂન્ય છે. તે (અવિદ્યાત્મક અને સકળતાત્ત્વિક વિશેષ શૂન્ય) સંવૃતિના જ વિશેષ બંધ અને મોક્ષ છે, તે હેત્વાત્મક છે. હે વીરજિન! જેના આપ નાથ નથી એ એમનું (બૌદ્ધોનું) કથન છે. ૨૫.

व्यतीत–सामान्य–विशेष–भावाद्
विश्वाऽभिलापाऽर्थ–विकल्प–शून्यम् ।
ख–पुष्पवत् स्यादसदेव तत्त्वं
प्रबुद्ध–तत्त्वाद्भवतः परेषाम् ।।२६।।

અર્થ :— હે નાથ! પ્રબુદ્ધતત્ત્વવાળા આપનાથી ભિન્ન એકાન્તવાદીઓનું તત્ત્વ સર્વથા સામાન્યભાવથી રહિત, સર્વથા વિશેષભાવથી રહિત તથા (પરસ્પર સાપેક્ષરૂપ) સામાન્ય વિશેષભાવ બન્નેથી રહિત છે, સંપૂર્ણ અર્થવિકલ્પો અને અભિલાપોથી શૂન્ય હોવાને લીધે તે આકાશના ફૂલની પેઠે અવસ્તુ જ છે. ૨૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अतत्स्वभावेऽप्यनयोरुपाया–
द्गतिर्भवेत्तौ वचनीय–गम्यौ ।
सम्बन्धिनौ चेन्न विरोधि दृष्टं
वाच्यं यथार्थं न च दूषणं तत् ॥२७॥

અર્થ :— જો કોઈ એમ કહે કે શૂન્યસ્વભાવના અભાવરૂપ સત્સ્વભાવરૂપ તત્ત્વ માનવાથી પણ આ (બંધ અને મોક્ષ) બન્નેની ઉપાયથી ગતિ–જ્ઞાન થાય છે, બન્ને વચનીય છે અને ગમ્ય છે, વળી બન્નેય સંબંધી છે, તો આમ કહેવું બરાબર નથી કેમ કે આવું સત્સ્વભાવરૂપ તત્ત્વ દૃષ્ટિગોચર થતું નથી, વિરોધ દેખાય છે. જે યથાર્થ વાચ્ય હોય છે તે દૂષણરૂપ થતું નથી. ૨૭.

उपेय–तत्त्वाऽनभिलाप्यता–वद्–
उपाय–तत्त्वाऽनभिलाप्यता स्यात् ।
अशेष–तत्त्वाऽनभिलाप्यतायां
द्विषां भवद्युक्तयभिलाप्यतायाः ॥२८॥

અર્થ :—હે વીરજિન! આપની યુક્તિની (સ્યાદ્વાદનીતિની) અભિલાપ્યતાના જે દ્વેષી છે તે દ્વેષીઓની આ માન્યતામાં કે – ‘સર્વ તત્ત્વો અનભિલાપ્ય (અવાચ્ય) છે’ – ઉપેયતત્ત્વની અવાચ્યતાની જેમ ઉપાયતત્ત્વ પણ સર્વથા અવાચ્ય (અવક્તવ્ય) થઈ જાય છે. ૨૮.

अवाच्यमित्यत्र च वाच्यभावा–
दवाच्यमेवेत्ययथाप्रतिज्ञम् ।
स्वरूपतश्चेत्पररूपवाचि
स्वरूपवाचीति वचो विरुद्धम् ॥२९॥

અર્થ :—તત્ત્વ અવાચ્ય જ છે એમ કહેવું તે પ્રતિજ્ઞાની વિરુદ્ધ થઈ જાય છે; કેમ કે ‘અવાચ્ય’ આ પદમાં જ વાચ્યનો ભાવ છે. જો એમ કહેવામાં આવે કે તત્ત્વ સ્વરૂપથી અવાચ્ય જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તો 'સર્વ વચન સ્વરૂપવાચક છે' આ કથમ પ્રતિજ્ઞાની વિરુદ્ધ જાય છે અને જો એમ કહેવામાં આવે કે પરરૂપથી તત્ત્વ અવાચ્ય જ છે તો 'સર્વ વચન પરરૂપવાચક છે' આ કથન પ્રતિજ્ઞાની વિરુદ્ધ જાય છે. ૨૯.

सत्याऽनृतं वाऽप्यनृताऽनृतं वा–
ऽप्यस्तीह किं वस्त्वतिशायनेन ।
युक्तं प्रतिद्वन्द्यनुबन्धि–मिश्रं
न वस्तु तादृक् त्वदृते जिनेदृक् ॥ ३० ॥

અર્થ :—કોઈ વચન સત્યાનૃત જ છે, જે પ્રતિદ્વન્દ્વી સાથે મિશ્ર છે, બીજું કોઈ વચન અનૃતાનૃત જ છે જે અનુબંધી સાથે મિશ્ર છે. આમ હે વીરજિન! સ્યાદ્વાદી એવા આપના સિવાય (બીજા એકાન્તવાદીઓનું) વસ્તુના સર્વથા પ્રકારના નિર્દેશથી પ્રવર્તતું જે વચન છે તે શું યોગ્ય છે? યોગ્ય નથી કેમ કે સ્યાદ્વાદથી શૂન્ય તે સર્વથા એકાન્ત વાસ્તવિક નથી. ૩૦.

सह–क्रमाद्वा विषयाऽल्प–भूरि–
भेदेऽनृतं भेदि न चाऽऽत्मभेदात् ।
आत्मान्तरं स्याद्भिदुरं समं च
स्याच्चाऽनृतात्माऽनभिलाप्यता च ॥ ३१ ॥

અર્થ :—વાચ્ય પદાર્થના અલ્પ અને અનલ્પરૂપ ભેદ થતાં અનૃત (અસત્ય) ભેદવાળું થાય છે. આત્મભેદથી અનૃત ભેદવાળું થતું નથી. અનૃતનું જે આત્માન્તર (આત્મવિશેષ લક્ષણ) છે તે ભેદ સ્વભાવવાળું છે અને સમ (અભેદ) સ્વભાવવાળું છે તેમ જ ઉભય સ્વભાવવાળું છે. અનૃતાત્મા અવક્તવ્યતા પ્રાપ્ત છે. (કારણ કે એક સાથે બન્ને ધર્મોનું કથન શક્ય નથી) વળી તે ભેદવાળું અવક્તવ્ય, અભેદવાળું અવક્તવ્ય અને ઉભય (ભેદાભેદ) અવક્તવ્ય-રૂપ પણ છે. ૩૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



न सच्च नाऽसच्च न दृष्टमेक–
मात्मान्तरं सर्व–निषेध–गम्यम् ।
दृष्टं विमिश्रं तदुपाधि-भेदात्
स्वप्नेऽपि नैतत्त्वदृषेः परेषाम् ॥ ३२ ॥

અર્થ:—તત્ત્વ ન તો સતુમાત્ર છે અને ન અસતુમાત્ર છે; કારણ કે પરસ્પર નિરપેક્ષ સતુતત્ત્વ અને અસતુતત્ત્વ દેખાતું નથી. એવી જ રીતે સર્વ ધર્મોના નિષેધના વિષયભૂત કોઈ એક આત્માન્તર (પરમબ્રહ્મ) તત્ત્વ પણ દેખવામાં આવતું નથી. હાં, સત્ત્વ-અસત્ત્વથી વિમિશ્ર પરસ્પર અપેક્ષારૂપ તત્ત્વ જરૂર જોવામાં આવે છે અને તે ઉપાધિના ભેદથી છે. આપ ઋષિરાજથી ભિન્ન જે બીજા સર્વથા સત્ આદિરૂપ એકાન્તવાદી છે તેમના મતમાં આવું વચન અથવા આવું તત્ત્વ સ્વપ્નમાં પણ સંભવિત નથી. ૩૨.

प्रत्यक्ष-निर्देशवदप्यसिद्ध–
मकल्पकं ज्ञापयितुं ह्यशक्यम् ।
विना च सिद्धेर्न च लक्षणार्थो
न तावक-द्वेषिणि वीर ! सत्यम् ॥ ३३ ॥

અર્થ:—જે પ્રત્યક્ષ દ્વારા નિર્દિષ્ટ થતું હોય એવું તત્ત્વ પણ અસિદ્ધ છે કેમકે જે પ્રત્યક્ષ અકલ્પક (નિર્વિકલ્પ) છે તે બીજાઓને તત્ત્વ બતાવવામાં કોઈ પણ રીતે સમર્થ થાય નહિ. એ ઉપરાંત નિર્વિકલ્પ પ્રત્યક્ષ પણ અસિદ્ધ છે કેમકે તેનું જ્ઞાપન અશક્ય છે. પ્રત્યક્ષની સિદ્ધિ વિના તેનો લક્ષણાર્થ પણ બની શકતો નથી માટે હે વીરભગવાન્! આપના અનેકાન્તાત્મક સ્યાદ્વાદ–શાસનનો જે દ્વેષી છે તેમાં સત્ય ઘટી શકતું નથી. ૩૩.

कालान्तरस्थे क्षणिके ध्रुवे वा–
ऽपृथक्पृथक्त्वाऽवचनीयतायाम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विकारहाने न च कर्तृ कार्ये
वृथा श्रमोऽयं जिन ! विद्विषां ते ॥ ३४ ॥

અર્થ:—પદાર્થ કાલાન્તરસ્થાયી હોય તો ભલે તે અભિન્ન હોય, ભિન્ન હોય કે અનિર્વચનીય હોય પણ કર્તા અને કાર્ય બન્નેય એવી જ રીતે નથી બની શકતાં જેવી રીતે પદાર્થ સર્વથા ક્ષણિક અથવા નિત્ય હોવાથી નથી બની શકતાં. કારણ કે ત્યારે વિકાર (પરિણમન) હોતો નથી. તેથી હે વીરજિન! આપના દ્વેષીઓનો આ શ્રમ નિષ્ફળ છે. ૩૪.

मद्याङ्गवद्भूत–समागमे ज्ञः
शक्त्यन्तर–व्यक्तिरदैव–सृष्टिः ।
इत्यात्म–शिश्नोदर–पुष्टि–तुष्टै–
र्निर्ह्रीभयैर्हा ! मृदवः प्रलब्धाः ॥३५॥

અર્થ:—જેમ મદ્યાંગોના સમાગમ (મળવા)થી મદ્ય શક્તિની ઉત્પત્તિ કે પ્રગટતા થાય છે તેવી જ રીતે ભૂતોના (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ તત્ત્વોના) સમાગમથી ચૈતન્ય ઉત્પન્ન અથવા વ્યક્ત થાય છે અને એ બધું શક્તિવિશેષની વ્યક્તિ છે કોઈ દૈવસૃષ્ટિ નથી. આવો જેમનો સિદ્ધાન્ત છે તે પોતાના લિંગ અને ઉદરની પુષ્ટિમાં જ સંતુષ્ટ રહેનારા નિર્લજ્જ અને નિર્ભય જીવો દ્વારા ખરેખર, કોમળબુદ્ધિ (ભોળા) મનુષ્યો છેતરાઈ ગયા છે. ૩૫.

दृष्टेऽविशिष्टे जननादि–हेतौ
विशिष्टता का प्रतिसत्त्वमेषाम् ।
स्वभावतः किं न परस्य सिद्धि–
रतावकानामपि हा ! प्रपातः ॥३६॥

અર્થ:—જો જનનાદિ હેતુ (ચૈતન્યની ઉત્પત્તિના કારણરૂપ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૃથ્વી આદિ ભૂતોનો સમુદાય) અવિશિષ્ટ જોવામાં આવે છે તો પછી આ ચાર્વાકોના મત પ્રમાણે દરેકે દરેક પ્રાણીમાં વિશેષતા કેવી રીતે બની શકે? જો એમ કહેવામાં આવે કે તે વિશિષ્ટતાની સિદ્ધિ સ્વભાવથી જ માનવી. તો પછી ચારે ભૂતોથી ભિન્ન પાંચમા આત્મતત્ત્વની સિદ્ધિ સ્વભાવથી કેમ ન માનવી? (એમાં શી બાધા આવે છે?) આ તત્ત્વાન્તર (આત્મતત્ત્વ)ની સિદ્ધિ ન માનનારા જે આપના મતથી બાહ્ય છે તેમનું અરેરે! આ કેવું પતન થયું છે.! ૩૬.

स्वच्छन्दवृत्तेर्जगतः स्वभावा–
दुच्चैरनाचार–पथेष्वदोषम् ।
निर्घुष्य दीक्षासममुक्तिमाना–
स्त्वद्दृष्टि–बाह्या बत ! विभ्रमन्ते ॥३७॥

**અર્થ:**—સ્વભાવથી જ જગતના પ્રાણીઓમાં સ્વચ્છંદ વૃત્તિ છે માટે જગતમાં ઉચ્ચ પ્રકારના ગણાતા અનાચાર માર્ગોમાં પણ કોઈ દોષ નથી એવી ઘોષણા કરીને દીક્ષાના સમયે જ મુક્તિ થઈ જશે એમ માનનાર અભિમાનીઓ (અથવા દીક્ષાનું નિવારણ કરવા માટે મુક્તિને જે (મીમાંસકો) અમાન્ય કરે છે અને માંસભક્ષણ, મદિરાપાન તથા મૈથુનસેવન જેવા અનાચારના માર્ગોના વિષયમાં સ્વભાવથી જ જગતની સ્વચ્છંદ પ્રવૃત્તિને હેતુ બતાવીને એવી ઘોષણા કરી રહ્યા છે કે તેમાં કોઈ દોષ નથી હે વીર જિન! આપની દૃષ્ટિથી બાહ્ય છે અને (સર્વથા એકાન્તવાદી હોવાથી) કેવળ વિભ્રમમાં પડેલા છે એ અત્યંત ખેદનો વિષય છે! ૩૭.

प्रवृत्ति–रक्तैः शम तुष्टि-रिक्तैः-
रुपेत्य हिंसाऽभ्युदयाङ्ग-निष्ठा ।
प्रवृत्तितः शान्तिरपि प्ररूढं
तमः परेषां तव सुप्रभातम् ॥३८॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—જે લોકો શમ અને તુષ્ટિથી રિક્ત (રહિત) છે, પ્રવૃત્તિમાં ડૂબેલા છે તેમણે (યજ્ઞવાદી મીમાંસકોએ) પ્રવૃત્તિ સ્વયં અપનાવીને, "હિંસા અભ્યુદય (સ્વર્ગાદિ)ના હેતુનો આધાર છે અને તેનાથી શાંતિ પણ થાય છે." એવી જે માન્યતા પ્રચલિત કરવામાં આવી છે તે તેમનો ઘણો ગાઢ અંધકાર છે. તેથી હે વીરજિન! આપનો મત જ સુપ્રભાતરૂપ છે. ૩૮.

शीर्षोपहारादिभिरात्मदुःखै–
र्देवान् किलाऽऽराध्य सुखाभिगृद्धाः ।
सिद्ध्यन्ति दोषाऽपचयाऽनपेक्षा
युक्तं च तेषां त्वमृषिर्न येषाम् ॥३९॥

અર્થ:—જીવાત્મા માટે દુઃખના નિમિત્તભૂત જે શીર્ષોપહારાદિ (પોતાના અથવા બકરાના મસ્તકનું બલિદાન દેવું વગેરે) છે તેના દ્વારા દેવોની આરાધના કરીને એવા લોકો જ સિદ્ધ થાય છે જે દોષોના (રાગાદિના) વિનાશની અપેક્ષા રાખતા નથી અને સુખના (કામ–સુખાદિના) લોલુપી છે અને આ (કાલ્પનિક સિદ્ધિની માન્યતા) તેઓને માટે જ યુક્ત છે કે જેમના ગુરુ હે વીરજિન! આપ નથી. ૩૯.

सामान्य–निष्ठा विविधा विशेषाः
पदं विशेषान्तर–पक्षपाति ।
अन्तर्विशेषान्त–वृत्तितोऽन्यत्
समानभावं नयते विशेषम् ॥४०॥

અર્થ:— જે વિવિધ વિશેષ છે તે બધા સામાન્ય નિષ્ઠ છે. પદ વિશેષાન્તરનો પક્ષપાતી છે. (તે પદ દ્રવ્ય, ગુણ, કર્મ–આ ત્રણ પ્રકારના વિશેષોમાંથી કોઈ એકમાં પ્રવર્તતું થકું બીજા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષણોનો પણ સ્વીકાર કરાવે છે, અસ્વીકાર કરતાં કોઈ એક વિશેષમાં પણ તેની પ્રવૃત્તિ બનતી નથી. વળી તે વિશેષને પ્રાપ્ત કરાવે છે એટલે કે દ્રવ્ય, ગુણ અને કર્મમાંથી એકને પ્રધાનરૂપથી પ્રાપ્ત કરાવે છે, તો બીજાને ગૌણરૂપથી. ) તે પદ વિશેષાન્તરોમાં પોતાની વૃત્તિ હોવાથી, અન્ય વિશેષને સામાન્યરૂપમાં પ્રાપ્ત કરાવે છે. ( આ સામાન્ય તિર્યક્‌સામાન્ય હોય છે. આ રીતે પદ સામાન્ય અને વિશેષ બન્નેને પ્રાપ્ત કરાવે છે—એકને પ્રધાનરૂપથી પ્રકાશિત કરે છે તો બીજાને ગૌણ રૂપથી. વિશેષની અપેક્ષા નહિ રાખતું માત્ર સામાન્ય અને સામાન્યની અપેક્ષા નહિ રાખતું માત્ર વિશેષ,—બન્ને અપ્રતીયમાન હોવાથી અવસ્તુ છે; તેને પદ પ્રકાશિત કરતું નથી. તેથી પરસ્પર નિરપેક્ષ ઉભયને અને અવસ્તુભૂત અનુભયને પણ પદ પ્રકાશિત કરતું નથી. પરન્તુ આ સર્વથા સામાન્ય, સર્વથા વિશેષ, સર્વથા ઉભય અને સર્વથા અનુભયથી વિલક્ષણ સામાન્ય-વિશેષરૂપ વસ્તુને પદ પ્રધાન અને ગૌણભાવથી પ્રકાશિત કરતું થકું યથાર્થતાને પ્રાપ્ત થાય છે, કારણ કે જ્ઞાતાની તે પદથી તે જ રીતે વસ્તુમાં પ્રવૃત્તિ અને પ્રાપ્તિ જોવામાં આવે છે; પ્રત્યક્ષાદિ પ્રમાણોની જેમ. ) ૪૦.

**यदेवकारोपहितं पदं तद्–**<br>
**अस्वार्थतः स्वार्थमवच्छिनत्ति ।**<br>
**पर्याय-सामान्य-विशेष-सर्वं**<br>
**पदार्थहानिश्च विरोधिवत्स्यात् ॥४१॥**

**અર્થ :—** જે પદ જકારથી યુક્ત હોય છે તે અસ્વાર્થથી સ્વાર્થને ( અજીવત્વથી જીવત્વનો ) જુદું પાડે છે તેવી જ રીતે તે પર્યાય, સામાન્ય અને વિશેષ એ બધાને પણ પોતાના વાચ્યાર્થથી ભિન્ન કરે છે અને તેથી વિરોધીની જેમ સ્વાભિધેય પદાર્થની પણ હાનિ થાય છે. ૪૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अनुक्त-तुल्यं यदनेवकारं
व्यावृत्यभावान्नियम-द्वयेऽपि ।
पर्याय-भावेऽन्यतरप्रयोग-
स्तत्सर्वमन्यच्युतमात्म-हीनम् ॥४२॥

અર્થ :—જે પદ જકારથી રહિત છે તે ન કહ્યા બરાબર છે કારણ કે તેનાથી નિયમદ્વય ઈષ્ટ હોવા છતાં પણ વ્યાવૃત્તિનો અભાવ થાય છે (નિશ્ચયપૂર્વક કોઈ પણ વાત ન કહેવાથી પ્રતિપક્ષની નિવૃત્તિ બની શકતી નથી) તથા પદોમાં પરસ્પર પર્યાયભાવ આવી જાય છે, પર્યાયભાવ થતાં પરસ્પર પ્રતિયોગી પદોમાંથી પણ ચાહે તે પદનો કોઈ પ્રયોગ કરી શકે છે અને ચાહે તે પદનો પ્રયોગ થવાથી સંપૂર્ણ અભિધેયભૂત વસ્તુ અન્યથી રહિત થઈ જાય છે અને જે અન્યથી (પ્રતિયોગીથી) રહિત હોય છે તે આત્મહીન થાય છે (પોતાના સ્વરૂપની પ્રતિષ્ઠા કરી શકતું નથી). ૪૨.

विरोधि चाऽभेद्यविशेष-भावात्
तद्द्योतनः स्याद्गुणतो निपातः ।
विपाद्य-सन्धिश्च तथाऽङ्गभावा-
दवाच्यता श्रायस-लोप-हेतुः ॥४३॥

અર્થ :—જો એમ કહેવામાં આવે કે પદ (પોતાના પ્રતિયોગી પદ સાથે સર્વથા) અભેદ છે તો આ કથન વિરોધી છે અથવા એનાથી તે પદનું અભિધેય આત્મહીન જ નહીં પરંતુ વિરોધી પણ થઈ જાય છે કારણ કે કોઈ પણ વિશેષનું—ભેદનું ત્યારે અસ્તિત્વ રહેતું નથી. તે વિરોધી ધર્મનો દ્યોતક ‘સ્યાત્’ નામનો શબ્દ છે જે ગૌણપણે તે ધર્મનું દ્યોતન કરે છે સાથોસાથ તે ‘સ્યાત્’ પદ વિપક્ષભૂત ધર્મની સંધિસ્વરૂપ હોય છે કારણ કે બન્નેમાં અંગપણું છે અને ‘સ્યાત્’ પદ તે બન્ને અંગોને જોડે છે. સર્વથા અવક્તવ્યતા (યોગ્ય નથી કારણ કે) મોક્ષ અથવા આત્મહિતના લોપનું કારણ છે. ૪૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा प्रतिज्ञाऽऽशयतोऽप्रयोगः
सामर्थ्यतो वा प्रतिषेधयुक्तिः ।
इति त्वदीया जिननाग ! दृष्टिः
पराऽप्रधृष्या परधर्षिणी च ॥४४॥

અર્થ:—(શાસ્ત્રમાં અને લોકમાં) તે પ્રકારની પ્રતિજ્ઞામાં અભિપ્રાયવશ દરેક પદમાં 'સ્યાત્' શબ્દનો પ્રયોગ કરવામાં આવતો નથી. અથવા સામર્થ્યથી જ પ્રતિષેધની યુક્તિ (સ્યાદ્વાદીઓને) ઘટિત થઈ જાય છે. આવી રીતે હે જિનનાગ! (જિનોમાં શ્રેષ્ઠ!) આપની દૃષ્ટિ સર્વથા એકાન્તવાદીઓ દ્વારા અબાધિત અને એકાન્તતત્ત્વનો તિરસ્કાર કરનારી છે. ૪૪.

विधिर्निषेधोऽनभिलाप्यता च
त्रिरेकशस्त्रिर्द्विश एक एव ।
त्रयो विकल्पास्तव सप्तधाऽमी
स्याच्छब्द–नेयाः सकलेऽर्थभेदे ॥४५॥

અર્થ:—વિધિ, નિષેધ અને અનભિલાપ્યતા (અવક્તવ્યપણું) સ્યાત્–અસ્તિએવ, સ્યાત્–નાસ્તિએવ, સ્યાત્–અવક્તવ્યમેવ,—આ એક એક કરીને પદના ત્રણ મૂળ વિકલ્પો છે. એના વિપક્ષભૂત ધર્મની સંધિ–સંયોજનારૂપ દ્વિસંયોગજ વિકલ્પ ત્રણ થાય છે (સ્યાત્–અસ્તિનાસ્તિએવ સ્યાત્–અસ્તિ–અવક્તવ્યએવ, સ્યાત્–નાસ્તિ–અવક્તવ્યએવ). અને ત્રિસંયોગ જ વિકલ્પ એક (સ્યાત અસ્તિનાસ્તિ–અવક્તવ્યએવ) થાય છે. આવી રીતે હે વીરજિન! આ સાત વિકલ્પ સર્વ અર્થોમાં – સર્વ જીવાદિ તત્ત્વાર્થ–પર્યાયોમાં આપના શાસનમાં ઘટે છે. અને આ બધા વિકલ્પો 'સ્યાત' શબ્દ દ્વારા નેય (દોરવાયોગ્ય) છે. ૪૫.

स्यादित्यपि स्याद्गुण-मुख्य-कल्पै–
कान्तो यथोपाधि-विशेष-वीक्ष्यः ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तत्त्वं त्वनेकान्तमशेषरूपं
द्विधा भवार्थ–व्यवहारवत्त्वात् ।।४६।।

અર્થ:—નયોની વિવક્ષાથી 'સ્યાત્' (શબ્દ) પણ ગુણ અને મુખ્ય રૂપ સ્વભાવો દ્વારા કલ્પિત એકાન્ત સહિત થઈ જાય છે. કેમ કે તે વિશેષણ અનુસાર ભિન્ન ભિન્ન વિશેષ–ધર્મોનો દ્યોતક થાય છે. (પરંતુ) તત્ત્વ તો અનેકાન્ત છે અને તે અનેકાન્ત પણ અનેકાન્ત-રૂપ છે. તે તત્વ બે પ્રકારે વ્યવસ્થિત છે–એક ભવાર્થવાન્ હોવાથી દ્રવ્યરૂપ અને બીજું વ્યવહારવાન્ હોવાથી પર્યાયરૂપ. (પહેલાને વિધિ કહે છે. બીજાને નિષેધ કહે છે)

न द्रव्य–पर्याय–पृथग्–व्यवस्था
द्वैयात्म्यमेकाऽर्पणया विरुद्धम् ।
धर्मी च धर्मश्च मिथस्त्रिधेमौ
न सर्वथा तेऽभिमतौ विरुद्धौ ।।४७।।

અર્થ:—સર્વથા દ્રવ્યની કોઈ વ્યવસ્થા બની શકતી નથી, સર્વથા પર્યાયની પણ કોઈ વ્યવસ્થા બની શકતી નથી અને ન સર્વથા પૃથક્ભૂત (પરસ્પર નિરપેક્ષ) દ્રવ્ય–પર્યાય બન્નેનીય કોઈ વ્યવસ્થા બની શકે છે. જો સર્વથા દ્વયાત્મક એક તત્ત્વ માનવામાં આવે તો એ સર્વથા દ્વૈયાત્મ્ય એકની અર્પણાની સાથે વિરુદ્ધ બને છે. પરંતુ હે વીરજિન! આપના મતમાં આ ધર્મી અને ધર્મ બન્ને અસર્વથારૂપે ત્રણ પ્રકારના (ભિન્ન, અભિન્ન અને ભિન્નાભિન્ન) માનવામાં આવ્યા છે અને તેથી સર્વથા વિરુદ્ધ નથી. ૪૭.

दृष्टाऽऽगमाभ्यामविरुद्धमर्थ–
प्ररूपणं युक्त्यनुशासनं ते ।
प्रतिक्षणं स्थित्युदय–व्ययात्म–
तत्त्व–व्यवस्थं सदिहाऽर्थरूपम् ।।४८।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થ:—પ્રત્યક્ષ અને આગમથી અવિરુદ્ધ અર્થનું જે પ્રરૂપણ છે તેને યુક્તિ-અનુશાસન કહે છે અને તે જ આપને માન્ય છે. અહીં એક દૃષ્ટાંત આપવામાં આવે છે-અર્થનું રૂપ પ્રત્યેક સમયમાં સ્થિતિ, ઉદય અને વ્યયરૂપ તત્ત્વ-વ્યવસ્થાવાળું છે કેમકે તે સત્ છે. ૪૮.

नानात्मतामप्रजहत्तदेक-
मेकात्मतामप्रजहच्च नाना ।
अङ्गाङ्गि-भावात्तव वस्तु तद्यत्
क्रमेण वाग्वाच्यमनन्तरूपम् ॥४९॥

અર્થ:—હે વીરજિન! આપના શાસનમાં જે વસ્તુ એક છે તે અનેકરૂપતા ત્યાગ નહિ કરતી થકી વસ્તુતત્ત્વને પ્રાપ્ત થાય છે, જે વસ્તુ નાનારૂપ પ્રસિદ્ધ છે તે એકાત્મકતાને નહીં છોડતી થકી જ આપના મતમાં વસ્તુરૂપે માન્ય થાય છે. જે વસ્તુ અનંત રૂપ છે તે અંગ-અંગીભાવને કારણે ક્રમથી વચનગોચર છે. ૪૯.

मिथोऽनपेक्षाः पुरुषार्थ-हेतु-
र्नांशा न चांशी पृथगस्ति तेभ्यः ।
परस्परेक्षाः पुरुषार्थ-हेतु-
र्दृष्टा नयास्तद्वदसि-क्रियायाम् ॥५०॥

અર્થ:— જે અંશ પરસ્પર નિરપેક્ષ છે તે પુરુષાર્થના હેતુ થઈ શકતા નથી, અંશો અંશીથી પૃથક્ નથી. અંશ-અંશીની જેમ પરસ્પર સાપેક્ષ નયો પણ સત્તાલક્ષણરૂપ ક્રિયામાં પુરુષાર્થના હેતુ છે કેમ કે તે રૂપે દેખવામાં આવે છે. ૫૦.

एकान्त-धर्माऽभिनिवेश-मूला
रागादयोऽहंकृतिजा जनानाम् ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एकान्त-हानाच्च स यत्तदेव
स्वाभाविकत्वाच्च समं मनस्ते ॥५१॥

અર્થ :—તે રાગ દ્વેષાદિક એકાન્તધર્મના અભિનિવેશમૂલક હોય છે (રાગદ્વેષાદિનું મૂળ કારણ એકાન્તધર્મનું મિથ્યાશ્રદ્ધાન છે) અને મોહી જીવોના અહંકાર-મમકાર ભાવોથી તે ઉત્પન્ન થાય છે. એકાન્તની હાનિથી તે એકાન્તાભિનિવેશ તે જ અનેકાન્તના નિશ્ચય-રૂપ સમ્યગ્દર્શનને ધારણ કરે છે કે જે આત્માનું વાસ્તવિક રૂપ છે. કારણ કે આ એકાન્તાભિનિવેશના અભાવરૂપ સમ્યગ્દર્શન આત્માનું સ્વાભાવિક રૂપ છે તેથી હે વીર ભગવાન્! આપના યુક્ત્યનુશાસનમાં મનનું સમત્વ બરાબર રીતે ઘટી શકે છે. ૫૧.

प्रमुच्यते च प्रतिपक्ष-दूषी
जिन ! त्वदीयैः पटुसिंहनादैः ।
एकस्य नानात्मतया ज्ञ-वृत्ते-
स्तौ बन्ध-मोक्षौ स्वमतादबाह्यौ ॥५२॥

અર્થ:— જે પ્રતિપક્ષદૂષી (પ્રતિદ્વન્દ્વીનું સર્વથા નિરાકરણ કરનાર એકાન્તાગ્રહી) છે તે તો હે વીરજિન! આપના એકાનેકરૂપતા જેવા કુશળ સિંહનાદોથી મુક્ત કરાય છે કારણ કે પ્રત્યેક વસ્તુ નાનાત્મક છે તેનો નાનાત્મકરૂપે નિશ્ચય જ સર્વથા એકાન્તનું પ્રમોચન છે. માટે બંધ અને મોક્ષ બન્ને પોતાના મતથી (અનેકાન્તથી) બાહ્ય નથી કારણ કે બંધ અને મોક્ષ બન્ને જ્ઞવૃત્તિ છે (બન્ને પ્રવૃત્તિ જ્ઞાતા આત્મામાં જ છે). ૫૨.

आत्मान्तराऽभाव-समानता न
वागास्पदं स्वाऽऽश्रय-भेद-हीना ।



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावस्य सामान्य-विशेषवत्त्वा-
दैक्ये तयोरन्यतरन्निरात्म ॥५३॥

અર્થ:—આત્માન્તરના અભાવરૂપ જે સમાનતા પોતાના આશ્રયરૂપ ભેદોથી રહિત છે તે વચનગોચર થતી નથી. સામાન્ય અને વિશેષ બન્નેની એકરૂપતા સ્વીકારવાથી એકનો અભાવ થતાં બીજાનો પણ અભાવ થઈ જાય છે. ૫૩.

अमेयमश्लिष्टममेयमेव
भेदेऽपि तद्वृत्त्यपवृत्तिभावात् ।
वृत्तिश्च कृत्स्नांश-विकल्पतो न
मानं च नाऽनन्त-समाश्रयस्य ॥५४॥

અર્થ:— ( જો એમ કહેવામાં આવે કે આત્માન્તરાભાવરૂપ —અન્યાપોહરૂપ સામાન્ય વાગાસ્પદ નથી, કારણ કે તે અવસ્તુ છે; પરન્તુ તે સર્તગત સામાન્ય કે જે વિશેષોથી આશ્લિષ્ટ છે— કોઈપણ પ્રકારના ભેદને સાથે રાખેલ નથી—તે જ વાગાસ્પદ છે; તો એવું કહેવું યોગ્ય નથી, કારણ કે ) જે અમેય છે અને અશ્લિષ્ટ છે તે સામાન્ય અમેય જ ( કોઈ પણ પ્રમાણથી જાણી ન શકાય તેવું ) છે. ભેદ માનવા છતાં પણ સામાન્ય પ્રમેય થતું નથી કારણ કે તે દ્રવ્યાદિકોમાં તેની વૃત્તિની અપવૃત્તિ ( વ્યાવૃત્તિ ) નો સદ્ભાવ છે. જો દ્રવ્યાદિ વસ્તુ સાથે સામાન્યની વૃત્તિ માનવામાં આવે તો પણ તે વૃત્તિ ન તો સામાન્યને નિરંશવિકલ્પરૂપ માનીને બની શકે કે ન અંશવિકલ્પરૂપ માનીને બની શકે. જે અનંત વ્યક્તિઓના સમાશ્રયરૂપ છે તે એક ( સત્તા મહાસામાન્ય ) ના ગ્રાહક પ્રમાણનો અભાવ છે. ૫૪.

नाना-सदेकात्म-समाश्रयं चेद्-
अन्यत्वमद्विष्ठमनात्मनोः क्व ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विकल्प–शून्यत्वमवस्तुनश्चेत्
तस्मिन्नमेये क्व खलु प्रमाणम् ॥५५॥

અર્થ:—વિવિધ સત્પદાર્થોનો એક આત્મા જ જેનો સમાશ્રય છે એવું સામાન્ય જો માનવામાં આવે અને તેને જ પ્રમાણનો વિષય બતાવવામાં આવે તો એવી માન્યતાવાળા સામાન્યવાદીઓને આ પ્રશ્ન કરવામાં આવે છે કે તેમનું તે સામાન્ય પોતાની વ્યક્તિથી ભિન્ન છે કે અભિન્ન? જો તે એક સ્વભાવના આશ્રયરૂપ સામાન્ય પોતાની વ્યક્તિઓથી સર્વથા ભિન્ન હોય તો વ્યક્તિઓ અને સામાન્ય બન્નેય અસ્તિત્વવિહીન થતાં તે અન્યત્વગુણ શેમાં રહેશે જેને એકમાં રહેનાર માનવામાં આવ્યો છે? જો સામાન્યને અવસ્તુ (અન્યાપોહરૂપ) જ માનવામાં આવે અને તેને વિકલ્પોથી શૂન્ય માનવા આવે તો તે અવસ્તુરૂપ સામાન્ય અમેય થવાથી પ્રમાણની પ્રવૃત્તિ ક્યાં થાય? ૫૫.

व्यावृत्ति–हीनाऽन्वयतो न सिद्ध्येद्
विपर्ययेऽप्यद्वितयेऽपि साध्यम् ।
अतद्व्युदासाऽभिनिवेश–वादः
पराऽभ्युपेताऽर्थ–विरोध–वादः ॥५६॥

અર્થ:—જો સાધ્યને વ્યાવૃત્તિહીન અન્વયથી (પૃથક્ત્વ વિના કેવળ સત્તાદિરૂપ અન્વય–હેતુથી) સિદ્ધ માનવામાં આવે તો તે સિદ્ધ થતું નથી. જો એનાથી વિપરીત અન્વયહીન વ્યાવૃત્તિથી સાધ્ય સામાન્ય તેને સિદ્ધ માનવામાં આવે તો તે પણ બનતું નથી. જો એમ કહેવામાં આવે કે અન્વય અને વ્યાવૃત્તિ બન્નેથી હીન જે અદ્વિતયરૂપ હેતુ છે તેનાથી સન્માત્રનું પ્રતિભાસન થવાથી સત્તા-દ્વૈતરૂપ સામાન્યની સિદ્ધિ થાય છે તો એમ કહેવું પણ બરાબર નથી. જો અદ્વિતયને સંવિત્તિમાત્ર રૂપે માનીને અસાધનવ્યાવૃત્તિથી સાધનને અને અસાધ્યવ્યાવૃત્તિથી સાધ્યને અતદ્વ્યુદાસાભિનિવેશ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાદના રૂપમાં આશ્રિત કરવામાં આવે તોપણ પરાભ્યુપેતાર્થના વિરોધવાદનો પ્રસંગ આવે છે. ૫૬.

**अनात्मनाऽनात्मगतेरयुक्ति-**
**र्वस्तुन्ययुक्तेर्यदि पक्ष-सिद्धिः ।**
**अवस्त्वयुक्तेः प्रतिपक्ष-सिद्धिः**
**न च स्वयं साधन-रिक्त-सिद्धिः ॥५७॥**

**અર્થ**:—અનાત્મા સાધન દ્વારા તે જ પ્રકારના અનાત્મસાધ્યની જે ગતિ-જાણકારી છે તેની સર્વથા અયુક્તિ છે (તે બનતી જ નથી). જો વસ્તુમાં અનાત્મસાધન દ્વારા અનાત્મસાધ્યની ગતિની અયુક્તિથી પક્ષની સિદ્ધિ માનવામાં આવે તો અવસ્તુમાં સાધન-સાધ્યની અયુક્તિથી પ્રતિપક્ષની-દ્વૈતની પણ સિદ્ધિ થાય. અને જો સાધન વિના સ્વતઃ જ સંવેદનાદ્વૈતરૂપરૂપ સાધ્યની સિદ્ધિ માનવામાં આવે તો તે યોગ્ય નથી. ૫૭.

**निशायितस्तैः परशुः परघ्नः**
**स्वमूर्ध्नि निर्भेद-भयाऽनभिज्ञैः ।**
**वैतण्डिकैर्यैः कुसृतिः प्रणीता**
**मुने ! भवच्छासन-दृक्-प्रमूढैः ॥५८॥**

**અર્થ**:—આમ હે વીર ભગવન્! જે વિતંડા કરનારાઓએ (પરપક્ષના કેવળ દોષ બતાવનારાઓએ) કુત્સિત પ્રતીતિનું કથન કર્યું છે તે આપના શાસનની દૃષ્ટિએ પ્રમૂઢ અને નિર્ભેદના ભયથી અજાણ જીવોએ પરઘાતક કૂહાડાનો પોતાના મસ્તક ઉપર જ પ્રહાર કર્યો છે. ૫૮.

**भवत्यभावोऽपि च वस्तुधर्मो**
**भावान्तरं भाववदर्हतस्ते ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**प्रमीयते च व्यपदिश्यते च**
**वस्तु–व्यवस्थाऽङ्गममेयमन्यत् ॥५९॥**

**અર્થ:**—હે વીર અર્હંન્! આપના મતમાં અભાવ પણ વસ્તુ-ધર્મ છે અને આ બધાનું કારણ એ છે કે અભાવને પ્રમાણથી જાણી શકાય છે, તેનું કથન કરવામાં આવે છે અને વસ્તુવ્યવસ્થાના અંગરૂપે તેનો નિર્દેશ થાય છે. જે અભાવ–તત્ત્વ (સર્વ શૂન્યતા) વસ્તુવ્યવસ્થાનું અંગ નથી તે (ભાવએકાન્તની જેમ) અપ્રમેય જ છે. ૫૯.

**विशेष–सामान्य–विषक्त–भेद–**
**विधि–व्यवच्छेद–विधायि–वाक्यम् ।**
**अभेद–बुद्धेरविशिष्टता स्याद्**
**व्यावृत्तिबुद्धेश्च विशिष्टता ते ॥६०॥**

**અર્થ:**—વાક્ય વિશેષ અને સામાન્યસહિત જે ભેદ છે તેમના વિધિ અને પ્રતિષેધ બન્નેયનું વિધાયક હોય છે. હે વીર જિન! આપના સ્યાદ્વાદ શાસનમાં અભેદબુદ્ધિથી અવિશિષ્ટતા (સમાનતા) હોય છે તેવી જ રીતે ભેદબુદ્ધિથી વિશિષ્ટતાની પ્રાપ્તિ થાય છે. ૬૦.

**सर्वान्तवत्तद्गुण–मुख्य–कल्पं**
**सर्वान्तशून्यं च मिथोऽनपेक्षम् ।**
**सर्वाऽऽपदामन्तकरं निरन्तं**
**सर्वोदयं तीर्थमिदं तवैव ॥६१॥**

**અર્થ:**—હે વીર ભગવન્! આપનું તીર્થ (પ્રવચનરૂપ શાસન) સર્વાન્તવાન્ છે અને ગૌણ તથા મુખ્યની કલ્પના સહિત છે. જે શાસન–વાક્ય (પરમાગમવાક્ય) ધર્મોમાં પરસ્પરની અપેક્ષાનું પ્રતિપાદન નથી કરતું તે સર્વ ધર્મોથી શૂન્ય છે. માટે આપનું જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ શાસનતીર્થ સર્વ દુઃખોનો અંત કરનાર છે, એ જ નિરન્ત છે. (મિથ્યાદર્શન દ્વારા ખંડનીય નથી). અને એ જ સર્વ પ્રાણીઓના અભ્યુદયનું કારણ તથા આત્માના પૂર્ણ અભ્યુદય (વિકાસ) નું સાધક એવું સર્વોદય–તીર્થ છે. ૬૧.

**कामं द्विषन्नप्युपपत्तिचक्षुः**
**समीक्षयतां ते समदृष्टिरिष्टम् ।**
**त्वयि ध्रुवं खण्डित–मान–शृङ्गो**
**भवत्यभद्रोऽपि समन्तभद्रः ॥६२॥**

અર્થઃ—હે વીરજિન! આપના ઇષ્ટ શાસન પ્રત્યે ઇચ્છાનુસાર (ભર પેટ) દ્વેષ રાખનાર મનુષ્ય પણ જો સમદૃષ્ટિ (મધ્યસ્થ વૃત્તિવાળો) થાય છે અને યુક્તિસંગત સમાધાનની દૃષ્ટિથી આપના શાસનનું અવલોકન અને પરીક્ષણ કરે છે તો અવશ્યમેવ તેનું માનરૂપી શ્રૃંગ ખંડિત થઈ જાય છે (સર્વથા એકાન્તરૂપ મિથ્યામતનો આગ્રહ છૂટી જાય છે અને તે અભદ્ર અથવા મિથ્યાદૃષ્ટિ હોવા છતાં પણ સમન્તભદ્ર (સર્વ તરફથી ભદ્રરૂપ)–સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. ૬૨.

(શિખરણી)

**न रागान्नः स्तोत्रं भवति भव–पाश–च्छिदि मुनौ**
**न चान्येषु देषादपगुण–कथाऽभ्यास–खलता ।**
**किमु न्यायाऽन्याय–प्रकृत–गुणदोषज्ञ–मनसां**
**हिताऽन्वेषोपायस्तव गुण–कथा–सङ्ग–गदितः ॥६३॥**

અર્થઃ—હે વીર ભગવન્! અમારું આ સ્તોત્ર આપના જેવા ભવપાશછેદક મુનિ તરફના રાગના કારણે નથી અને બીજાઓ તરફના દ્વેષભાવથી પણ આ સ્તોત્રને કાંઈ સંબંધ નથી. અમે તો દુર્ગુણોની કથાના અભ્યાસને દુર્જનતા માનીએ છીએ. તો પછી આ સ્તુતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવાનો હેતુ અથવા ઉદ્દેશ શો છે? ઉદ્દેશ એ જ છે કે જે લોકો ન્યાય-અન્યાયને જાણવા માટે ઉત્કંઠા ધરાવે છે અને પ્રકૃત પદાર્થોના ગુણ-દોષો જાણવાની જેમની ઇચ્છા છે તેમને માટે આ સ્તોત્ર 'હિતાહિતના અન્વેષણના ઉપાયરૂપ' આપની ગુણગણકથા સાથે કહેવામાં આવ્યું છે. ૬૩.

इति स्तुत्यः स्तुत्यैस्त्रिदश–मुनि–मुख्यैः प्रणिहितैः
स्तुतः शक्त्या श्रेयः पदमधिगतस्त्वं जिन ! मया ।
महावीरो वीरो दुरित–पर–सेनाऽभिविजये
विधेया मे भक्तिं पथि भवत एवाऽप्रतिनिधौ ॥६४॥

અર્થ:—હે વીર જિનેન્દ્ર! કારણ કે આપ મોહાદિરૂપ કર્મ-શત્રુઓની સેનાને પૂર્ણપણે પરાજિત કરવામાં વીર છો, નિઃશ્રેયસ પદને સ્વાધીન કરવાથી મહાવીર છો અને દેવેન્દ્રો તથા મુનિન્દ્રો જેવા સ્વયં સ્તુત્યોં દ્વારા એકાગ્રમનથી સ્તુત્ય છો તેથી જ મારા વડે શક્તિને અનુરૂપ આપની સ્તુતિ કરવામાં આવી છે તેથી આપ આપના આ અપ્રતિનિધિરૂપ માર્ગ-શાસનમાં જ મારી ભક્તિને વિશેષપણે ચરિતાર્થ કરો. ૬૪.

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શુદ્ધિ-પત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૬ | भूतहितने | भूतहितेन |
| ૨ | ૩ | સો | હો |
| ૪ | ૪ | बन्धुवर्ग, श्चकार | बन्धुवर्गश्चकार |
| ૫ | ૬ | ઊંચા | ઊંચી |
| ૧૦ | ૧ | ત્રષા | તૃષા |
| ૧૦ | ૧૩ | અનીતિ | અનીતી |
| ૧૫ | ૫ | સમૂહે | સમૂહો |
| ૧૫ | ૧૪ | કાજ | કાજા |
| ૧૮ | ૨૧ | વણુધારી, | વર્ણધારી, |
| ૧૮ | ૨૨ | પ્રકાશિત | પ્રકાશિત |
| ૨૧ | ૪ | ....मालीढपंदत्वन्यैः | ....मालीढपदं त्वदन्यैः |
| ૨૩ | ૧૬ | સુષ્ટુમતિ; | સુષ્ઠુમતિ; |
| ૨૬ | ૨૫ | માહિ | માંહિ |
| ૨૭ | ૬ | અનુભય | અનુભવ |
| ૨૮ | ૨૪ | तथापि | तथाऽपि |
| ૩૧ | ૩ | આપપાર | આપપર |
| ૩૧ | ૨૫ | समग्रतास्ति | समग्रताऽस्ति |
| ૩૪ | ૧૮ | ખેદ | હૈ ખેદ |
| ૩૫ | ૧૩ | ....ल्पतेर्ममहामुने । | ....ल्पमतेर्महामुने ! |
| ૩૬ | ૯ | સત્ય | સત્વ |
| ૩૬ | ૬ | ચહ | યહ |
| ૪૫ | ૧૪ | સમ્યક્ત | સમ્યત્વ |
| ૪૬ | ૧૬ | नृषा | नृणां |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૮ | ૪ | વિનાશ | વિકાશ |
| ૫૨ | ૧૫ | वागति | वागपि |
| ૫૫ | ૯ | लपुः | वपुः |
| ૫૭ | ૧૩ | કર્મબંધ | કર્મબંધં |
| ૫૮ | ૨૧ | રહૈ; | હૈ; |
| ૬૧ | ૨૫ | धृत | द्युति |
| ૬૮ | ૨૧ | મનારથ | મનોરથ |
| ૬૯ | ૨ | तब | तव |
| ૭૦ | ૮ | ....मसिनो | ...मसि नो |
| ૭૦ | ૧૪ | ...स्वप्यास्त | ....स्वप्यस्ति |
| ૭૪ | ૨૧ | त्रिशेषणन्वा.... | त्रिशेषणत्वा .. |
| ૭૫ | ૨૨ | ....त्तरत्रादि | ....त्तरत्रापि |
| ૭૯ | ૧૧ | બન્નેને તેઓ | બન્નેને |
| ૮૧ | ૬ | હૌય | હોય |
| ૮૨ | ૧૭ | અર્થ:—વિનાશ | અર્થ:—(ક્ષણિક એકાન્તમાં) |
| ૯૧ | ૧૬ | ...क्यप्रभाः | ....क्यप्रमाः |
| ૧૦૬ | ૨૪ | ....मिलाषा.... | ....मिलापा.... |
| ૧૧૦ | ૪ | यथार्थ | यथार्थं |
| ૧૧૦ | ૧૯ | ....मिन्यत्र | ...मित्यत्र |